બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા
ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ
અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

**ઓક્ટોબર-૨૦૨૩**

રબીઉલ્ અવ્વલ - રબીઉલ્ આખર
હિજરી સન : ૧૪૪૫

વર્ષ : ૨૦, અંક : ૧૦, સળંગ અંક : ૨૩૭

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | લોગ આસાન સમઝતે હૈં મુસલમાં હોના | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 09 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 12 |
| 04 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 15 |
| 05 | તઝકેરતુલ અવલિયા હઝરત સહલ બિન અબ્દુલ્લાહ તુસ્તરી رحمۃ اللہ علیہ | 17 |
| 06 | તા'ઝીમે રસૂલ ﷺ | 20 |
| 07 | ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ | 23 |
| 09 | પ્રથમ સદીના મુજદ્દિદ-૪ હઝરત અબૂ મુહમ્મદ અતા બિન અબી રિબાહ رحمۃ اللہ علیہ | 27 |
| 09 | અમલમાં ઈખ્લાસ જરૂરી છે ! | 30 |
| 10 | અગ્યારમી શરીફની હક઼ીક઼ત | 31 |
| 11 | આઝાદીની જંગમાં અહલે સુન્નતના ઉલમાનો રોલ | 39 |
| 12 | શરાબની ભયાનકતા : કુર્આન હદીષ અને મેડિકલની દ્રષ્ટિએ | 43 |
| 13 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


## સરકારે ગૌષે આ'ઝમ નઝરે કરમ

સરકારે ગૌષે આ'ઝમ નઝરે કરમ ખુદારા
મેરા ખાલી કાસા ભર દો મૈં ફકીર હૂં તુમ્હારા
સબકા કોઈ ન કોઈ દુન્યામેં આસરા હૈ
મેરા બજુઝ તુમ્હારે કોઈ નહીં સહારા
ઝોલીકો મેરી ભર દો વરના કહેગી દુન્યા
ઐસે સખીકા મંગતા ફિરતા હૈ મારા મારા
યે અદા-એ-દસ્તગીરી કોઈ મેરે દિલસે પૂછે
વહી આ ગયે મદદકો મૈંને જબ જહાં પુકારા
સિદ્દીક઼ ઉમરકા સદક઼ા ઉષ્માં અલી કા સદક઼ા
મેરી લાજ રખ લો યા ગૌષ મૈં ફક઼ીર હૂં તુમ્હારા
ખ્વાજા પીયાકા સદક઼ા ગંજે શકરકા સદક઼ા
દાતા પીયાકા સદક઼ા અહમદ રઝાકા સદક઼ા
મખ્દૂમ અશરફકા સદક઼ા કલીયર પીયાકા સદક઼ા
મેરી લાજ રખ લો યા ગૌષે મૈં ફક઼ીર હૂં તુમ્હારા
યે તેરા કરમ હૈ યા ગૌષ કે બના લિયા હૈ અપના
કહાં મુઝસા યે કમીના કહા સિલસિલા તુમ્હારા

# લોગ આસાન સમઝતે હૈં મુસલમાં હોના

**તંત્રી લેખ**

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! અલ્લાહનો જેટલો પણ શુક્ર અદા કરીએ કમ છે, આખી જિંદગી સિજદામાં માથુ રાખી ગુજારીએ તો પણ રબનો શુક્ર અદા નથી થઈ શકતો કે તેણે આપણને ઈમાનની દૌલત અતા કરી છે. અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની મહોબ્બત, સહાબા, અહલે બયત, બુઝુર્ગાને દીનથી અક઼ીદત તથા મહોબ્બતથી આપણા દિલો તરબતર છે. અહલે સુન્નત, મસ્લકે આ'લા હઝરતથી મજબૂત લગાવ આપણુ મુક઼દ્દર બનેલું છે. આ સિવાય દુનિયાનું કાંઈ પણ ન મળે તો પણ બસ કહી શકાય છે ! જો કે રબ તઆલાનો ફઝ્લ છે કે આપણને દુનિયામાં પણ ઘણુ બધુ મળી રહ્યું છે. આ દૌલત ઈમાનની એવી છે કે એ સલામત રહેશે તો આપણે યક઼ીનન ! હમેશાંની જન્નતના રહેવાસી થવાના છીએ. ઈત્મિનાન રાખો અને સૌ પ્રથમ પોતાના, પોતાની ઔલાદના, પોતાના કુટુંબના, પોતાના સમાજના તથા સર્વના ઈમાનની સલામતી માટે કોશિશમાં લાગેલા રહો. દુનિયાના કારોબારની સાથોસાથ દીન ઈમાનની ફિકરમાં લાગેલા રહો. એમાં જ આપણી બંને જહાનની કામયાબી સમાયેલી છે. દીન ઈમાનનું મૂલ્ય સમજવું હોય તો સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینની જિંદગીઓનો અભ્યાસ કરો. ઈમાનની સલામતી માટે સહાબાએ કિરામે કેવી કેવી મુસીબતો વેઠી છે તેને ધ્યાનમાં રાખી ઈમાન પર મજબૂત થઈ જાવ.

## સહાબાએ કિરામ કેવા મજબૂત મો'મિન હતા ?

કુર્આને કરીમમાં મો'મિનોની જેટલી ખાસિયતો ખૂબીઓ તથા તેમના અખ્લાક઼ દર્શાવ્યા છે અને તેમના માટે જેટલી ખુશખબરીઓ અઝમતો વર્ણવવામાં આવી છે તે સર્વ ખૂબીઓ ગુણો સર્વ પ્રથમ સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعینના માટે સાબિત થશે, ત્યાર પછી કોઈ અન્ય માટે સાબિત થશે. જો કુર્આન બતાવે છે કે મો'મિનો સાચા છે, નેકોકાર છે, તેમની સાથે અલ્લાહ છે, મો'મિનો માટે મહાન બદલો, મહાન સવાબ છે. મો'મિનો માટે મગફિરત છે, જન્નત છે, હિદાયત છે, ઈજ્જત છે, રાહત છે, મો'મિન રબથી ડરનારા છે, રબ સામે રડનારા, ગદગદ થઈને આજીજી કરનારા છે....આ સર્વ બાબતો સૌ પ્રથમ સહાબા માટે સાબિત થશે પછી અવલિયા, ઉલમા, આબિદો વગેરે માટે થશે. રબ તઆલા તૌફીક઼ આપે કે આપણે સહાબાના નકશે ક઼દમ પર ચાલીએ.

સહાબાએ કિરામે જે માહોલમાં ઈસ્લામ ક઼બૂલ કર્યો એ માહોલમાં ઈસ્લામ ક઼બૂલ કરવો, કલમો પઢવો એ મૌતને, મુસીબતોને દા'વત આપવું હતું. આમ તો જાહેર છે કે, કોણ મુસલમાન એવો હોય જેના દિલમાં એ ખ્વાહિશ ન ઉઠતી હોય કે કાશ ! હું પણ રસૂલે પાક ﷺના હસીનો જમીલ સરાપાની ઝિયારત કરતો. પણ દિલમાં ખયાલ આવે છે કે આપણા જેવા કમજોરોને એ જમાનો નસીબ થાત તો શું આપણે સહાબાની જેમ મુસીબતો વેઠી શક્તા હતા ?! રબ ચાહે તેને શક્તિ આપી દે પણ જાહેરી રીતે જોતાં આપણે એ મુસીબતોના વર્ણનથી ગભરાઈ ઉઠીએ છીએ ! જે મુસીબતો સહાબાએ કિરામે ઈસ્લામ તથા ઈમાનની રાહમાં વેઠી છે. આવો અમુક સહાબાઓના દષ્ટાંતો જોઈ લઈએ અને ઈમાનની મજબૂતી માટે પોતાને તૈયાર કરીએ.

www.barkatekhwaja.net

## સહાબાએ કિરામ જુલ્મો પર સબ્ર કરી ઈમાન પર અડગ રહ્યા

**હઝરત બિલાલ** رضی اللہ عنہ : ઈસ્લામનો કલમો પઢવાના બદલામાં હઝરત બિલાલ رضی اللہ عنہને કાફિરો લોખંડનું બખ્તર પહેરાવીને સખત તડકામાં રાખી દેતા, છોકરાં તેમને મક્કાની પહાડીઓમાં ઘસેડતા ફરતા છતાં તેમની ઈમાની શક્તિમાં કોઈ પ્રકારની રજમાત્ર કમજોરી ન આવી.

**હઝરત ખબ્બાબ** رضی اللہ عنہ : એ ઉમ્મે અન્સારના ગુલામ હતા. તે ઈસ્લામ લાવ્યા તો ઉમ્મે અન્સારે લોખંડ ગરમ કરીને તેમના માથા પર રાખ્યું. એક દિવસે હઝરત ઉમર رضی اللہ عنہએ તેમની પીઠ જોઈ તો કહ્યું, આજ સુધી આવી પીઠ મારી નજર નથી આવી. હઝરત ખબ્બાબ رضی اللہ عنہએ જવાબ આપ્યો કે કાફિરોએ આગના અંગારાઓ પર સૂવડાવીને મને ઘસેડયો હતો.

**હઝરત સુહૈબ હઝરત અમ્માર** رضی اللہ عنہما : ને કાફિરો લોખંડનું બખ્તર પહેરાવીને તાપ તડકામાં છોડી આપતા હતા. છતાં તાપ તડકાની ગરમીથી તેમની ઈમાની ઉષ્મામાં કોઈ કમી આવતી ન હતી.

**હઝરત અબૂ ફકિયહ** رضی اللہ عنہ : ના પગોમાં બેડીઓ નાખીને તડકામાં સૂવડાવી દેતા હતા પછી પીઠ પર પથ્થરની શીલાઓ રાખી દેતા હતા, ત્યાં સુધી કે આપ બેહોશ થઈ જતા. એક દિવસ ઉમૈયાએ પગોમાં રસ્સી બાંધી અને માણસોને તેમને ઘસેડવાનો હુકમ આપ્યો. સંજોગોવસાત રસ્તામાં એક છાણનો કીડો જઈ રહ્યો હતો, તો ઉમૈયાએ મજાક કરતાં કહ્યું, ''તારો પરવરદિગાર આ તો નથી ?!'' બોલ્યા, ''મારો અને તારો પરવરદિગાર અલ્લાહ તઆલા છે.'' એના પર તેણે જોરથી તેમનુ ગળુ ઘોંટી દીધું.

**હઝરત સુમૈયા** رضی اللہ عنہا : હઝરત અમ્મારનાં વાલિદા હતાં. એક દિવસે કાફિરોએ તેમને તડકામાં સૂવડાવી દીધાં હતાં. એ જ હાલતમાં નબી પાક ﷺ પસાર થયા તો ફર્માવ્યું, ''સબ્ર કરો ! સબ્ર કરો ! તમારું ઠેકાણુ, જન્નતમાં છે.'' અબૂ જહલને એના પર પણ સંતોષ ન થયો અને બદ્‌બખ્તે તેણીને બરછી મારીને શહીદ કરી દીધાં. જેથી ઈસ્લામમાં સૌ પ્રથમ શહાદતનો શરફ તેણીને જ નસીબ થયો.

**હઝરત ઉમર** رضی اللہ عنہ**નાં બહેન** : જ્યારે ઈસ્લામ સ્વીકારે છે તો હઝરત ઉમરે (જ્યારે ઉમર હજી ઈમાન લાવ્યા ન હતા) આપને એટલાં માર્યાં કે આખુ શરીર લોહી લુહાણ થઈ ગયું. પરંતુ તેણીએ સ્પષ્ટ શબ્દોમાં કહી આપ્યું કે જે કાંઈ કરવાનું હોય કરો હું તો ઈસ્લામ હવે છોડવાની નથી !

**હઝરત અબૂઝર ગફ્ફારી** رضی اللہ عنہ : એ જ્યારે ખાનએ કા'બામાં ઈસ્લામ લાવવાનું એલાન કર્યું તો તેમના પર કાફિરો તૂટી પડયા અને મારતાં મારતાં જમીન પર સૂવાડી દીધા.

**હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ** رضی اللہ عنہ : એ જ્યારે શરૂ શરૂમાં ખાનએ કા'બામાં કુર્આન મજીદની અમુક આયતો મોટા અવાજે પઢી તો કાફિરોએ તેમને એટલા પ્રમાણમાં માર્યા કે ચહેરા પર નિશાન પડી ગયાં. પરંતુ તેમણે સહાબાને કહ્યું કે, ''જો કહો તો કાલે ફરી એ જ પ્રમાણે મોટા અવાજે કુર્આનની તિલાવત કરું.''

આ તકલીફો ઉપરાંત કાફિરો એ ગરીબોને અન્ય વિવિધ તરીકાઓ વડે સતાવતા હતા. પાણીમાં ડૂબકીઓ મરાવતા હતા, મારતા હતા, ભૂખા તરસ્યા રાખતા હતા, ત્યાં સુધી કે કમજોરીમાં બિચારા બેસી શકતા ન હતા. આ તે લોકો હતા જેમનામાં મોટાભાગના ક્યાં લોડી કે ગુલામ હતા અથવા ગરીબ હતા, પરંતુ તેમના સિવાય ઘણા માલદાર તથા ઈજ્જતદાર લોકો પણ કાફિરોના જુલ્મો સિતમથી મહેફૂઝ ન રહી શકયા.

**હઝરત ઉષ્માન** رضی اللہ عنہ : ખૂબ જ ઈજ્જતદાર શખ્સ હતા પરંતુ જ્યારે ઈસ્લામ લાવ્યા તો ખુદ તેમના કાકાએ તેમને રસ્સી વડે બાંધી દીધા.

**હઝરત ઝુબેર ઈબ્ને અવામ** رضی اللہ عنہ : ઈસ્લામ લાવ્યા તો તેમના કાકા તેમને ચટાઈમાં લપેટીને સૂવાડી દેતા હતા પછી નીચેથી તેમના નાકમાં ધૂમાડો આપતા હતા.

**હઝરત સઈદ બિન ઝયદ** رضی اللہ عنہ : જે હઝરત ઉમરના પિત્રાઈ ભાઈ જ્યારે ઈમાન લાવ્યા તો હઝરત ઉમરે તેમને રસ્સીઓથી બાંધી દીધા હતા.

**હઝરત અમ્મારા બિન અબી રબીઅહ તથા હઝરત સલમા બિન હિશામ** رضی اللہ عنہما : જ્યારે ઈમાન લાવ્યા તો કાફિરોએ બંનેના પગોને એક સાથે બાંધી દીધા હતા.

**હઝરત અબૂબક્ર** رضی اللہ عنہ : ઈસ્લામ લાવ્યા તો એક તક્રીર થકી ઈસ્લામની દા'વત આપી. કાફિરોએ તેમને એટલા પ્રમાણમાં માર્યા કે મૃત્યુના નજીક પહોંચી ગયા અને તેમના કબીલાવાળા તેમને એક કપડામાં લપેટીને ઘરે લઈ ગયા. સાંજના સમયે તેમની ઝબાન ખુલી તો પોતાની તકલીફ વર્ણન કરવાના બદલે આપે હુઝૂર ﷺનો હાલ પૂછયો તો હવે તેમના કબીલાવાળા પણ તેમનાથી દૂર થઈ ગયા. પરંતુ આપે પોતાના એ મહબૂબ ﷺનું રટણ ચાલુ રાખ્યું તો છેવટે લોકોએ તેમને હુઝૂર ﷺ સુધી પહોંચાડી આપ્યા. નબી કરીમ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء એ આપની આ હાલત જોઈ તો તેમના ઉપર ઝુકી ગયા, તેમનો બોસો લીધો અને ખૂબ જ લાગણી પ્રદર્શિત કરી.

**હઝરત ઉમ્મે શરીક** رضی اللہ عنہا : ઈમાન લાવ્યાં તો તેમના સગાં સંબંધીઓએ તેમને તડકામાં ઉભાં કરી દીધાં અને એ હાલતમાં રોટલીની સાથે મધ જેવી ગરમ ચીજ ખવડાવતા હતા અને પાણી પણ પીવડાવતા ન હતા. જ્યારે આ રીતે ત્રણ દિવસ વહી ગયા તો જાલિમોએ કહ્યું કે જે મઝહબ પર તમે છો તે છોડી દો. તેણી એટલા પ્રમાણમાં હોશ ગુમાવી ચૂક્યાં હતાં કે તેમની વાત સમજી ન શક્યાં, તે લોકોએ આકાશ તરફ આંગળી ઉઠાવીને બતાવ્યું તો સમજ્યાં કે તૌહીદનો ઈન્કાર કરવા કહે છે, ત્યારે બોલ્યાં, ''ખુદાની કસમ ! એ જ અક્રીદા પર ક્રાયમ છું.''

## ઈમાનને ખાતર સગાં સંબંધીઓને છોડી આપ્યાં !

સહાબાએ કિરામે ઈમાનને ખાતર કેવળ શારીરિક તકલીફોનો જ સામનો નથી કરવો પડયો બલ્કે પોતાનાં સગાં વહાલાના સંબંધોની કુર્બાની આપવી પડી, ભાઈ બહેન છોડવાં પડયાં, મા બાપે મોં ફેરવી લીધાં, બીબી બચ્ચાં નારાજ થઈ ગયાં, પણ સહાબાએ કિરામના કદમ પાછા ન હટયા, જ્યારે માનવ સ્વભાવ ભૂખ, તરસ, બીમારી વગેરે તકલીફો વેઠી શકે છે પરંતું ખૂનનો સંબંધ નથી તોડી શકતો. પરંતુ સહાબાએ રસૂલુલ્લાહ ﷺથી સંબંધ જોડવા માટે સર્વ સંબંધો તોડી નાખ્યા ! વળી એટલુ જ નહીં કે ઈમાનને ખાતર ખૂની સંબંધો જ તોડી નાખ્યા બલ્કે એવું પણ બન્યું કે સગાંઓએ પોતાના હાથો વડે કોરડા માર્યા, શરીર પરનાં કપડાં પર ઉતારી લીધાં, હાથો પગોમાં જંઝીર નાખી દીધી અને ખાવા પાણી બંધ કરી દીધું. જેમ કે :–

હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ જ્યારે ઈમાન લાવ્યા તો તેમની માએ કસમ ખાધી કે જ્યાં સુધી તે ઈસ્લામને નહીં છોડે ત્યાં સુધી તેણી તેમની સાથે ન વાતચીત કરશે, ન ખાવા ખાશે, ન પાણી પીશે. જેથી તેણીની હાલત ત્રીજા દિવસે ભૂખે તરસે રહેવાથી બેહોશ થઈ ગઈ પરંતુ હઝરત સઅદ પર તેની કોઈ અસર ન થઈ, અને તેમણે પોતાની માને સ્પષ્ટપણે કહી આપ્યું કે, જો તમારા શરીરમાં હજારો જાનો હોય અને એક એક કરીને દરેક

જાન નીકળી જાય તો પણ હું આ દીન છોડીશ નહીં."

હઝરત ખાલિદ બિન સઈદ رضی اللہ عنہ ઈમાન લાવ્યા તો તેમના બાપે તેમને ખૂબ જ ધમકાવ્યા, કોરડા માર્યા, કેદ કર્યા, ખાવાપાણી બંધ કરી દીધું અને પોતાના બીજા પુત્રોને તેમની સાથે વાતચીત કરવાથી મના કરી આપ્યું, પરંતુ તેમણે હુઝૂર ﷺનો કલમો ન છોડયો અને છેવટે હબ્શાની તરફ હિજરત કરી ગયા.

સુલહે હુદૈબિયા પછી જ્યારે આયત નાઝિલ થઈ : وَلَا تُمۡسِكُوۡا بِعِصَمِ الۡكَوَافِرِ (કાફિરા સ્ત્રીઓને નિકાહમાં ન રાખો. સૂરએ મુમ્તહિના, ૬૦/૧૦) અને એના થકી સહાબાને હુકમ થયો કે મક્કામાં તેમની જે કાફિરા પત્નીઓ છે તેમને છોડી આપો. તો હઝરત ઉમર رضی اللہ عنہએ એ જ વખતે પોતાની બે કાફિરા પત્નીઓને તલાક઼ આપી દીધી. ઘણી બધી સહાબી સ્ત્રીઓએ પોત પોતાના પતિઓને છોડીને હિજરત કરી. તેમનામાંથી એક પણ પોતાના દીનથી હટી નહીં. હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે, "અમને એવી મુહાજિર સ્ત્રીઓનો હાલ માલૂમ નથી જે ઈમાન લાવીને ફરી મુર્તદ થઈ ગઈ હોય."

## ઈમાનને ખાતર ગરીબી તથા ભૂખમરો વેઠયો

શારીરિક તકલીફો તથા સગાં સંબંધી છોડવા ઉપરાંત એક અન્ય ભયાનક અજગર હતો જેનો સામનો સહાબાએ કિરામને કરવો પડયો. તે અજગરને ગરીબી તથા મુફલિસી કહે છે. જે મોટા મોટા સુરમાઓને સીધા કરી દે છે. લોકો એના હાથે મજબૂર થઈને પોતાની ઈજ્જત આબરૂનો પણ સોદો કરવા તૈયાર થઈ જાય છે. કેટલાય લોકો છે જેઓ પેટને ખાતર ઈમાન વેચી દે છે. પણ આ આસ્માને એવા લોકો પણ જોયા છે કે ભૂખના કારણે તેમનાં પેટ કમર સાથે લાગી જાય છે, કેટ કેટલા ટંકો સુધી તેમના પેટમાં એક કોળિયો પણ જતો ન હતો, પણ વફાના માર્ગમાં તેમના ક઼દમ ડગમગતા ન હતા.

હઝરત ઉત્બા ઈબ્ને ગઝવાન رضی اللہ عنہનું બયાન છે કે હું સાતમો મુસલમાન છું. એ સમયે એ હાલત હતી કે અમે લોકો ઝાડનાં પાંદડાં ખાયને ગુજારો કરતા હતા, જેના પરિણામે અમારાં જડબાં ફાટી ગયાં હતાં.

હઝરત અલી کرم اللہ وجہہ الکریم રસૂલે અકરમ ﷺના જમાઈ હતા પરંતું ગરીબી તથા ફાક઼ાની એ હાલત હતી કે એકવાર ઘરમાં આવ્યા તો જોયું કે હઝરત હસન رضی اللہ عنہ તથા હઝરત હુસૈન رضی اللہ عنہ રડી રહ્યા છે. હઝરત ફાતિમા رضی اللہ عنہاને પૂછયું, આ લોકો શા માટે રડી રહ્યા છે ? હઝરત ફાતિમા رضی اللہ عنہا બોલ્યાં, ભૂખથી બેચૈન છે. હઝરત અલી ઘરથી નીકળ્યા તો બજારમાં એક પડેલો દીનાર મળ્યો. તેનો આટો અને ગોશ્ત ખરીદયો.

હઝરત મુસ્અબ બિન ઉમૈર رضی اللہ عنہ ગઝવએ ઓહદમાં શહીદ થયા તો કફન પણ મયસ્સર ન હતું. શરીર પર કેવળ એક ચાદર હતી તેનું જ કફન બનાવવામાં આવ્યું પણ તે એટલુ ટૂંકુ હતું કે માથુ ઢાંકતા હતા તો પગ ખુલી જતા હતા અને પગો ઢાંકતા તો માથુ ઉઘાડુ રહી જતું. છેવટે હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, ચાદરથી માથુ ઢાંકી દો અને પગોને ઘાસ વડે છુપાવી દો. પરંતું ઓહદના અન્ય શહીદોને એ પણ મયસ્સર ન હતું તો એક ચાદરમાં એકથી વધુ સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعینને દફન કરવામાં આવ્યા હતા. મોટાભાગના સહાબા પાસે કેવળ એક ચાદર રહેતી હતી જેને ગળે બાંધી લેતા હતા કે તેહબંદ તથા કુર્તો બંનેનું કામ આપે. અલ્લાહ વ રસૂલ ﷺના મુન્કિરો હંસી ઉડાવતા હતા કે બાપદાદાનો ધર્મ છોડીને તમને શું મળ્યું ? આટલી ગરીબી તથા ભૂખમરો ?! અને ઈસ્લામ

છોડવા લલચાવતા હતા પણ નબી પાક ﷺના શયદાઈઓ ટસથી મસ થતા ન હતા. વતનની જુદાઈ તેમનાથી ઈમાન ન છીનવી શકી, ન લોભ લાલચ તેમને હુઝૂર ﷺથી બેવફાઈ માટે તૈયાર કરી શકી, અને ન મુશ્રિકોની મજાકો તેમને પોતાની હાલત પર શર્મિંદા કરી શકી. رضوان اللہ تعالیٰ علیہم اجمعین

## સહાબાએ કિરામની તકલીફો અને આજે આપણી જિંદગી

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આ તો ખૂબ જ ટૂંકાણમાં નબી કરીમ علیہ الصلوٰۃ والسلام પર સૌ પ્રથમ ઈમાન લાવનારાઓના હાલાતનું વર્ણન છે કે જેમના થકી આપણા સુધી ઈસ્લામ તથા ઈમાનની દૌલત પહોંચી જે આપણને જહન્નમથી બચાવી હમેશાંની જન્નતમાં લઈ જશે. ઈન્શાઅલ્લાહ ! જેથી આપણે તેની ખૂબ જ કદર કરવી જોઈએ. સહાબાએ કિરામએ ઈસ્લામ તથા ઈમાનને ખાતર સર્વસ્વ કુર્બાન કરી આપ્યું પણ દીનથી ડગમગ્યા નહીં. આજે દુનિયામાં આપણે સામાન્યતઃ સુકૂન તથા ઈત્મિનાનની એશો આરામની જિંદગી જીવી રહ્યા છીએ, કદાચ તકલીફો હશે તો એ તકલીફો સહાબાની તકલીફોની તુલનામાં કાંઈ જ નથી. છતાં આજે લોકોને દીનની કદર નથી. ન ઈલ્મે દીનથી આપણને લગાવ છે, ન દીની મેગેઝિન કે કિતાબો વાંચવાનો કોઈને શોખ છે. મફતમાં મળેલ ઈમાનની દોલતની આપણને જરાય કદર નથી, ન અમલો આપણા સહીહ છે અને ન આપણા ઈમાનની કે ઔલાદના ઈમાનની સલામતીની જોઈએ એવી ચિંતા છે. ઈલ્લા માશાઅલ્લાહ ! રોજ નવા નવા ફિત્ના અને નવા નવા ફિર્કામાં લોકો વહેંચાઈ રહ્યા છે. ઈમાનવાળાઓમાં પણ ન કાંઈ એકતા કે સંગઠન છે ન એકબીજાના સહકારની ખરી ભાવના છે. આપણે જોઈએ કે સહાબાના જીવનથી બોધ લઈએ અને હક્ક મઝહબ અહલે સુન્નત પર મજબૂત થઈને નેક અમલોવાળી જિંદગી અપનાવીએ એમાં જ આપણી બંને જહાનની ભલાઈ છે. وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ

પેજ નં.30 નું ચાલુ.. ઈખ્લાસ પેદા કરવું મામૂલી કામ નથી બલ્કે કઠિન કામ છે કોઈ પણ કામને કેવળ અલ્લાહની ખુશી માટે કરવું સરળ નથી પરંતુ અશક્ય પણ નથી. બસ ધ્યાન અને કોશિશની જરૂરત છે. અને મશ્હૂર છે કે ......... (અર્થાત) જે કોશિશ કરે છે તે પામી લે છે." માટે નફસથી જંગ કરો, દિલને અન્યની ખુશીના વિચારથી ખાલી કરી લ્યો, પછી થોડો અમલ પણ બાર્ગાહે સમદિયતમાં મકબૂલ થશે. એક મુસલમાનના જીવનની પ્રત્યેક ક્ષણ ઈબાદત બની શકે છે, પરંતુ એ શર્તે કે તે ફર્ઝોની અદાયગી બાદ દરેક અમલની બુનિયાદ ખુલૂસ પર રાખે, ભલે એ અમલનો સબંધ દીની બાબતો સાથે હોય યા સંપૂર્ણત દુન્યવી બાબતોથી હોય. અમલો અસલમાં ત્યારે જ સવાબને પાત્ર બને છે જ્યારે તેમનામાં નિય્યતની નિખાલસતા શામેલ હોય. નિય્યત જ એક એવી કોસોટી છે જેની ખરાબીના આધાર પર સંપૂર્ણત દીની અમલ પણ અઝાબનું કારણ બની જાય છે અને તે જ નિય્યતના નિખાલસ હોવાના કારણ દુન્યવી અમલ પણ નજાતનો ઝરિયો બની શકે છે. નિય્યત વિના ઈખ્લાસની કલ્પના પણ અશક્ય છે. અલ્લાહ તઆલા આપણા સૌને આકાએ કરીમ ﷺના ઈખ્લાસનો સદકો અતા ફર્માવે.

آمین بجاہ النبی الکریم علیہ افضل الصلوات والتسلیم

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ અનઆમની તફસીર

આ સૂરહમાં ૧૬૫ આયતો અને ૧૨૯૩૫ અક્ષરો છે.

وَ مِنۡهُمۡ مَّنۡ يَّسۡتَمِعُ اِلَيۡكَ‌ۚ وَ جَعَلۡنَا عَلٰى قُلُوۡبِهِمۡ اَكِنَّةً
اَنۡ يَّفۡقَهُوۡهُ وَ فِىۡۤ اٰذَانِهِمۡ وَقۡرًا‌ؕ وَ اِنۡ يَّرَوۡا كُلَّ اٰيَةٍ لَّا
يُؤۡمِنُوۡا بِهَا‌ؕ حَتّٰۤى اِذَا جَآءُوۡكَ يُجَادِلُوۡنَكَ يَقُوۡلُ الَّذِيۡنَ
كَفَرُوۡۤا اِنۡ هٰذَاۤ اِلَّاۤ اَسَاطِيۡرُ الۡاَوَّلِيۡنَ ﴿۲۵﴾ وَ هُمۡ يَنۡهَوۡنَ
عَنۡهُ وَ يَنۡـــَٔوۡنَ عَنۡهُ‌ۚ وَ اِنۡ يُّهۡلِكُوۡنَ اِلَّاۤ اَنۡفُسَهُمۡ وَ مَا
يَشۡعُرُوۡنَ ﴿۲۶﴾ وَ لَوۡ تَرٰٓى اِذۡ وُقِفُوۡا عَلَى النَّارِ فَقَالُوۡا يٰلَيۡتَنَا
نُرَدُّ وَ لَا نُكَذِّبَ بِاٰيٰتِ رَبِّنَا وَ نَكُوۡنَ مِنَ الۡمُؤۡمِنِيۡنَ ﴿۲۷﴾ بَلۡ
بَدَا لَهُمۡ مَّا كَانُوۡا يُخۡفُوۡنَ مِنۡ قَبۡلُ‌ؕ وَ لَوۡ رُدُّوۡا لَعَادُوۡا لِمَا
نُهُوۡا عَنۡهُ وَ اِنَّهُمۡ لَكٰذِبُوۡنَ ﴿۲۸﴾ وَ قَالُوۡۤا اِنۡ هِىَ اِلَّا حَيَاتُنَا
الدُّنۡيَا وَ مَا نَحۡنُ بِمَبۡعُوۡثِيۡنَ ﴿۲۹﴾ وَ لَوۡ تَرٰٓى اِذۡ وُقِفُوۡا عَلٰى
رَبِّهِمۡ‌ؕ قَالَ اَلَيۡسَ هٰذَا بِالۡحَـقِّ‌ؕ قَالُوۡا بَلٰى وَ رَبِّنَا‌ؕ قَالَ
فَذُوۡقُوا الۡعَذَابَ بِمَا كُنۡتُمۡ تَكۡفُرُوۡنَ ﴿۳۰﴾ قَدۡ خَسِرَ الَّذِيۡنَ
كَذَّبُوۡا بِلِقَآءِ اللّٰهِ‌ؕ حَتّٰۤى اِذَا جَآءَتۡهُمُ السَّاعَةُ بَغۡتَةً قَالُوۡا
يٰحَسۡرَتَنَا عَلٰى مَا فَرَّطۡنَا فِيۡهَا ۙ وَ هُمۡ يَحۡمِلُوۡنَ اَوۡزَارَهُمۡ
عَلٰى ظُهُوۡرِهِمۡ‌ؕ اَلَا سَآءَ مَا يَزِرُوۡنَ ﴿۳۱﴾ وَ مَا الۡحَيٰوةُ الدُّنۡيَاۤ
اِلَّا لَعِبٌ وَّ لَهۡوٌ‌ؕ وَ لَلدَّارُ الۡاٰخِرَةُ خَيۡرٌ لِّلَّذِيۡنَ يَتَّقُوۡنَ‌ؕ
اَفَلَا تَعۡقِلُوۡنَ ﴿۳۲﴾ قَدۡ نَعۡلَمُ اِنَّهٗ لَيَحۡزُنُكَ الَّذِىۡ يَقُوۡلُوۡنَ
فَاِنَّهُمۡ لَا يُكَذِّبُوۡنَكَ وَ لٰكِنَّ الظّٰلِمِيۡنَ بِاٰيٰتِ اللّٰهِ
يَجۡحَدُوۡنَ ﴿۳۳﴾

અને એમનામાં કોઈ તે છે જે તમારી તરફ કાન માંડે છે,[૧૪૯] અને અમે એમના હૃદયો પર પડદા પાડી દીધા છે કે તેને સમજે નહીં. અને એમના કાનોમાં દાટ. અને જો બધી નિશાનીઓ જુએ તો (પણ) તેમના પર ઈમાન નહીં લાવે, ત્યાં સુધી કે તમારી પાસે તમારી સાથે ઝઘડો કરતાં કરતાં હાજર થાય તો (એ) કાફિરો કહે 'આ તો આગળનાઓની વાર્તાઓ સિવાય (બીજુ કંઈ જ) નથી[૧૫૦] (૨૫) અને તેઓ એનાથી રોકે છે,[૧૫૧] અને એનાથી દૂર નાસે છે. અને નાશ નથી કરતા પણ પોતાના પ્રાણ,[૧૫૨] અને તેમને સમજ નથી (૨૬) અને કદી તમે જુઓ, જ્યારે તેઓ આગ પર ઉભા કરવામાં આવશે ત્યારે કહેશે, 'આય ! હાય ! કોઈ રીતે અમે પાછા મોકલવામાં આવીએ[૧૫૩] અને અમારા રબની આયતો ન જૂઠાડીએ અને મુસલમાન બની જઈએ (૨૭) બલ્કે એમના પર ખુલી ગયું જે પહેલાં છુપાવતા હતા.[૧૫૪] અને જો પાછા મોકલવામાં આવે તો ફરી તે જ કરે જેનાથી રોકવામાં આવ્યા હતાં. અને બેશક ! તેઓ અવશ્ય જૂઠા છે (૨૮) અને બોલ્યા, 'એ તો એ જ આપણું દુનિયાનું જીવન છે, અને આપણે ઉઠવાનું નથી[૧૫૫] (૨૯) અને

*કદી તમે જુઓ ! જ્યારે પોતાના રબ સમક્ષ ઉભા કરાશે, ફર્માવશે, 'શું આ સત્ય નથી ?'[૧૫૬] બોલશે, કેમ નહીં, અમને અમારા રબના સોગંદ ! ફર્માવશે,' 'તો હવે અઝાબ ચાખો બદલો તમારા કુફ્રનો' (૩૦) બેશક ! હારમાં રહ્યા તેઓ જેમણે પોતાના રબને મળવાનું ન માન્યું એટલે સુધી કે તેમના પર ક્યામત ઓચિંતી આવી ગઈ, બોલ્યા, 'હાય અમારો અફસોસ ! એ બાબત કે અમે એને માનવામાં પાછી પાની કરી, અને તેઓ પોતાનો[૧૫૭] ભાર પોતાની પીઠ પર લાદેલા છે. અરે ! કેટલો ભૂંડો ભાર ઊંચકેલા છે[૧૫૮] (૩૧) અને દુનિયાનું જીવન નથી પણ ખેલકૂદ[૧૫૯] અને બેશક ! પાછલું ઘર ભલું તેમના માટે જેઓ ડરે છે.[૧૬૦] તો શું તમને સમજ નથી ? (૩૨) અમને જાણ છે કે તમને દુ:ખ આપે છે વાત જે તેઓ કહી રહ્યા છે[૧૬૧] તો એ તમને નથી જૂઠાડતા[૧૬૨] પણ જાલિમ અલ્લાહની આયતોને નકારે છે[૧૬૩] (૩૩)*

## :: સમજૂતી ::

**૧૪૯ :** અબૂ સુફયાન, વલીદ, નઝ્ર અને અબૂ જહલ વગેરે એકત્ર થઈને હુઝૂર ﷺની તિલાવતે કુર્આન સાંભળવા લાગ્યા, ત્યારે નઝ્રને એના સાથીદારોએ પૂછયું, "મુહમ્મદ (ﷺ) શું કહે છે ? કહેવા લાગ્યો, હું નથી જાણતો, જીભને હલાવે છે. અને આગલાઓની વાર્તાઓ કહે છે, જેવી હું તને સંભળાવ્યા કરું છું." અબૂ સુફિયાને કહ્યું, "તેમની વાતો મને સાચી લાગે છે." "અબૂ જહલે કહ્યું," એનું સ્વીકાર કરવા કરતાં મરી જવું સારૂ છે." તે બાબત આ આયત ઉતરી.

**૧૫૦ :** આનાથી એમનો હેતુ કલામે પાકનું અલ્લાહની વહી હોવાનો ઈન્કાર કરવાનો છે.

**૧૫૧ :** અર્થાત મુશ્રિકો લોકોને કુર્આન શરીફથી અથવા રસૂલે કરીમ ﷺથી અને આપના પર ઈમાન લાવવા અને આપની આજ્ઞાઓનું પાલન કરવાથી રોકે છે.

**શાને નુઝૂલ :** આ આયત મક્કાના કાફિરો વિશે ઉતરી, જેઓ લોકોને હુઝૂર ﷺ પર ઈમાન લાવવાથી અને આપની મજલિસમાં હાજરી આપવાથી અને કુર્આન શરીફ સાંભળવાથી રોકતા હતા, અને પોતે પણ અળગા રહેતા હતા કે ક્યાંક કલામે પાક તેમના દિલોમાં અસર કરી જાય.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہએ કહ્યું કે, આ આયત હુઝૂરના કાકા અબૂ તાલિબ વિશે ઉતરી જે મુશ્રિકોને તો હુઝૂરને ઈજા પહોંચડવાથી રોકતા હતા પણ જાતે ઈમાન લાવવાથી બચતા હતા.

www.barkatekhwaja.net

**૧૫૨ :** અર્થાત એમનું નુકશાન એમને જ થાય છે.

**૧૫૩ :** દુનિયામાં.

**૧૫૪ :** જેવું કે ઉપર આ રૂકુઅમાં કહેવામાં આવ્યું કે મુશ્રિકોને જ્યારે પૂછવામાં આવશે કે તમારા (ઉપજાવી કાઢેલા અલ્લાહના) ભાગીદારો ક્યાં છે ? ત્યારે તેઓ પોતાના કુફ્રને સંતાઢી જશે અને અલ્લાહના સોગંદ ખાઈને કહેશે કે, અમે મુશ્રિક ન હતા. આ આયતમાં કહેવામાં આવ્યું કે પછી જ્યારે તેમને સ્પષ્ટ થઈ જશે તે જે તેઓ સંતાડતા હતા. એટલે કે એમનું કુફ્ર એ રીતે જાહેર થશે કે એમના શરીરના અવયવો એમના કુફ્ર અને શિર્કની સાક્ષી આપશે, ત્યારે તેઓ દુનિયામાં પાછા જવાની ઈચ્છા કરશે.

**૧૫૫ :** એટલે કે મૃત્યુ પછી.

**૧૫૬ :** શું તમને મૃત્યુ પછી જીવંત કરવામાં ન આવ્યા ?

**૧૫૭ :** ગુનાહોનો

**૧૫૮ :** હદીષ શરીફમાં છે કે જ્યારે કાફિર પોતાની કબ્રમાંથી નીકળશે ત્યારે તેની સામે એક ખૂબ

જ ભયાનક વિકૃત અને ગંધાતી શિકલ (ની વ્યક્તિ) આવશે, અને તે કાફિરને પૂછશે, "તું મને ઓળખે છે ?" કાફિર કહેશે," "નહીં !" ત્યારે તે કાફિરને કહેશે, "હું તારો ખબીષ અમલ (ગુનાહિત કાર્ય) છું, તુ દુનિયામાં મારા પર અસ્વાર રહ્યો હતો, આજે હું તારા પર અસ્વાર થઈશ અને તને બધા લોકોમાં ફજેત કરીશ !" પછી તે એના પર સવાર થઈ જશે.

**૧૫૯ :** જે અનંત નથી, જલ્દી પસાર થઈ જાય છે, અને નેક કામો તથા ફર્માબરદારી જો કે મો'મિનથી દુનિયામાં જ થાય છે છતાં તે આખિરતના કાર્યોમાથી છે.

**૧૬૦ :** આથી સાબિત થયું કે પરહેઝગાર લોકોના આમાલ સિવાય દુનિયામાં જે કંઈ છે તે ખેલકુદ છે.

**૧૬૧. શાને નુઝૂલ :** અન્ખસ બિન શરીફ અને અબૂજહલની મુલાકાત થઈ, અખ્નસે અબૂજહલને કહ્યું, "હે અબુલ હકમ ! (કાફિરો અબૂ જહલને અબુલ હકમ કહેતા હતા) આ એકાંત સ્થળ છે, અહીં કોઈ એવું નથી જે મારી તમારી વાતને જાણી શકે, હવે તું મને સાચુ સાચુ કહે, કે મુહમ્મદ (ﷺ) સાચો છે કે નહીં ?" અબૂ જહલે કહ્યું, "અલ્લાહની કસમ ! મુહમ્મદ (ﷺ) ચોક્કસ સાચા છે, કદી કોઈ અસત્ય શબ્દ તેમની જીભે નથી ચઢયો. પણ વાત એમ છે કે તેઓ "કસા"ના વંશમાં છે, લિવા (લડાઈ વખતે ઝંડો ઊંચકવો) સિકાયત (હાજીઓને પાણી પાવું) હિજાબત (કઆબા શરીફને ગિલાફ ચઢાવવો) નદવહ (કુરેશના મંત્રાણા સ્થાનનું સંચાલન) વગેરે તમામ વિશિષ્ટતાઓ તો તેમને પ્રાપ્ત જ હતી હવે નબુવ્વત પણ જો તેમને ફાળે જાય તો પછી બીજા કુરૈશીઓની વિશેષતા શું રહી ?"

તિર્મિઝીએ હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે અબૂજહેલે નબીએ કરીમ ﷺ ને કહ્યું,"અમે આપને જૂઠાડતા નથી, અમે તો તે કિતાબને જૂઠાડીએ છીએ જેને આપ લાવ્યા છો." ત્યારે આ આયતે કરીમા ઉતરી.

**૧૬૨ :** આમાં હુઝૂર ﷺ ને આશ્વાસન છે કે કોમ હુઝૂરની સત્યતાની માન્યતા ધરાવે છે પણ જાહેરમાં એમનું જૂઠાડવાનું કારણ તેમની અદેખાઈ હસદ છે.

**૧૬૩ :** આયતનો અર્થ એ પણ છે કે, અય હબીબ ! તમને જુઠાડવું એ અલ્લાહની આયતોને જૂઠાડવું છે, અને જૂઠાડનાર જાલિમ છે.

www.barkatekhwaja.net


**અણમોલ કિતાબ મંગાવો**

**❀❀ કાનૂને શરીઅત ❀❀**

(ભાગ-૧ તથા ભાગ-૨) (કુલ-૭૪૦ પેજીસ)

:: **લેખક** ::

**અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

:: **અનુવાદક** ::

**હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી**

**હદીયો : એક સેટના રૂા. ૨૫૦/-**

જેમાં અકીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક, અખ્લાકિયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે.

ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

**પ્રકાશક**

**સુન્ની દા'વતે ઈસ્લામી-દયાદરા**

**મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧**

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

*"હઝરત ઔન ઈબ્ને અબ્દુલ્લાહથી[1] રિવાયત છે, તે હઝરત ઈબ્ને મસ્ઊદથી રિવાયત કરે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ રુકૂઅ કરે તો પોતાના રુકૂઅમાં سُبْحَانَ رَبِّیَ الْعَظِیْمِ ત્રણવાર કહે તો એનો સજદો પૂર્ણ થઈ ગયો છે.[2] અને એ અદના દરજો છે. અને જ્યારે સજદો કરે તો પોતાના સજદામાં سُبْحَانَ رَبِّیَ الْاَعْلٰی ત્રણવાર કહી લે, તો એનો સજદો પૂરો થઈ ગયો છે, અને આ અદના દરજો છે.[3] (તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ) તિર્મિઝી કહે છે કે એની અસ્નાદ મુત્તસિલ નથી, કેમ કે ઔને, ઈબ્ને મસ્ઊદથી મુલાકાત નથી.[4]"*

**૧.** આપનું નામ ઔન ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને ઉત્બા છે. સૈયદના ઈબ્ને મસ્ઊદના ભત્રીજાના પુત્ર છે. તાબઈ છે. મુરબ્બી છે. મહાન ફકીહ તથા ઝાહિદ હતા. કૂફામાં કયામ કર્યો. ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہથી આપને મુલાકાત થઈ હતી. ક્યારેક એમને ઔન ઈબ્ને ઉત્બા પણ કહી દેવામાં આવે છે, દાદાની નિસ્બતથી. અરબીમાં માણસની નિસ્બત બાપ, કાકા, દાદા, પરદાદાની તરફ પણ કરવામાં આવે છે.

**૨.** એટલે કે સંપૂર્ણ થઈ ગયો. યાદ રાખશો કે રુકૂઅના માટે ઝુકવું નમાઝમાં ફર્ઝ છે અને ત્યાં કાંઈક રોકાવું એટલે કે ઈત્મિનાનથી રુકૂઅ કરવો વાજિબ છે, અને એમાં તસ્બીહ પઢવી સુન્નત છે. જેથી સંપૂર્ણ રુકૂઅ તે છે જેમાં ફર્ઝ, વાજિબ, સુન્નત સૌ અદા થાય.

**૩.** એટલે કમાલનો અદના દરજો છે. જાણવા મળ્યું કે રુકૂઅ સજદાની તસ્બીહો ત્રણથી ઓછી ન કહે, વધારેમાં અધિકાર છે, પાંચવાર કે સાતવાર કહી શકે છે નફલો ખાસ કરીને તહજ્જુદમાં, તો જેટલો રુકૂઅ સિજદો લાંબો કરે એ બેહતર છે.

**૪.** એટલે કે આ હદીષ મુન્કતઅ છે. પરંતું કોઈ વાંધો નથી કે અમલોમાં મુન્કતઅ હદીષ સ્વીકાર્ય છે.

*"હઝરત હુઝૈફા رضی اللہ عنہથી રિવાયત છે કે તેમણે નબી ﷺની સાથે નમાઝ પઢી. આપ રુકૂઅમાં سُبْحَانَ رَبِّیَ الْعَظِیْمِ અને સજદામાં سُبْحَانَ رَبِّیَ الْاَعْلٰی કહેતા હતા અને રહમતની આયત પર ન પહોંચતા પણ રોકાય જતા, અને માગી લેતા. અને અઝાબની આયત પર પહોંચતા પણ રોકાય જતા અને માગી લેતા.[1]"*

*(તિર્મિઝી, અબૂ દાઉદ, દારમી, નિસાઈ, અને સહીહ છે)*

**૧.** અહીં નફલ નમાઝ મુરાદ છે. ફર્ઝોમાં કુર્આનની દરમિયાન થોભવું અને માગવું મુસ્તહબની વિરૂધ્ધ છે, જો કે જાઈઝ છે. એટલા માટે મિર્કાતે ફર્માવ્યું કે જો એ کَانَ یَقُوْلُ દવામ (કાયમ)ના માટે હોય તો નફલ મુરાદ છે. જો આકસ્મિક બનાવનું વર્ણન છે કે કદી કદી એવું કહી લેતા તો ફર્ઝ નમાઝ મુરાદ છે.

*"હઝરત ઔફ ઈબ્ને માલિકથી[1] રિવાયત છે[2] ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺની સાથે ઉભો થયો.[3] જ્યારે આપે રુકૂઅ કર્યો તો સૂરએ બક઼રહની જેટલુ રોકાયા.[4]" (નિસાઈ)*

**૧.** આપ સહાબી છે. અશજઈ છે. ગઝવએ ખૈબર તથા ફતહે મક્કામાં હુઝૂર ﷺની સાથે હતા, બલ્કે ફતહે મક્કાના દિવસે બની અશજઅનો ઝંડો આપની જ સાથે હતો. શામમાં વસવાટ રહ્યો અને ત્યાં જ હિ.સ. ૭૩ માં વફાત પામ્યા.

**૨.** તહજ્જુદની નમાઝમાં આપની સાથે તહજ્જુદ અદા કરવાના માટે ઉભા થતા. યાદ રાખશો કે તહજ્જુદ જમાઅત સાથે જાઈઝ છે એ શર્તે કે એ જમાઅત માટે આયોજન ન કરવામાં આવે. આકસ્મિક રીતે બે ચાર નમાઝી ભેગા થઈ જાય અને જમાઅત કરી લે. અહીં એવું જ હતું.

**૩.** એટલે કે એટલો લાંબો રુકૂઅ કર્યો કે તિલાવત કરનારો સૂરએ બક઼રહ પઢી લે. જાણવા (મળ્યું કે તહજ્જુદની તથા કસૂફની નમાઝ વગેરેમાં રુકૂઅ ક઼યામના બરાબર હોવો બેહતર છે. ફર્ઝોમાં રુકૂઅ ક઼યામથી ઓછો હોવો જોઈએ જેથી હદીષમાં ટકરાવ નથી.

**૪.** જબરૂત, મલકૂત મુબાલેગા (અતિશયોક્તિના સેગા–સૂચકો) છે. જબરૂત, જબ્ર એ ગલ્બાના અર્થથી બન્યો. એટલે કે દરેક ગાલિબ પર ગાલિબ. મલકૂત મુલ્ક એ કબ્જાના અર્થથી બન્યો. જાહેરી ક઼બજાને મુલ્ક અને બાતિની ક઼બજાને મલકૂત કહેવામાં આવે છે. રબ તઆલા આપણા શરીરોનો પણ માલિક છે અને નફસ તથા રૂહનો પણ. એટલા માટે મખ્લૂક઼ના માટે અતાએ મુલ્ક સાબિત છે.

*"હઝરત ઈબ્ને જુબેરથી[1] રિવાયત છે ફર્માવે છે કે મેં હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہને ફર્માવતાં સાંભળ્યા[2] કે મેં નબી ﷺ પછી કોઈની પાછળ નમાઝ ન પઢી[3] જેની નમાઝ જવાન એટલે ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝની સરખામણીમાં હુઝૂર ﷺની નમાઝથી અધિક મળતાપણુ ધરાવતી હોય. ફર્માવે છે કે આપે ફર્માવ્યું[4] કે અમે એમનો રુકૂઅ દસ તસ્બીહ અને સજદો દસ તસ્બીહ હતો અંદાઝો કર્યો.[5]" (અબૂ દાઊદ વ નિસાઈ)*

**૧.** આપનું નામ સઅદ ઈબ્ને જુબેર છે. કૂફી છે અઝીમુશ્શાન તાબઈ છે. અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ તથા ઈબ્ને અમ્ર ઈબ્ને ઝુબેર વગેરે સહાબાથી મુલાકાત છે. رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن હિ.સ. ૯૫માં હજ્જાજ ઈબ્ને યૂસુફ જાલિમના હાથે શહીદ થયા. ૪૯ વરસની ઉમર થઈ. વાસિત ઈરાક઼ના ઈલાક઼ામાં દફન થયા. આપની ક઼બર મુસલમાનોની ઝિયારતગાહ છે. આપની શહાદતનો અજીબો ગરીબ બનાવ છે. શાબાનમાં હજ્જાજે આપને શહીદ કર્યા અને ૧૫–૨૦ દિવસ પછી રમઝાનમાં ખુદ મૃત્યુ પામ્યો. એ દરમિયાન કદી રાતે સૂઈ ન શક્યો. કહેતો હતો કે શું કરું, આંખ લાગતાં જ સઈદ મારા પગો પકડીને ઘસેડે છે. આપે શહાદતના સમયે કહ્યું હતું કે મારા પછી કોઈને શહીદ કરી શકશે નહીં. તો એવું જ થયું. *(અકમાલ)*

**૨.** આ જ સહીહ છે. અમુક રિવાયતમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. એ ગલત છે. એટલા માટે કે ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝની પેદાઈશ હઝરત અબૂ હુરૈરહની વફાત પછી છે. હા ! હઝરત અનસે ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝનો જમાનો મેળવ્યો છે. કેમ કે હઝરત અનસની વફાત હિ.સ. ૯૧માં છે અને ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝની વફાત હિ.સ. ૬૧માં છે. *(અઝ : લમ્આત તથા મિર્કાત)*

**૩.** એટલે કે હુઝૂર ﷺની વફાતના પછી કોઈ તાબઈની નમાઝ. જેથી એનો એ અર્થ નથી કે હઝરત ઉમર ઈબ્ને

અબ્દુલ અઝીઝની નમાઝ સહાબાએ કિરામ અને ખુલફાએ રાશિદીનથી બેહતર હતી. એ કેવી રીતે થઈ શકે છે કે ખુદ હઝરત અનસની નમાઝ હુઝૂર ﷺની નમાઝની અધિક મળતાપણાવાળી ન હોય.

**૪.** પહેલા ક઼ાલનો ફાઈલ કોઈ અન્ય રાવી છે. બીજા ક઼ાલનો ફાઈલ હઝરત સઈદ છે. એટલે કે જ્યારે હઝરત અનસે તેમની નમાઝની આવી તારીફ કરી તો અમે તેમના નમાઝનાં અરકાનોનો અંદાઝો લગાડયો. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે પ્રથમ ક઼ાલનો ફાઈલ સઈદ છે અને બીજાનો ફાઈલ હઝરત અનસ. પરંતું પ્રથમ ખુલાસો અધિક મજબૂત છે.

**૫.** એ અંદાઝો હતો, નહીં તો આપની તસ્બીહો નવ કે અગ્યાર હશે, કેમ કે રુકૂઅની તસ્બીહો એકી સંખ્યામાં હોવી બેહતર છે, અને એ પણ નફલોમાં થશે, કેમ કે ફર્ઝોમાં તસ્બીહ કમસે કમ ત્રણવાર, મધ્યમ રીતે પાંચ વાર અને વધુમાં વધુ સાતવાર છે.

*"હઝરત શફીક઼ રضی اللہ عنہથી રિવાયત છે[૧] ફર્માવે છે કે હઝરત હુઝૈફાએ એક શખ્સને જોયો જે પોતાનો રુકૂઅ તથા સજદા પૂરા કરતો ન હતો.[૨] જ્યારે તેણે પોતાની નમાઝ પૂરી કરી તો તેને બોલાવ્યો અને તેને હઝરત હુઝૈફાએ ફર્માવ્યું કે તેં નમાઝ નથી પઢી.[૩] ફર્માવે છે કે મને ખયાલ છે કે આપે એ પણ કહ્યું કે જો તું માર્યો તો તું એ તરીક઼ાની વિરૂધ્ધ મરીશ જેના પર અલ્લાહે હુઝૂર ﷺને પેદા કર્યા.[૪]"*

**૧.** આપનું નામ શફીક઼ ઈબ્ને સલમા છે, કુન્નિયત અબૂ વાઈલ કૂફી છે. મુહદ્દરી છે. જલીલુલ ક઼દર સહાબી છે. ખુલફાએ રાશિદીનથી હદીષો લીધી છે. હિ.સ. ૯૯માં વફાત થઈ. *(તહઝીબ વ અકમાલ)*

**૨.** એટલે તેમને ઈત્મિનાનથી અદા કરતો ન હતો. ઈત્મિનાન શાફઈઓને ત્યાં ફર્ઝ છે અને હનફીઓને ત્યાં વાજિબ.

**૩.** કામિલ નથી પઢી. (હનફી) સહીહ નથી પઢી. *(શાફઈ)*

**૪.** એટલે કે જો તું નાકિસ (અપૂર્ણ) નમાઝ પઢવાનો આદી રહ્યો તો સુન્નતે અંબિયાનો વિરોધી થઈને મરીશ અથવા જો આ અયબને તું સારી જાણતો રહ્યો તો તારો ખાત્મો કુફ્ર પર થશે. ફિત્રત ઈસ્લામ ધર્મને પણ કહે છે અને હુઝૂર ﷺની પેદાઈશી આદતે કરીમાને પણ કહે છે અને સુન્નતે અંબિયાને પણ કહે છે. સૂફિયા ફર્માવે છે કે જે સુન્નતે હુદાના તર્કનો આદી હોય તેનો ખાત્મો ખરાબ થવાનો અંદેશો છે, અને જે કોઈ સુન્નતને હકીર જાણે તે કાફિર છે. એનો માખઝ કુર્આની આયતો પણ છે, અને આના જેવી ઘણી બધી હદીષો છે.

*"હઝરત અબૂ ક઼તાદા رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺએ ફર્માવ્યું કે લોકોમાં બદતરીન ચોર તે છે જે પોતાની નમાઝમાં ચોરી કરે. લોકો બોલ્યા, યા રસૂલુલ્લાહ ! ﷺ પોતાની નમાઝમાં ચોરી કેવી રીતે કરશે ? ફર્માવ્યું કે રુકૂઅ તથા સિજદા પૂરા ન કરે.[૧]"*

**૧.** વાહ ! સુબ્હાનલ્લાહ ! કેટલી ઉમદા તફસીલ છે ! એટલે કે માલના ચોર કરતાં નમાઝનો ચોર બદતર છે. કેમ કે માલનો ચોર જો સજા પામે છે તો કાંઈક લાભ પણ ઉઠાવી લે છે. પણ નમાઝનો ચોર સજા પૂરી પામશે અને લાભ કાંઈ પામતો નથી. તેમજ માલનો ચોર બંદાનો હક઼્ક઼ મારે છે, નમાઝનો ચોર અલ્લાહનો હક઼્ક઼ મારે છે. તેમજ માલનો ચોર અહીં સજા પામીને આખેરતના અઝાબથી બચી જાય છે પણ નમાઝના ચોરમાં એ વાત નથી. તેમજ અમુક સ્થિતિઓમાં માલના ચોરને માલિક માફ કરી શકે છે, પરંતું નમાઝના ચોરની માફીની કોઈ સ્થિતિ નથી. વિચાર કરો કે જ્યારે નમાઝ અપૂર્ણ પઢનારાઓનો આ હાલ છે જેઓ મુદ્દલે નમાઝ પઢતા જ નથી, તેમનો શો હાલ થશે. પછી જેઓ કુલ અથવા અમુક નમાઝોના મુન્કિર થઈ ચૂક્યા છે ભંગી, પોસ્તી, ફકીર તથા ચકળાલ્વી વગેરે એમનું તો પૂછવાનું જ શું ?!

www.barkatekhwaja.net

## શરહે હ઼દાઈકે઼ બખ્શિશ
ભાગ-૨

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**તેરે હી માથે રહા અય જાન સહરા નૂર કા**
**રુખ હૈ કિ઼બ્લા નૂર કા અબ્રૂ હૈ કા'બા નૂર કા**

*(રુખ = ચહેરો, અબ્રૂ = ભવાં)*

**અર્થાત :** હે જાને કાઈનાત ! નબીયે શશ જેહાત ! ﷺ ફતહ તથા નુસ્રતના નૂરનો સેહરો આપના જ માથે છે. આપની જાહેરી હયાત પછી પણ હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ એ દરેક મેદાનમાં કામયાબીના ઝંડા આપના મૂએ મુબારકની બરકતથી ખોસ્યા અને આપના દુનિયામાં આવતાં પહેલાં પણ કામયાબીઓ તથા વિજયો આપના જ વસીલાથી થતી હતી. وکانوا من قبل یستفتحون علی الذین کفروا તે લોકો (યહૂદીઓ તથા ઈસાઈઓ) આપના વસીલાથી કાફિરો પર જીત તથા મદદ માગતા.

*હર દૌરમેં ચલતા હૈ પયમાના મુહમ્મદ કા—આબાદ ખુદા રખે મૈખાના મુહમ્મદ કા (ﷺ)*

નૂરનું નસીબ પણ આપની બરકતથી જાગી ઉઠયું તો નૂરાની તારો પણ આપની જ બરકતથી આજ સુધી ચમકી રહ્યો છે. જે જે રંગમાં પણ રોશની આપી રહ્યો છે એ સર્વ આપનો જ ફયઝ છે.

**મૈં ગદા તૂ બાદશાહ ભર દે પિયાલા નૂર કા**
**નૂર દિન દૂના તેરા દે ડાલ સદક઼ા નૂર કા**

*(ગદા = ભિખારી, દૂના = બમણો)*

**અર્થાત :** હે મારા ગરીબનવાઝ આક઼ા ! ﷺ મારો જેવો ફકીર કોઈ નથી આપના જેવો સખી બાદશાહ કોઈ નથી. ભીખનો પ્યાલો લઈને હાજર થયો છું આ દિલના દામનના પાત્રને નૂરની ખૈરાતથી ભરી દો. અલ્લાહ આપના નૂરાની ફયઝમાં દીન દુની રાત ચોગુની તરક્કી અતા કરે, આપના આ ભિખારીને નૂરની ખૈરાત અતા કરી આપો.

*કૈ઼સરો કિસ્રા વ ખાક઼ાન રસૂલે અરબી—તેરે દરબાનોંકે દરબાન રસૂલે અરબી*
*રાત સજદેમેં ગુઝારી હૈ તો દિન ગઝવે મેં—અલ્લાહ ! અલ્લાહ ! તેરી શાન રસૂલે અરબી (ﷺ)*

*(કૌષર નિયાઝી)*

**તેરે હી જાનિબ હૈ પાંચોં વક઼્ત સજદા નૂર કા**
**રુખ હૈ કિ઼બ્લા નૂર કા અબરૂ હૈ કા'બા નૂર કા**

**અર્થાત :** આખી દુનિયા તો કા'બાની તરફ મોં કરીને સજદો કરે છે, પણ હે મારા નૂરવાળા આક઼ા ! નૂરનો સજદો પાંચેવ સમયે આપના જ તરફ છે, કેમ કે આપનો ચેહરાએ અન્વર જો નૂરનો કિ઼બ્લો (મર્કઝે તવજ્જુહ) છે



www.barkatekhwaja.net

તો આપના ભવાં મુબારક નૂરનો કા'બા છે. ડો. ઈકબાલે શું સરસ કહ્યું છે ! :

*દશ્તમેં, દામને કોહ સારમેં, મૈંદાનમેં હૈ—બહરમેં, મૌજકી આગોશમેં, તુફાનમેં હૈ*
ચમનકે શહર, મરાકશકે બયાબાનમેં હૈ—ઔર પોશીદા મુસલમાન કે ઈમાનમેં હૈ
ચશ્મે અક્‌વામ યહ નઝારા અબદ તક દેખે—રિફઅતે શાન رَفَعْنَالَكَ ذِكْرَكَ દેખે
*—(બાંગે દરા)*

**પુશ્ત પર ઢલકા સરે અન્વર સે શિમ્લા નૂર કા**
**દેખેં મૂસા તૂર સે ઉતરા સહીફા નૂર કા**
*(પુશ્ત = પીઠ. ઢલકા = સરક્યો. શિમ્લા = અમામાનો છેડો. સહીફા = કિતાબ)*

**અર્થાત** : હે મારા પ્યારા નબી ! ﷺ આપના માથા મુબારકથી અમામા શરીફનો નૂરાની શિમ્લો જે પીઠ મુબારક પર લટકી રહ્યો છે, જો મૂસા علیہ السلام જોઈ લે તો જરૂર કહે કે એવું લાગે છે કે જાણે આસ્માનેથી નૂરનો સહીફો લટકી રહ્યો છે. (કેમ કે મૂસા علیہ السلامએ તૂર પર નૂરના જલ્વા જોયેલા છે એટલા માટે એ તો પહેલી નજરથી જ ઓળખી લેશે.) શયખ સઅદી પોતાના આક઼ાની અઝમતને આ પ્રમાણે મહોબ્બતના સલામ પેશ કરે છે : (ફારસીનો અર્થ) :

عرش است کمیں پایہ زایوانِ محمد　　جبریل امیں خادمِ دربانِ محمد
آں ذاتِ خدا و ندکہ مخفی ست بعالم　　پیدا و عیاں است بچشمانِ محمد
یک جاں چہ کند سعدیٔ مسکیں کہ دو صد جان　　سازیم فدائے سگِ دربانِ محمد

*(સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)*

**અર્થાત** : (૧) અર્શે આ'ઝમ નબીએ કરીમ ﷺના દરબારથી નીચુ છે. જિબ્રઈલે અમીન આપના દરબારના ખાદિમ છે. (૨) અલ્લાહ તઆલાની જાત દુનિયાવાળાઓથી છુપાયેલી છે, પરંતુ આપ ﷺની આંખોની સમક્ષ જાહેર છે. (૩) ગરીબ સઅ્દી એક જાન તો શું સેંકડો જાનો આપના દરબારના કૂતરાઓ પર કુર્બાન કરે છે.

**તાજવાલે દેખકર તેરા અમામા નૂર કા**
**સર ઝુકાતે હૈં ઈલાહી બોલબાલા નૂર કા**

**અર્થાત** : આપણા આક઼ા તથા મૌલા ﷺની અઝમત તથા શાનનો આલમ એ છે કે દુનિયાના મોટા મોટા તખ્તો તાજવાળા (સમયના શહનશાહો) જ્યારે હુઝૂર ﷺના સરે અન્વર તથા અક઼્દસ પર નૂરાની દસ્તાર શરીફ જુએ છે તો આશ્ચર્યમાં ડૂબીને અનાયાસે તેમનાં માથાં ઝુકી જાય છે અને હોઠો પર આ દુઆ વહેતી થઈ જાય છે. હે અલ્લાહ ! મુસ્તફા ﷺની નૂરાનિયતમાં અધિક બરકત ફર્માવ અને નૂરવાળા આક઼ાની અઝમતમાં અધિક બોલબાલા ફર્માવ.

**બીનીએ પુરનૂર પર રખ્શાં હૈ બુક્કા નૂર કા**
**હૈ લિવાઉલ હ઼મ્દ પર ઉળતા ફરેરા નૂર કા**
*(બીની = નાક, રખ્શાં = ચમકવાળા. બુક્કા = શોલો, પુંજ.*
*લિવાઉલ હમ્દ = તારીફનો ઝંડો, જે કયામતના રોજ હુઝૂર ﷺની પાસે હશે. ફરેરા = ઝંડાનું કપડુ)*

**અર્થાત** : આપ ﷺની પુરનૂર નાક મુબારક પર દરેક સમયે એ પ્રમાણે નૂર ચમકતુ રહે છે કે એવું લાગે છે કે જાણે લિવાઉલ હમ્દનો છેડો લહેરાય રહ્યો છે.

## તઝકેરતુલ અવલિયા

# હઝરત સહલ બિન અબ્દુલ્લાહ તુસ્તરી رحمۃ اللہ علیہ

ના

## હાલાત તથા ખૂબીઓ

હપ્તો ૫૪

**ઓળખ** : આપનો મક઼ામ સૂફિયાએ કિરામમાં ઘણો જ બુલંદ છે અને આપને સૂફીઓના પેશવા કહેવામાં આવે તો અજુગતુ ન ગણાશે. એ ઉપરાંત આપ હમેશાં ફાક઼ાકશીના આલમમાં શબબેદારી કરતા રહ્યા, અને એ સર્વ ચીજો બાળ પણના કાળથી જ આપના હિસ્સામાં આવી હતી. ત્યાં સુધી કે આપનું એ કથન છે કે જે વખતે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે, اَلَسۡتُ بِرَبِّکُمۡ "શું હું તમારો રબ નથી ?" તો મને મારો જવાબ "બલા" (કેમ નહીં !) આજે પણ યાદ છે, એટલે બેશક ! આપ રબ છે.

**હાલત** : આપ ત્રણ વરસની ઉમરમાં જ પોતાના મામા મુહમ્મદ બિન સમારની સાથે ઈબાદતમાં મશગૂલ રહેતા હતા. અને એક દિવસે આપે મામાને અર્ઝ કર્યું કે હું અબદથી લઈને આજ સુધી અર્શની સામે સજદારેઝ છું. પરંતુ મામાએ હિદાયત કરી કે હવે પછી આ વાત કોઈને ન કહેતા. અને દરેક રાતમાં એકવાર આ દુઆ પઢી લીધા કરો : وَاللّٰہُ مَعِیَ اللّٰہُ نَاظِرِیۡ اَللّٰہُ شَاھِدِیۡ અને જ્યારે આપે એને પોતાનો મા'મૂલ બનાવી લીધો તો આપના મામાએ હુકમ આપ્યો કે હવે એ જ દુઆને દરરોજ સાતવાર પઢી લીધા કરો. પછી અમુક અરસા બાદ એની સંખ્યા ૧૫ કરાવી દીધી, અને જીવનપર્યંત આપ એના પર અમલ કરતા રહ્યા. આપ ફર્માવે છે કે, "પછી મેં કુર્આનની તા'લીમ હાંસલ કરી અને સાત વરસની ઉમરથી રોઝા રાખવાની પાબંદી અપનાવી લીધી. અને હમેશાં જવની રોટીથી ઈફતાર કરતો હતો. પછી બાર વરસની વયે જ્યારે એક મસ્અલામાં શંકા ઉપજી તો હું હઝરત હબીબ હમ્ઝા જે એ દૌરના ઘણા જ મહાન આબિદ તથા ઝાહિદ હતા તેમની પાસે બસરા ગયો. જેથી તેમણે મારી શંકા દૂર કરી આપી, અને કેટલાક દિવસ હું તેમની ખિદમતથી ફયઝયાબ થઈને ફરી તુસ્તર પરત આવી ગયો. અને એ નિયમ બનાવી લીધો કે દિવસમાં રોઝો રાખતો અને રાતે સાડા ચાર તોલા ચાંદીના વજન બરાબર જવની રોટીઓ ખાય લેતો. પછી અમુક અરસા બાદ ત્રણ રાત દિવસનો રોઝો શરૂ કર્યો. પછી સાત, પછી પચીસ દિવસના રોઝાને પોતાનો મા'મૂલ બનાવી લીધો. પરંતું અમુક રિવાયતોમાં એ પણ છે કે આપે સિત્તેર બદામ ખાય લીધી.

આપ ફર્માવે છે કે મેં ફાક઼ાકશી અને ખાવા બંનેવ ચીજોનો અનુભવ કરીને જોયું તો પ્રારંભમાં ભૂખથી કમજોરી અને ખાવાથી શકિત મેહસૂસ થતી હતી. પરંતું ક્રમે ક્રમે બિલ્કુલ એનાથી ઉલ્ટુ મહેસૂસ થવા લાગ્યું. તદ્ઉપરાંત શાબાનના રોઝાઓની ફઝીલતના કારણે આપ માહે શાબાનમાં ખૂબ જ પ્રમાણમાં રોઝા રાખતા હતા. અને પૂરા રમઝાનમાં કેવળ એકવાર ખાય પી લેતા, બાકીના દિવસો ક઼યામ તથા ઈબાદતમાં જ પસાર કરી દેતા. અને જે વખતે તુસ્તરવાળાઓએ આપના ઉપર કુફ્રનો ફત્વો લાગુ કર્યો તો આપે સર્વ સંપત્તિ સદક઼ો કરીને એ નિશ્ચય સાથે મક્કા મોઅઝ્ઝમાની વાટ પકડી કે હવે કદી કોઈનાથી કાંઈ માગીશ નહીં. અને જ્યારે સતત ફાક઼ાકશી કરતાં કરતાં કૂફા પહોંચ્યા તો નફ્સે તક઼ાઝો કર્યો કે જો તમે મને માછલી તથા રોટલી ખવડાવી આપો તો હું મક્કા મોઅઝ્ઝમા સુધી કાંઈ પણ માગીશ નહીં. જેથી આપે એક જગાએ જોયું કે એક ઊંટ ઘંટી સાથે બંધાયેલુ

www.barkatekhwaja.net

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

ઘંટી ચલાવી રહ્યું છે. આપે ઘંટીના માલિકને પૂછયું, દિવસભરની મહેનત બાદ તમે ઊંટવાળાને શું આપો છો ? તેણે કહ્યું, બે દીનાર. આપે કહ્યું કે એને ખોલીને મને બાંધી દો અને દિવસભર પછી બે દીનારને બદલે એક દીનાર આપી દેજો. અને જ્યારે સાંજે એક દિનાર મળી ગયો તો આપે માછલી રોટલી ખાયને નફ્સને કહ્યું, જે વખતે પણ તું મને ભૂખની ફરિયાદ કરીશ તો આ જ પ્રમાણે મહેનત કરવી પડશે. પછી મક્કા મોઅઝ્ઝમા પહોંચીને હજ્જ કરી અને હઝરત ઝુન્નૂન رحمۃ اللہ علیہથી બયઅત થઈને તુસ્તર પરત આવી ગયા.

**ઉસ્તાદનો અદબ** : ન તો આપ કદી દીવાલથી ટેકો લગાડતા ન પગો ફેલાવતા અને ન કદી કોઈના સવાલનો જવાબ આપતા. એકવાર સતત ચાર મહીના સુધી આપના પીરની આંગળીઓમાં સતત દર્દ રહ્યું અને આપે આંગળીઓને બાંધેલી રાખી અને જ્યારે કોઈકે કારણ પૂછયું તો આપે કોઈ જવાબ ન આપ્યો. પછી જ્યારે તે શખ્સે મિસર જઈને હઝરત ઝુન્નૂન رحمۃ اللہ علیہથી મુલાકાત કરી તો તેમના પગની આંગળીઓ પણ બંધાયેલી હતી. અને આપે ફર્માવ્યું કે ચાર મહીનાથી દર્દમાં સપડાયેલો હતો. પછી તેણે જ્યારે આપને હઝરત સહલનો બનાવ વર્ણવ્યો તો ફર્માવ્યું કે એમાં કોઈ શંકા નથી કે સહલ સિવાય કોઈ નથી જે મારા દર્દથી ખબરદાર થઈને આ રીતે પયરવી કરે.

અચાનક આપે એકવાર દીવાલથી પીઠ લગાડીને પગો ફેલાવતાં લોકોને કહ્યું કે આજે જે કાંઈ પૂછવું છે મને પૂછો. અને જ્યારે લોકોએ અર્ઝ કર્યું કે આજે શું અજબનો બનાવ છે ?! તો ફર્માવ્યું કે જ્યાં સુધી ઉસ્તાદ હયાત હતા ત્યાં સુધી તેમનો અદબ લાઝમી હતો. આ સાંભળીને લોકોએ તારીખ તથા સમય નોંધ કરી લીધો. અને ખબર કાઢતાં જાણવા મળ્યું કે બરાબર એ જ વખતે હઝરત ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہનો ઈન્તેકાલ થયો હતો.

**કરામત** : અમ્ર લૈષ એકવાર એવો બીમાર થયો કે તબીબોએ જવાબ આપી દીધો, જેથી તેણે આલમે યાસ (નિરાશાની સ્થિતિ)માં આપને બોલાવીને દુઆની દરખાસ્ત કરી. આપે ફર્માવ્યું કે દુઆ એના જ હક્કમાં અસરકારક બને છે જેણે તૌબા કરી લીધી હોય. જેથી પ્રથમ તમે તૌબા કરીને કેદીઓને મુક્ત કરી દો. અને જ્યારે તેણે હુકમનું પાલન કર્યું તો આપે દુઆ કરી કે, હે અલ્લાહ ! જે રીતે તેં તારી નાફર્માનીની બેઈજ્જતી તેને અતા કરી એ જ પ્રમાણે તારી ઈબાદતની અઝમત પણ તેને દેખાડી આપ. આટલુ કહેતાં જ તે તંદુરસ્ત થઈને ઉભો થઈ ગયો અને ઘણી બધી દોલત નઝરાણા રૂપે પેશ કરવા ચાહી પરંતું આપે ઈન્કાર કરી આપ્યો. પછી કોઈ મુરીદે રસ્તામાં અર્ઝ કરી કે જો આપ નઝરાણુ સ્વીકારી લેત તો હું કરજથી મુક્ત થઈ જાત. આપે ફર્માવ્યું કે જો તારે સોનુ જોવું હોય તો સામે જો ! અને જ્યારે તેણે નજર ઉઠાવી તો ચો તરફ સોનુ જ સોનુ દેખાવા લાગ્યું. અને આપે ફર્માવ્યું કે ખુદાએ જેને આ મર્તબો આપ્યો હોય તેને દોલતની તમન્ના કેવી રીતે થઈ શકે છે ?!

જ્યારે પાણીની સપાટી પર ચાલતા તો કદમ કદી ભીના થતા ન હતા. અને જ્યારે લોકોએ કહ્યું કે અમે સાંભળ્યું છે કે આ નાવડી વિના પાણી પર ચાલો છો ? ફર્માવ્યું કે મસ્જિદના મોઅઝ્ઝિનને પૂછી લો, એ જૂઠુ નથી બોલતો. અને જ્યારે તેને પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું કે એની તો મને ખબર નથી, અલ્બત્ત ! એકવાર આપ નહાતી વખતે હોજ પર ફેલાયને પડવાની નજીક થયા તો મેં પકડી લીધા. પરંતુ શયખ અબૂ અલી દકકાક કહે છે કે આપ ખૂબ કરામતવાળા હોવા છતાં જમાની નજરોથી છુપાવી રાખતા હતા.

જુમ્આની નમાઝથી પહેલાં બુઝુર્ગ મુલાકાત માટે આવ્યા તો જોયું કે આપની નજીક એક સાપ ગુછળુ

www.barkatekhwaja.net

વળીને બેઠો છે. અને જ્યારે તે બુઝુર્ગ ઈજાઝત લઈને નજીક પહોંચ્યો તો ફર્માવ્યું કે આસ્માનની હકીકતથી નાવાકેફ હોય છે તે જ જમીનની ચીજોથી ડરે પછી. પછી આપે એ બુઝુર્ગને પૂછયું કે જુમ્આની નમાઝના માટે શું ખયાલ છે ? તેમણે કહ્યું કે જામેઅ મસ્જિદ તો અહીંથી ૨૪ કલાકના અંતરે છે. આ સાંભળીને આપે એનો હાથ પકડી લીધો અને પળ ઝપકતાં મસ્જિદમાં પ્રવેશી ગયા. અને નમાઝ બાદ લોકો પર નજર નાખતાં ફર્માવ્યું કે મુખ્લિસ ઈમાનવાળા તો ખૂબ જ થોડા છે, અલબત્ત ! કલમો પઢનારા ખૂબ જ અધિક છે.

એકવાર જંગલોમાં આપને એક ખૂબ જ બુરા હાલવાળી વૃદ્ધા મળી. જેથી આપે જ્યારે તેણીની મદદ કરવા ચાહ્યું તો તેણે હાથ ઉઠાવીને મુઠ્ઠી બંધ કરી લીધી, અને જ્યારે મુઠ્ઠી ખોલી તો તેમાં સોનુ હતું. પછી તેણીએ આપને કહ્યું કે તમે તો ખિસ્સામાંથી રકમ કાઢો છો પરંતુ મને ગયબથી મળે છે ! અને આવું કહીને અચાનક ગાયબ થઈ ગઈ. અને જ્યારે આપે બયતુલ્લાહ પહોંચીને તવાફ કરવાનું શરૂ કર્યું તો તવાફ દરમ્યાન જોયું કે કા'બા ખુદ તે વૃદ્ધાનો તવાફ કરી રહ્યો છે. અને જ્યારે આપ તેણીની નજીક થયા તો તેણે કહ્યું કે જે ઈખ્તેયારી તૌર પર અહીં પહોંચે છે તેના માટે તવાફ કરવો જરૂરી છે, પરંતુ જે ઈઝતેરારી (બેઈખ્તિયાર) રીતે આવે છે તેનો કા'બા ખુદ તવાફ કરે છે.

**બનાવ** : આપે ફર્માવ્યા કરતા હતા કે મારી એક એવા ખુદા રસીદા સાથે મુલાકાત થઈ છે જે રાત દિવસ દરિયાની અંદર રહે છે. અને કેવળ પાંચ સમયોની નમાઝો માટે બહાર નીકળે છે. પરંતુ એમના ઉપર પાણીની કોઈ જ અસર નથી ન હતી. પછી ફર્માવ્યું કે મેં એકવાર ખ્વાબ જોયો કે કયામત કાયમ છે અને એક પક્ષી પકડી પકડીને લોકોને જન્નતમાં લઈ જાય છે. અને જ્યારે મને આશ્ચર્ય થયું તો ગયબી અવાજ (નિદા) આવ્યો કે આ પક્ષી દુનિયવી તકવો છે અને આજે તકવાવાળાઓ તેના તુફૈલમાં જન્નતમાં દાખલ થઈ રહ્યા છે.

ફર્માવ્યું કે મેં ખ્વાબમાં જોયું કે જન્નતમાં છું અને ત્યાં ત્રણ બુઝુર્ગોથી મુલાકાત કરીને એ સવાલ કરી રહ્યો છું કે દુનિયામાં સૌથી અધિક ભયજનક ચીજ તમને કઈ લાગી ? તેમણે જવાબ આપ્યો કે ખાત્માનો ડર સૌથી અધિક હતો. પછી ફર્માવ્યું કે મેં ખ્વાબમાં ઈબ્લીસને કહ્યું કે તારી નજીક સૌથી અધિક પરેશાન કરનાર કઈ ચીજ છે ? તેણે કહ્યું કે બંદાનો ખુદાની સાથે રાઝો નિયાઝ. એકવાર મેં ઈબ્લીસને પકડીને પૂછયું, જ્યાં સુધી તું ખુદાની વહદાનિયત વિશે નહીં બતાવે ત્યાં સુધી હું છોડીશ નહીં. જેથી તેણે એટલા પ્રમાણમાં ખુલાસાવાર મઅરૂફે વહદાનિયત (વહદાનિયતની ઓળખ) વર્ણન કરી કે એ અંદાઝમાં કોઈ આરિફ પણ વર્ણવી નથી શકતો.

**આપના ઈર્શાદો** : પેટ ભરીને ખાવાથી નફ્સાની ખ્વાહિશો પોતાની ઉચ્ચતા પર પહોંચી જાય છે અને નફ્સ પોતાની વાંછનાઓ તલબ કરવા લાગે છે. ફર્માવ્યું કે હલાલ રોજીથી મેહરૂમી ગોશાનીશીની માટે લાભદાયી નથી થઈ શકતી, અને હલાલ રોજી તેને જ મળે છે જેને ખુદા ચાહે. ફર્માવ્યું કે ફાકાકશી વિના ઈબાદત કબૂલિયતથી મહેરૂમ રહે છે અને જે ભૂખ, બેઈજ્જતી તથા કનાઅત (થોડામાં કે જે મળે તેમાં રાજી રહેવું)ને અપનાવી લે છે તેને જ ઈબાદતની લિજ્જત પણ મળે છે. અને ફાકાકશને ઈબ્લીસ પણ ધોકો નથી આપી શકતો. અને **હલાલ રોજીથી સંપૂર્ણ અંગો ઈબાદત પ્રતિ વળેલાં રહે છે, અને હરામ રોજીથી લાલચ અને ગુનાહોમાં વધારો થતો રહે છે.** ફર્માવ્યું કે સિદ્દીકો તથા શહીદો સિવાય કોઈને ઉદારદિલી હાંસલ નથી થતી. ફર્માવ્યું કે ખુદા સિવાય કોઈ ચીજથી પણ લાલચ રાખવી હરામ છે અને જે કરવાનાં કામો કરવાથી અને મના ચીજોથી બચવાની પાબંદી નથી કરતો તે મઅરેફતે ઈલાહીથી વંચિત રહે છે.



મસ્અલો ૪

# તા'ઝીમે રસૂલ ﷺ

હપ્તો ૦૪

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર દારુલ ઈફતા જામિઆ અશ્રફિયા–મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

## ★ તા'ઝીમે રસૂલનો ત્રીજો નમૂનો ★

**(૧૪)** હઝરત સાઈબ બિન યઝીદ વર્ણવે છે કે હું "મસ્જિદે નબવી શરીફ"માં ઉભો હતો તેવામાં કોઈ શખ્સે મારા પર કાંકરી ફેંકી. મેં જોયું તો તે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ હતા. તેમણે ફર્માવ્યું કે, જાવ ! અને તે બંનેવને મારી પાસે હાજર કરો ! મેં તેમને હાજર કરી આપ્યા. તો આપે પૂછયું કે તમે લોકો કોણ છો ? અથવા ક્યાંથી આવ્યા છો ? તેમણે જણાવ્યું કે તેઓ "તાઈફ"ના રહેવાસી છે. તો હઝરત ઉમરે ફર્માવ્યું કે જો તમે લોકો આ શહેર (મદીના મુનવ્વરા)ના હોત તો તમને સજા આપત ! (કે અહીંના લોકો મસ્જિદે નબવીના આદાબથી વાકેફ છે) તમે લોકો રસૂલુલ્લાહ ﷺની મસ્જિદમાં તમારા અવાજો ઊંચા કરો છો ! *(સહીહ બુખારી, ૧/૬૭, કિતાબુસ્સલાત, ...........મજલિસે બરકાત, મુબારક)*

મસ્જિદોની નિસ્બત અલ્લાહ عزوجلની તરફ છે : إِنَّ الْمَسَاجِدَ لِلّٰهِ એટલા માટે ફુકહાએ કિરામ (ફકીહો) આમ મસ્જિદોનો એ અદબ વર્ણવે છે કે તેમાં અવાજ મોટો કરવામાં ન આવે. અને "મસ્જિદે નબવી શરીફ"ને ખાસ રસૂલુલ્લાહ ﷺથી પણ નિસ્બત છે, જેનો તકાઝો એ છે કે તેની તા'ઝીમ કરવામાં આવે અને સદંતર ત્યાં અવાજ ઊંચો કરવામાં ન આવે. હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ બંનેને તતડાવ્યા. અને જે કારણ વર્ણવ્યું તેનો તકાઝો એ જ છે. તેમણે :

تَرْفَعَانِ أَصْوَاتَكُمَا فِي مَسْجِدِ رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّم

(તમે લોકો રસૂલુલ્લાહ ﷺની મસ્જિદમાં તમારા અવાજો ઊંચા કરો છો ?!) ફર્માવીને પયગામ આપ્યો કે અહીં અવાજ મોટો કરવા પર સજાની વાત રસૂલે ગિરામી વકાર ﷺની નિસ્બતના કારણે છે.

## ★ તા'ઝીમે રસૂલનો ચોથો નમૂનો ★

હઝરત ઈબ્ને શિમાસા મહરી رضی اللہ عنہનું બયાન છે કે હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہએ દુનિયાથી પોતાના આખેરતના સફરના સમયે ફર્માવ્યું કે, "મારી નજીક અલ્લાહના રસૂલ ﷺથી વધુ મહબૂબ અને મારી નિગાહોમાં આપની વધુ તા'ઝીમ તથા સન્માનને પાત્ર કોઈ હતું નહીં. અને હું આપની અઝમત તથા જલાલત (મહાનતાના પ્રભાવ)ના કારણે આંખ ભરીને આપનો દીદાર કરી શકતો ન હતો. જો મને આપનો હુલિયો (ચહેરા મોહરાનું વર્ણન) કરવાનું કહેવામાં આવે તો હું વર્ણન કરી શકતો નથી, કેમ કે મેં હુઝૂરને આંખો જમાવીને જોયા જ નથી. જો હું એ હાલમાં મરતો તો મને ઉમ્મીદ હતી કે હું જન્નતવાસીઓમાંથી હોત. *(સહીહ મુસ્લિમ, ૧/૭૬, કિતાબુલ ઈમાન, ..........મજલિસે બરકાત)*

## ★ તા'ઝીમે રસૂલ ﷺનો પાંચમો નમૂનો ★

હઝરત ઓસામા બિન શરીકથી રિવાયત છે. તે ફર્માવે છે કે હું નબી કરીમ ﷺની ખિદમતે અકદસમાં હાજર થયો તો સહાબાએ કિરામ આપની બારગાહમાં એ રીતે મૌજૂદ હતા જાણે કે એમનાં માથાંઓ પર પક્ષીઓ બેઠાં હોય !

ઈમામ હાકિમ ફર્માવે છે : આ હદીષ સહીહ છે. શયખૈને એની તખરીજ (Deduction) નથી કરી અને ઈમામ ઝહબીએ પણ તલ્ખીસમાં એને સહીહ કહી. *(સુનને અબી દાઊદ, પેજ–૪૨૪, કિતાબુત્તિબ્બ,*

*હદીષ : ૩૮૫૫, મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, પેજ : ૧૩૪૫, મુસ્નદુલ કૌફિય્યીન, હદીષ : ૧૮૬૪૫, અલ મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૧૨૧, કિતાબુલ ઈલ્મ.....)*

એટલે કે સહાબાએ કિરામ હઝરાત رضوان اللہ تعالیٰ علیہم اجمعین બારગાહે નબુવ્વતમાં એટલા પ્રમાણમાં સુકૂન (શાંતિ)ની સાથે અદબ તથા તવાઝોઅ (આજીજીની) પ્રતિમા બનીને બેઠેલા હતા જેમ કે એમનાં માથાંઓ પર પક્ષીઓ હોય જે કાંઈ પણ હલન ચલન મહેસૂસ કરીને ઉડી જાય. આ છે આયતે કરીમા لا تَرْفَعُوا أَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ ની અમલી તફસીર અને નબી કરીમ ﷺની અજોડ તા'ઝીમ તથા તૌક઼ીર (અદબ) !

## ★ તા'ઝીમે રસૂલનો છટ્ઠો નમૂનો ★

**(૧૫)** હઝરત અનસ رضی اللہ عنہ વર્ણવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને જોયા કે હજામ આપના બાલ મૂંડી રહ્યો છે અને સહાબાએ કિરામે હુઝૂર ﷺને ઘેરી લીધેલા છે કે ક્યાંક કોઈ બાલ મુબારક જમીન પર ન પડી જાય. તેમની ખ્વાહિશ બસ એ હતી કે જે પણ બાલ મુબારક પડે તે કોઈ સહાબીના હાથમાં પડે. *(સહીહ મુસ્લિમ, ૨/૨૫૬, કિતાબુલ ફઝાઈલ......)*

બાલ મુબારકનો આ અદબ એ વિના શંકાએ તા'ઝીમે નબીનો શ્રેષ્ઠ નમૂનો છે.

★ સરકારે અબદ ક઼રાર ﷺ પોતાના કોઈ કામના માટે હુકમ ફર્માવે તો સહાબાએ કિરામનું તેના પાલન માટે દોડી પડવું જેથી એ સઆદત તેમના ભાગ આવે, એ વિના શંકાએ આપ ﷺથી મહોબ્બત તથા તા'ઝીમના કારણે છે.

★ પોતાના મહબૂબ તથા મોઅઝ્ઝમને મહોબ્બતભરી નજરે જોવું તા'ઝીમ છે, પણ એનાથી પણ આ'લા તા'ઝીમ એ છે કે મહબૂબની બેપનાહ અઝમતના કારણે તેના ચેહરા મુબારક પર નિગાહો ન જામી શકે. ઉરવા ઈબ્ને મસ્ઊદ ષક઼ફીએ સહાબાએ કિરામની આ જ તા'ઝીમનો આંખો દેખ્યો બનાવ વર્ણવ્યો છે. અને સહાબીએ રસૂલ હઝરત ઉરવા ઈબ્ને આસ رضی اللہ عنہએ પોતાની કામયાબ જિંદગી જે જન્નતની કાયમી રાહતથી સરફરાઝીનો એહસાસ અપાવે, એના હાલાતમાં આ જ તા'ઝીમનો ઉલ્લેખ કર્યો છે.

મધ્યાહન સમયે જગમગી રહેલા સૂર્ય પર નજરો જામી નથી શકતી એનું કારણ એની બેપનાહ (અમાપ) ચમક છે. અને રુખે મુસ્તફા (ચહેરા મુબારક) પર મુસ્તફાના આશિકોની નજરો જમી નથી શકી એનો સબબ આપની અમાપ અઝમત (બુઝુર્ગી, મહાનતા, ઈજ્જત) છે.

સરકારે કાઈનાત ﷺ માથા મુબારકના બાલ કપાવી રહ્યા છે અને સહાબા આપની આસપાસ પરવાનાવાર (પતંગિયાંઓ માફક) એટલા માટે જમા થયેલા છે કે કોઈ મૂએ મુબારક (બાલ મુબારક) જમીન પર ન પડી જાય. તેમની દરેક શક્ય કોશિશ એ જ હતી કે જે પણ મૂએ મુબારક માથાથી અલગ થાય તે એમના હાથોનું તબર્રુક બને. એ વિના શંકાએ હુઝૂર સૈયદે આલમ ﷺથી તેમના ગાઢ લગાવ અને હદ દરજાની તા'ઝીમ તથા મહોબ્બતના કારણે હતું. એ હઝરાત મૂએ મુબારકની તા'ઝીમને પણ નબીની તા'ઝીમનો એક ભાગ માનતા હતા જેનો હુકમ કુર્આને મુક઼દ્દસે આપ્યો : وَتُعَزِّرُوْهُ وَتُوَقِّرُوْهُ (અને રસૂલની તા'ઝીમ તથા તૌક઼ીર–ઈજ્જત કરો. *(સૂરએ ફતહ, ૪૮/૯)*

★ સામાન્ય માણસોના વુઝૂનું બચેલુ પાણી મુતબર્રક માનવામાં આવે છે પણ તેનું ધોવણ મોતબર્રક નથી સમજવામાં આવતું, બલ્કે એનાથી સામાન્યપણે સભ્યતાવાળી વ્યક્તિને ઘૃણા ઉપજે છે. એનાથી ઉલ્ટુ હુઝૂર સૈયદે કાઈનાત ﷺના વુઝૂનું ધોવણ ઈશ્ક઼ો ઈર્ફાનની નિગાહમાં એટલુ મુતબર્રક તથા તા'ઝીમને પાત્ર છે કે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینને તેનું જમીન પર પડવું માન્ય ન હતું ! અને તેઓ એને હાંસલ કરવાના માટે તૂટી પડતા હતા કે કદાચ એમને થોડુક ધોવણ મયસ્સર થઈ જાય

www.barkatekhwaja.net

અને તેને તેઓ પોતાની નેક નસીબી સમજે.

ધોવણની આ તા'ઝીમ વિના શંકાએ સરકાર ﷺની નિસ્બતના કારણે છે અને યક઼ીનન ! અજોડ તા'ઝીમ છે.

અને એમાં પણ સૌથી વિશેષ તા'ઝીમનું ઉચ્ચ દષ્ટાંત સરકારે અબદ ક઼રાર ﷺના બલ્ગમ અને ખંખારની તા'ઝીમ છે કે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને એ માન્ય ન હતું કે આપનુ બલ્ગમ જમીન પર પડે એટલા માટે એ હઝરાત એને પોતાના હાથોમાં લઈ લેતા અને તેની બરકતોથી પોતાને મુશર્રફ (ભાગ્યવાન) કરવા માટે તેને પોતાના ચહેરા તથા શરીર પર મસળી લેતા.

શું આ સાક્ષીઓ (શહાદતો)એ વાતના માટે પૂરતી નથી કે રસૂલે આ'ઝમ ﷺની તા'ઝીમ કેવળ ''મોટાભાઈ''ના જેટલી ન કરવી જોઈએ બલ્કે એક ઉમ્મતીને પોતાના રસૂલની જેવી તા'ઝીમનો હુકમ આપવામાં આવ્યો છે જેના અમુક નમૂના સહાબાએ કિરામની જિંદગીથી રજૂ કરવામાં આવ્યા છે એવી તા'ઝીમ કરવી જોઈએ.

કિતાબ તથા સુન્નતની આ નુસૂસ (દલીલો) એલાનિયા તૌર પર શહાદત (સાક્ષી) આપી રહી છે કે હુઝૂર ﷺનો મર્તબો અલ્લાહની બારગાહમાં કેવળ ''મોટાભાઈ'' જેટલો નથી બલ્કે આપનો રુત્બો અલ્લાહ عزوجل تعالیٰના પછી સૌથી મહત્વનો છે. એ જ કારણે અલ્લાહ પર ઈમાન બાદ આપ ﷺની તા'ઝીમ તથા તૌક઼ીરનો હુકમ આપવામાં આવ્યો અને એ જ કારણે આપ ﷺ કોઈ નમાઝીને યાદ કરે તો એના પર લાઝિમ થઈ જાય છે કે નમાઝ છોડીને આપની બારગાહમાં હાજર થઈ જાય.

એક તરફ કિતાબ તથા સુન્નતના સ્પષ્ટ આદેશો છે અને બીજી બાજુ તેની સામે વહાબીઓની શરીઅતનો આવો અક઼ીદો તેમની કિતાબ 'સિરાતે મુસ્તક઼ીમ''માં છે : (ફારસીનો અનુવાદ) :

''અંધકારો એકના પર એક (પડો) છે''નો તકાઝો એ છે કે ઝિનાના વસવસા કરતાં પોતાની પત્ની સાથે સંભોગનો ખયાલ બેહતર છે. અને શયખ (પીર) અથવા એમના જેવા માનનીય, ભલે એ જનાબ રિસાલત મઆબ (રસૂલુલ્લાહ ﷺ) હોય, નો ખયાલ ગાય અને ગધેડાની શકલ તથા સૂરતમાં ખોવાય જવા કરતાં કેટલાય અંશે બદતર છે. કેમ કે તેમનો ખયાલ તા'ઝીમ તથા બુઝુર્ગી (ઈજલાલ) સાથે માણસના દિલમાં ગહરાઈ (ઊંડાણ)માં ચિપકી જાય છે. એનાથી ઉલ્ટુ ગાય તથા ગધેડાનો ખયાલ ન તો આટલા પ્રમાણમાં દિલથી ચિપકે છે અને ન તો તા'ઝીમની સાથે આવે છે, બલ્કે તેમનો ખયાલ ઝિલ્લત તથા હિકારત (તુચ્છતાપૂર્વક) આવે છે અને ગૈરુલ્લાહની આ તા'ઝીમ નમાઝમાં મલ્હઝ અને મકસૂદ હોય તો શિર્કની તરફ ખેંચીને લઈ જાય છે.'' *(સિરાતે મુસ્તક઼ીમ, મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી, પેજ : ૮૬)*

આ લખાણનો સારાંશ એ છે કે, ''નમાઝમાં ગાય તથા ગધેડાનો ખયાલ તા'ઝીમ સાથે નહીં બલ્કે તૌહીન સાથે આવશે અને રસૂલુલ્લાહ તથા અન્ય અઝમતવાળા હઝરાતનો ખયાલ તા'ઝીમ તથા તૌક઼ીર સાથે આવશે, એટલા માટે એ શિર્કની તરફ ખેંચીને લઈ જશે, જેથી ગાય તથા ગધેડાનો ખયાલ લાવવો રસૂલુલ્લાહ ﷺ તથા અન્ય અઝમતવાળા હઝરાતનો ખયાલ લાવવા કરતાં કેટલાય ગણો વધારે બુરો છે.''

**આ તે અક઼ીદો છે જેનો ઉલ્લેખ ન ક઼ુર્આનમાં છે ન સુન્નતે રસૂલુલ્લાહમાં, ન ઈજમાઅમાં, ન સલફ તથા ખલફ (આગલા તથા પાછલા બુઝુર્ગો)ના આદેશોમાં ! જો ક્યાંક એનું વર્ણન છે તો કેવળ વહાબી ફિર્ક઼ાની કિતાબ ''સિરાતે મુસ્તક઼ીમ''માં છે જે ઉઘાડા છોગે (ઓપનલી) ક઼ુર્આન તથા સુન્નતની વિરુદ્ધ છે.** અમે હદીષની કિતાબોના પાનાંઓ અને સહીહ હદીષો આપની સમક્ષ રાખી દીધી છે તેનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરી લો તો સ્પષ્ટ થઈ જશે કે, ''ઈમામુલ વહાબિયા''નો આ અક઼ીદો ''સહીહ હદીષો''થી ઉઘાડો ઈન્હેરાફ (ભાગી છૂટવું, વિમુખ થવું) છે.

www.barkatekhwaja.net

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

**લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી** رحمۃ اللہ علیہ

કાર્યાલય — હપ્તો : ૧૧

''બહારે શરીઅત'' (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **''ઈસ્લામી અખ્લાક઼ો આદાબ''** એ ''બહારે શરીઅત''નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

**હદીષ–૨** : ઈમામ અહમદ વ મુસ્લિમ વ અબૂ દાઊદે હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, સૂરજ ડૂબી જાય તો જ્યાં સુધી ઈશાનું અંધારું જતુ ન રહે તો પોતાના જાનવરો અને બાળકોને ન છોડો કારણ કે આ સમયે શૈતાન વિખેરાય જાય છે.

**મસ્અલા–૩** : સહીહ બુખારી વ મુસ્લિમ, ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે ઊંઘવાના સમયે પોતાના ઘરોમાં આગ છોડી ન રાખો.

**હદીષ–૪** : સહીહ બુખારીમાં હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہથી મરવી છે કે મદીનામાં એક મકાન રાતના સમયે સળગી ઉઠયું. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ''આગ તમારી દુશ્મન છે જ્યારે સૂઈ જાવ તો ઓલવી દો.''

**હદીષ–૫** : શરહે સુન્નામાં હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જ્યારે રાતમાં કૂતરાનું ભોક્વું અને ગધેડાનો અવાજ સાંભળો તો ''અઊઝુબિલ્લાહિ મિનશ્શયતાનિર્રજીમ'' પઢો કે તે એ વસ્તુને જુએ છે જેને તમે નથી જોતા અને લોકોનું આવવાનું જવાનું બંધ થઈ જાય તો ઘરમાંથી ઓછા બહાર નીકળો કે અલ્લાહ عزوجل રાતમાં પોતાની મખ્લૂક઼માંથી જેને ચાહે છે જમીન પર ફેલાવે છે.

## ★ બેસવાના અને ઉંઘવાના અને ચાલવાના આદાબ ★

કુર્આન મજીદમાં ફર્માવે છે :–

وَلَا تُصَعِّرْ خَدَّكَ لِلنَّاسِ وَلَا تَمْشِ فِي الْاَرْضِ مَرَحًا ؕ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ كُلَّ مُخْتَالٍ فَخُوْرٍ ﴿۱۸﴾ وَ اقْصِدْ فِيْ مَشْيِكَ وَ اغْضُضْ مِنْ صَوْتِكَ ؕ اِنَّ اَنْكَرَ الْاَصْوَاتِ لَصَوْتُ الْحَمِيْرِ ﴿۱۹﴾

''(લુકમાને બેટાથી કહ્યું) કોઈની જોડે વાત કરવાથી પોતાના ગાલ વાકાં ન કર અને જમીન પર ઘમંડભેર ન ચાલ, બેશક ! અલ્લાહ عزوجلને પસંદ નથી કોઈ ઘમંડવાળો, ફખ્ર કરવાવાળો અને દરમિયાની ચાલે ચાલ, અને પોતાની અવાજ ધીરો કર, બેશક ! તમામ અવાજોમાં સૌથી ખરાબ અવાજ ગધેડાનો છે.''

*(સૂ. લુકમાન, આ. ૧૮,૧૯)*

અને ફર્માવે છે :–

وَ لَا تَمۡشِ فِی الۡاَرۡضِ مَرَحًا ۚ اِنَّکَ لَنۡ تَخۡرِقَ الۡاَرۡضَ وَ لَنۡ تَبۡلُغَ الۡجِبَالَ طُوۡلًا ﴿۳۷﴾

"અને જમીન પર ઈતરાતો (ઘમંડભેર) ન ચાલ ! બેશક ! તું ક્યારેય ન તો જમીન ફાડી શકે છે અને ન તો પહાડની ઊંચાઈએ પહોંચી શકે છે" *(સૂ. બની ઈસ્રાઈલ–૩૭)* અને ફર્માવે છે :

وَ عِبَادُ الرَّحۡمٰنِ الَّذِیۡنَ یَمۡشُوۡنَ عَلَی الۡاَرۡضِ هَوۡنًا وَّ اِذَا خَاطَبَهُمُ الۡجٰهِلُوۡنَ قَالُوۡا سَلٰمًا ﴿۶۳﴾ وَ الَّذِیۡنَ یَبِیۡتُوۡنَ لِرَبِّهِمۡ سُجَّدًا وَّ قِیَامًا ﴿۶۴﴾

"અને અલ્લાહના બંદા તેઓ છે જે જમીન પર ધીરે ચાલે છે અને જાહિલ (અજ્ઞાન) જ્યારે તેમને સંબોધન કરે છે તો સલામ કહે છે. અને તે જે પોતાના રબ માટે સજદો અને ક઼યામમાં રાત પસાર કરે છે." *(સૂ. ફુર્ક઼ાન, ૬૩/૬૪)*

અને ફર્માવે છે :–

یٰۤاَیُّهَا الَّذِیۡنَ اٰمَنُوۡۤا اِذَا قِیۡلَ لَکُمۡ تَفَسَّحُوۡا فِی الۡمَجٰلِسِ فَافۡسَحُوۡا یَفۡسَحِ اللّٰهُ لَکُمۡ ۚ وَ اِذَا قِیۡلَ انۡشُزُوۡا فَانۡشُزُوۡا یَرۡفَعِ اللّٰهُ الَّذِیۡنَ اٰمَنُوۡا مِنۡکُمۡ ۙ وَ الَّذِیۡنَ اُوۡتُوا الۡعِلۡمَ دَرَجٰتٍ ؕ

"હે ઈમાનવાળાઓ ! જ્યારે તમને કહેવામાં આવે છે મહેફિલોમાં જગા આપો તો આપી દો, અલ્લાહ તમને જગા આપશે. અને જ્યારે કહેવામાં આવે ઊભા થઈ જાવ તો ઊભા થઈ જાવ. અલ્લાહ તબારક વ તઆલા તમારામાં ઈમાનવાળાઓ અને ઈલ્મવાળાઓને ઘણો ઊંચા હોદ્દો કરશે."

**હદીષ–૧** : સહીહ બુખારી વ મુસ્લિમમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કોઈ એવું ન કરે કે એક શખ્સ બીજાને તેની જગા પરથી ઉઠાડીને પોતે બેસી જાય, પરંતુ ખસી જાવ અને જગા વધારે કરી આપો. એટલે કે બેસવાવાળાને જોઈએ કે આવવાળાઓ માટે ખસી જાય અને જગા આપે કે તે પણ બેસી જાય અથવા આવનાર કોઈને પણ ન ઉઠાવે બલ્કે તેમને કહે ખસી જાવ મને પણ જગા આપો. સહીહ બુખારીમાં એ પણ લખવામાં આવે છે કે ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી તેને મકરૂહ જાણે છે કે કોઈ શખ્સ પોતાની જગાથી ઉઠી જાય અને તેની જગા પર બેસી. હઝરત ઈબ્ને ઉમરનું આ કામ વરઅના કમાલના દરજે હતું કે ક્યાંક એવું ન થાય કે તેનો જીવ ચાહતો ન હોય અને કેવળ તેના માટે જગા છોડી દીધી હોય.

**હદીષ–ર** : અબૂ દાઊદે હઝરત સઈદ બિન અબુલ હસનથી રિવાયત કરી. કહે છે કે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ અમારી પાસે એક શહાદતમાં આવ્યા એક શખ્સ તેમના માટે તેમની જગાથી ઉઠી ગયા. તેમણે એ જગા પર બેસવાનો ઈન્કાર કરી દીધો અને કહ્યું કે નબીએ કરીમ ﷺએ તેનાથી મના ફર્માવ્યું છે. અને હુઝૂર ﷺએ આ વસ્તુથી પણ મના ફર્માવ્યું છે કે કોઈ શખ્સ એવા શખ્સના કપડાથી હાથ લૂછે જેને એ કપડુ પહેરાવ્યું નથી. આ હદીષમાં પણ ભલે એવું નથી કે અબૂબક્ર رضی اللہ عنہ એ તે શખ્સને તેની જગ્યાએથી ઉઠાડયો હોય બલ્કે તે શખ્સ પોતે ઊભો થઈ ગયો હતો અને જાહેરમાં આ સ્થિતિ મનાઈની નથી પરંતું સાવચેતી માટે છે કે તેમણે આવી પરિસ્થિતિમાં બેસવાનું પસંદ ન કર્યું કે ભલે ઉઠવાનું કહ્યું ન હતું, પરંતુ ઊભુ થવું કેમ કે તેમના માટે થયું જેથી આ વિચાર કર્યો કે આ પણ ઉઠાડવાના જ હુકમમાં ન હોય.

**હદીષ–૩** : સહીહ મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ પોતાની જગા પરથી ઊભો થઈ ગયો તો તે જગાનો એ જ દાવેદાર છે એટલે કે જ્યારે જલ્દી આવી જાય.

**હદીષ–૪** : અબૂદાઊદે હઝરત અબૂહુરૈરહ્ رضی اللہ عنہ થી

રિવાયત કરી કહે છે કે રસૂલુલ્લાહ ﷺ જયારે બેસતા અને અમે લોકો હુઝૂર ﷺની પાસે બેસતા અને ઊભા થઈને તશરીફ લઈ જતા પરંતુ પરત ફરવાનો ઈરાદો હોય તો નાલૈન મુબારક અથવા કોઈ વસ્તુ ત્યાં છોડી દેતા તેનાથી સહાબાને ખબર થઈ જતી કે હુઝૂર ﷺ તશરીફ લાવશે અને તમામ લોકો રોકાય રહેતા.

**હદીષ-૫** : તિર્મિઝી વ અબૂ દાઊદે હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, કોઈને એ હલાલ નથી કે બે શખ્સોના વચ્ચે જુદાઈ કરી દે (એટલે કે બંનેવની વચ્ચે બેસી જાય) પરંતુ તેની પરવાનગીથી.

**હદીષ-૬** : બયહકીએ શોઅબુલ ઈમાનમાં હઝરત વાષિલા બિન ખત્તાબ رضی اللہ عنہથી રિવાયત છે કે એક શખ્સ રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં ઉપસ્થિત થયા અને હુઝૂર મસ્જિદમાં તશરીફ ફર્મા હતા. તેના માટે હુઝૂર ﷺ પોતાની જગાએથી ખસ્યા. તેણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! જગા વધારે છે. (હુઝૂર ﷺને ખસવા કે તકલીફ ફર્માવવાની જરૂર નથી) ઈર્શાદ ફર્માવ્યું, મુસ્લિમનો હક્ક઼ છે કે જયારે તેનો ભાઈ તેને જુએ તો તેના માટે ખસી જાય.

**હદીષ-૭** : રઝીને હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ જયારે મસ્જિદમાં બેસતા તો બંનેવ હાથોથી ઈહતેબા કરતા. ઈહતેબાની સ્થિતિ એ છે કે માણસ બેઠકને જમીન પર મૂકી દે અને ઘૂંટણને ઊભા રાખી બંનેવ હાથો વડે ઘેરે અને એક હાથને બીજાથી પકડે આ રીતે બેસવું આજિઝી અને નમ્રતામાં ગણતરી થાય છે.

**હદીષ-૮** : અબૂ દાઊદે હઝરત જાબિર બિન સમુરહ رضی اللہ عنہથી રિવાયત કરી કે નબીએ કરીમ ﷺ જયારે ફજરની નમાઝ પઢી લેતા તો ક઼ાયદામાં બેસી જતા ત્યાં સુધી કે સૂરજ ઊગી નીકળતો.

**હદીષ-૯** : અબૂ દાઊદે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જયારે કોઈ શખ્સ છાંયડામાં હોય અને છાંયડો હટી ગયો અને થોડો છાંયડામાં હોય અને થોડો તાપમાં તો ત્યાંથી ઉઠી જાય.

**હદીષ-૧૦** : અબૂ દાઊદે હઝરત અમ્ર બિન ષરીદ رضی اللہ عنہથી, તે પોતાના વાલિદથી રિવાયત કરે છે કે હું એ રીતે બેઠો કે ડાબા હાથને પીઠ પાછળ કરી દીધો અને જમણા હાથની હથેળીની નરમ જગ્યા પર ટેક લગાડી દીધી. રસૂલુલ્લાહ ﷺ મારી પાસેથી પસાર થયા અને ફર્માવ્યું, શું તમે તે લોકોની જેમ બેસો છો જેના પર ખુદાનો ગઝબ છે.

**હદીષ-૧૧** : અબૂ દાઊદે હઝરત જાબિર બિન સમુરહ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે જયારે નબીએ કરીમ ﷺની ખિદમતમાં ઉપસ્થિત થતા તો અમે ત્યાં બેસી જતા જ્યાં મહેફિલ સંપૂર્ણ થઈ જતી એટલે કે મહેફિલના કિનારા પર બેસતા, તેને ઓળંગીને અંદર ન જતા.

**હદીષ-૧૨** : તિબ્રાનીએ હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જયારે કોઈ શખ્સ કોઈ ક઼ૌમની પાસે આવે અને તેની ખુશી માટે લોકો જગા આપે તો અલ્લાહ પર હક્ક઼ છે કે તેમને ખુશ કરે.

**હદીષ-૧૩** : અબૂ દાઊદે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કેટલાક કલમાઓ છે કે જે શખ્સ મહેફિલથી ફારિગ થઈને એને ત્રણ વખત કહી લેશે તો અલ્લાહ તબારક વ તઆલા તેના ગુનાહ માફ કરી દેશે, અને જે શખ્સ ભલાઈની મહેફિલ અને ઝિક્રની મહેફિલમાં તેને કહેશે તો અલ્લાહ તબારક વ તઆલા એમના માટે તે ભલાઈ પર મહેરબાની કરશે જેવી રીતે કોઈ શખ્સ વીંટીથી મોહર કરે છે અને તે આ છે :-

www.barkatekhwaja.net

سبحانَكَ اللهمَّ وبحمدِكَ لا إلهَ إلا أنتَ أستغفرُكَ وأتوبُ إليكَ

**હદીષ-૧૪ :** હકીમે મુસ્તદરકમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **જે લોકો લાંબા સમય સુધી કોઈ જગાએ બેસે અને અલ્લાહના ઝિક્ર અને નબીએ કરીમ صلی اللہ علیہ وسلم પર દુરૂદ પઢવા સિવાય ત્યાંથી અલગ થઈ ગયા તેમણે નુકસાન કર્યું, જો અલ્લાહ ચાહે તો તેને અઝાબ આપે અને ચાહે તો માફ કરી દે.**

**હદીષ-૧૫ :** બઝ્ઝારે હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જ્યારે બેસે તો ચંપલ ઉતારી લે જેથી કરીને તમારા પગને આરામ મળે.

**હદીષ-૧૬ :** સહીહ મુસ્લિમમાં હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ પગ પર પગ મૂકવાથી મના ફર્માવ્યું છે જ્યારે કે ચત્તો સૂતો હોય.

**હદીષ-૧૭ :** સહીહ મુસ્લિમ વ બુખારીમાં હઝરત અબ્બાદ બિન તમીમથી રિવાયત છે કે તે પોતાના કાકાથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને મસ્જિદમાં આડા પડેલા મેં જોયા. હુઝૂર صلی اللہ علیہ وسلمએ એક પગ પર બીજા પગ મૂકેલો હતો. આ લખાણ જવાઝ માટે છે કે તે પરિસ્થિતિમાં કે સતરે ઔરત ખુલવાનો અંદેશો ન હોય અને પ્રથમ હદીષ તે પરિસ્થિતિમાં છે કે સતર ઔરત ખુલવાનો અંદેશો હોય. દા.ત. આદમી લુંગી પહેરેલી હોય અને સીધો સૂઈને એક પગ ઊભો કરીને તેના પર બીજાને મૂકે છે તો તેનાથી સતર ખુલાવનો અંદેશો હોય છે અને પગ ફેલાવવાથી એકને બીજા પગ પર મૂકે તો આ સ્થિતિમાં ખુલવાનો અંદેશો નથી.

**હદીષ-૧૮ :** શરહે સુન્નામાં છે કે અબૂ કતાદહ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم જ્યારે મંઝિલમાં ઉતરતા તો જમણી કરવટ પાસા પર સૂતા અને જ્યારે સવારથી થોડાક જ પહેલાં ઉતરતા તો જમણા હાથને ઊભો કરતા અને તેની હથેળી પર માથુ મૂકીને સૂઈ જતા.

**હદીષ-૧૯ :** તિર્મિઝીએ હઝરત જાબિર બિન સમુરહ رضی اللہ عنہથી રિવાયત કરી કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને ડાબી કરવટ પર (ડાબા પડખે) તકીયો લગાડેલા જોયા.

**હદીષ-૨૦ :** તિર્મિઝીએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ એક શખ્સને પેટભેર (ઉંધો) ઊંઘતાં જોયો તો ફર્માવ્યું, આ રીતે ઊંઘવાને અલ્લાહ પસંદ નથી ફર્માવતો.

www.barkatekhwaja.net

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : **રૂા. ૪૫૦/-** (ટપાલ ખર્ચ રૂા.૭૫ અલગ)

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, ગુજરાત,

ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

ઈસ્લામના મુજદ્દિદો
વિશે વર્ણન

પ્રથમ સદીના મુજદ્દિદ ૪

# હઝરત અબૂ મુહમ્મદ અતા બિન અબી રિબાહ

***(હિ.સ. 33 થી ૧૧૦)***

*(કાર્યાલય)*

**ઈલ્મે ફિક્હ** : આપ એક જલીલુલ કદર અને સમજદાર (દીર્ઘ દષ્ટિવાળા) મુફતી તથા ફકીહ હતા. અબૂ હાઝિમ અઅ્રજ ફર્માવે છે : અતા મક્કાવાસીઓ પર ફત્વામાં અગ્રતા પામી ગયા.

*(સિયરુલ અઅ્લામુન્નબલા, ૫/૫૦, દારુલ કુતુબ ઈલ્મિયા, બૈરૂત, લબનાન)*

હઝરત ઉમર બિન સઈદ અબી હુસૈન પોતાનાં વાલિદાથી વર્ણવે છે કે તેમણે કોઈને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની પાસે કોઈ ચીજના સંબંધે પૂછવા માટે મોકલ્યો તો તેમણે ફર્માવ્યું, હે મક્કાવાળાઓ ! તમે લોકો મારી પાસે આવો છો, જ્યારે કે તમારા વચ્ચે હઝરત અતા મૌજૂદ છે.

*(હવાલો : ઉપર મુજબ)*

એ જ ઈમામ મૌસૂફ બીજે ઠેકાણે ફર્માવે છે : ''પૃથ્વીના પટ પર મનાસિકે હજજનો આલિમ હઝરતથી મોટો કોઈ નથી.'' *(ઉપર મુજબ)*

એક અન્ય જગાએ ફર્માવ્યું, ''જ્યાં સુધી બની શકે તમે હઝરત અતાથી ઈલ્મ હાંસલ કરો.'' *(ઉપર મુજબ)*

અબ્દુલ્લાહ ઈબ્ને ઈબ્રાહીમ બિન ઉમર બિન કેસાનનું બયાન છે કે તેમના પિતાએ ફર્માવ્યું, મને યાદ આવે છે કે બનૂ ઉમૈયાના જમાનામાં એક મુનાદી (ગયબી પોકારનાર) મોટા અવાજે એ અવાજ આપતો હતો કે હઝરત અતા સિવાય કોઈ ફત્વો ન આપે. *(ઉપર મુજબ)*

હઝરત મુહમ્મદ બિન અબ્દુલ્લાહ દીબાજે ફર્માવ્યું કે મેં હઝરત અતાથી બેહતરીન મુફતી નથી જોયો. અસલમાં તેમની મજલિસમાં અલ્લાહનો ઝિક્ર થાય છે, સુસ્તી નથી થતી, મજલિસવાળાઓમાં ખુશૂઅ તથા ખુઝૂઅ જોવા મળે છે. જો હઝરત અતા બોલે છે અથવા તેમને કાંઈ પૂછવામાં આવે છે તો તે સારો જવાબ આપે છે.

*(હવાલો : ઉપર મુજબ, પેજ : ૫૧)*

આપના દૌરમાં મક્કાના સામાન્ય લોકોને હજજના ઘણા બધા મસાઈલની જાણકારી થઈ ગઈ હતી. આ સંબંધે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો એક બનાવ અહીં રજૂ કરવો લિજ્જતથી ખાલી ન હશે.

હઝરત વકીઅ વર્ણવે છે : મને ઈમામે આ'ઝમ નોઅમાન બિન ષાબિત رضی اللہ عنہ એ કહ્યું, મેં મક્કામાં મનાસિકે હજજના પાંચ મસ્અલામાં ગલતી કરી તો એક હજામે તેની તા'લીમ આપી. થયું એવું કે મેં તેનાથી મારું માથુ મૂંડાવવા ચાહ્યું તો તે બોલ્યો, શું આપ અરબી છો ? મેં કહ્યું, હા ! મેં પૂછયું, શું લેશો ? બોલ્યો, ઈબાદતોમાં શર્ત નથી. બેસી જાવ ! હું કિબ્લાથી ફરીને બેઠો તો તેણે કહ્યું, તમારું માથુ કિબ્લા તરફ કરો. પછી મેં ડાબી બાજુથી હલક કરાવવાનું (વાળ મૂંડાવવાનું) ચાહ્યું તો તેણે કહ્યું, તમારો જમણો ભાગ આગળ કરો. અને હું એવું કરતો ગયો જેવું તે કહેતો ગયો. ત્યાર બાદ તે માથુ મૂંડવા લાગ્યો અને ખામોશ બેઠો હતો. તેણે કહ્યું, તકબીર પઢો ! હું તકબીર કહેવા લાગ્યો. પછી જ્યારે જવા માટે ઉઠયો તો તેણે પૂછયું, ક્યાંનો ઈરાદો છે ? મેં કહ્યું, ઉતારા પર જવાનો. તેણે કહ્યું, બે રકાત પઢો પછી જાવ.

જતી વખતે મેં તેને પૂછયું, આ વાતોનો ઈલ્મ

આપને ક્યાંથી થયો ? જવાબ આપ્યો, મેં અતાને આવું કરતાં જોયા છે. *(વફયાતુલ અઅ્યાન, ૩/૨૬૧, ૨૬૨, દારુષ્ષક઼ાફા, બૈરૂત)*

આટલા ઉચ્ચ કક્ષાના મુફતી હોવા છતાં પણ આપ હદ દરજાની સાવધાની વર્તતા હતા. હઝરત અબ્દુલઅઝીઝ ઈબ્ને રફીઅએ કહ્યું, હઝરત અતાને એકવાર કોઈ ચીજના બારામાં પૂછવામાં આવ્યું તો તેમણે જવાબમાં "લા અદરી" (હું નથી જાણતો) કહ્યું. તેમને કહેવામાં આવ્યું કે શું આપ પોતાની રાયથી કાંઈ નથી કહેતા ? ફર્માવ્યું, મને અલ્લાહથી હયા આવે છે કે હું જમીન પર મારી રાયના કારણે ઝલીલ (બેઈજ્જત) બનું. *(તહઝીબુત્તહઝીબ, ભાગ : ૪, દારોઅહયાઈત્તુરાષિલ અરબી, બૈરૂત)*

**જેર્હો તઅ્દીલ (રિવાયતોની છાનબીન) :** જરહ તથા તઅદીલ એક એવો ફન (વિદ્યા) છે કે જે ઈલ્મે હદીષથી દિલચસ્પી રાખનારઓ માટે અનિવાર્ય હોવાની હૈસિયત ધરાવે છે. એટલા માટે આપે એ ઈલ્મથી પૂરી પૂરી દિલચસ્પી તથા લગાવ યથાવત રાખ્યો અને હદીષોને સ્વીકારવામાં તેહકીક઼ તથા તપાસથી આંખ આડા કાન નથી કર્યા. એ દાવો દલીલ વિનાનો ન રહી જાય માટે યોગ્ય જણાય છે કે અહીં રિવાયત વર્ણવી દેવામાં આવે જેથી વાત ધોળા દિવસની જેમ સ્પષ્ટ થઈ જાય.

ફતર બિન ખલીફાએ કહ્યું, મેં હઝરત અતાને અર્ઝ કર્યું કે હઝરત ઈકરમા ફર્માવે છે કે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, કિતાબુલ્લાહ મસહ અલલ ખફીન પર અગ્રતા કરી ચૂકી (એટલે તે નસ્ખની તરફ નિર્દેશ કરવા ચાહતા હતા) તો તેમણે ફર્માવ્યું, ઈકરમાએ જૂઠ કહ્યું, મેં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને ફર્માવતાં સાંભળ્યા, ખફીન પર મસહ કરવામાં કોઈ વાંધો નથી ભલે તું કઝાએ હાજતના માટે જાય. *(અલ કામિલ ફી દ઼અફા અલર્રિજાલ, ૧/૧૨૯, દારુલ કુતુબલ ઈલ્મિયા, બૈરૂત)*

એના ઉપરાંત બનૂ ઉમૈયાની અમારતના દૌરમાં આપના સિવાય કોઈને ફત્વો આપવાની ઈજાઝત ન આપવામાં આવવું પણ એ વાત પર દલીલ છે કે આપ હઝમ તથા સાવધાની અને છાનબીનમાં ઉચ્ચ સ્થાન ધરાવતા હતા.

**ફિર્ક઼ાં બદ્‌મઝહબોથી દૂરી અપનાવવું અને ક઼દરિયાની રદ :** એક મુજદ્દિદની ખૂબી એ હોય છે કે તે પોતાના જમાનાના હાલાત પર ગહરી નજર રાખે અને જ્યાં દીનથી ખેલ કરવામાં આવે અથવા શરીઅતનો મજાક ઉડાડવામાં આવે અથવા કોઈ હદીષની ગલત તશરીહ (સમજૂતી) કરવામાં આવે તો તેમની સુધારણા તથા માર્ગદર્શન માટે તે જાતે જ કોઈ ક઼દમ ઉઠાવે અથવા શાગિર્દો પેદા કરે અથવા એવી કિતાબો લખે જે ઉમ્મતના માટે દીવાદાંડી સમાન હોય.

આ ચર્ચાના હેઠળ જ્યારે આપણે આપની (હઝરત અતાની) શખ્સિયતનું નિરીક્ષણ કરીએ છીએ તો એવું પામીએ છીએ કે આપે આપના દૌરમાં બદમ્ઝહબોથી નફરત રાખી અને ગલત માન્યતાઓના સમર્થકોને રદિયો આપ્યો. આપની પાસે કોઈ આવતું તો આપ તેના મઝહબના બારામાં પૂછતા પછી આગળ વાતચીત કરતા. સાથે સાથે એક બનાવ વાંચો અને અમારી વાત પર યક઼ીન કરો :–

હઝરત ઈમામે આ'ઝમ નોઅમાન બિન ષાબિત رضی اللہ عنہ ફર્માવે છે કે મક્કામાં હું હઝરત અતાને મળ્યો તો એક ચીજના વિશે સવાલ કર્યો. તેમણે પૂછયું, આપ ક્યાંના રહેવાસી છો ? અર્ઝ કરી, કૂફાનો. ફર્માવ્યું, આપ તે ગામના રહેવાસી

છો જ્યાંના લોકો પોતાનો ધર્મ છોડીને શીઆ થઈ ગયા. અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, તો આપ ક્યા પ્રકારના લોકોમાંથી છો ? અર્ઝ કરી, એ લોકોમાંથી છું જેઓ પોતાના પૂર્વ જ બુઝુર્ગો (અસ્લાફ)ને ગાળો નથી આપતા, તકદીર પર ઈમાન રાખે છે અને ગુનાહના કારણે અહલે ક઼િબ્લામાંથી કોઈની તક઼ફીર (કાફિર ઠરાવવું) નથી કરતા. હઝરત અતાએ ફર્માવ્યું, આપે મઅરેફત હાંસલ કરી લીધી છે, એના પર યથાવત રહો. અને ફર્માવ્યું, જેના પર ઉમ્મતનો ઈજમાઅ હોય તે મારી નજીક અસ્નાદથી અધિક શક્તિવાળુ (મજબૂત) છે. હઝરત અતાથી કહેવામાં આવ્યું : અહિંયા અમુક લોકો છે જે એવું કહે છે કે ઈમાનમાં વધ ઘટ નથી થતી. ફર્માવ્યું, કલામે પાકમાં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : وَالَّذِيْنَ اهْتَدَوْا زَادَهُمْ هُدًى "અને જેમણે માર્ગ પામ્યો અલ્લાહે તેમની હિદાયત ઔર અધિક ફર્માવી." (સૂરએ મુહમ્મદ–૧૭) તો એ કઈ હિદાયત છે જેમાં અલ્લાહ તઆલાએ વધારો કર્યો ? મેં અર્ઝ કરી, તેમનો ખયાલ છે કે નમાઝ તથા રોઝા અલ્લાહ તઆલાના દીનથી નથી. ફર્માવ્યું, રબ તઆલાનો ઈર્શાદ છે :

وَمَآ اُمِرُوْٓا اِلَّا لِيَعْبُدُوا اللّٰهَ مُخْلِصِيْنَ لَهُ الدِّيْنَ ۙ حُنَفَآءَ
وَيُقِيْمُوا الصَّلٰوةَ وَيُؤْتُوا الزَّكٰوةَ وَذٰلِكَ دِيْنُ الْقَيِّمَةِ ۝

"અને એ લોકોને તો એ જ હુકમ થયો કે અલ્લાહની બંદગી કરે નર્યા એના પર અક઼ીદો લાવીને એક તરફ થઈને અને નમાઝ ક઼ાયમ કરે અને ઝકાત આપે. અને આ સીધો દીન છે." (સૂરએ બૈયિના, આ. ૫) આયતમાં તો અલ્લાહ તઆલાએ તેમને (નમાઝ, રોઝાને) દીન ઠરાવેલ છે.

*(અલબિદાયા વન્નિહાયા, ૯/૩૮૩, દારે અબીહયાન, ક઼ાહિરા)*

આપના સમયમાં જ્યારે ક઼દરિયાનો ફિત્નો સામે આવ્યો અને લોકોના દિમાગને ખરાબ કરવાનું શરૂ કર્યું તો આપે તેનો પણ રદ કર્યો. ઈબ્ને જરીર ફર્માવે છે કે મેં હઝરત અતાને ખાનએ કા'બાનો તવાફ કરતા જોયા. તેમણે ઊંટ હાંકનારાને કહ્યું, પાંચ વાતો સારી રીતે યાદ કરી લો ! તક઼દીરનું ભલુ તથા બુરુ અને મીઠાશ તથા કડવાશ અલ્લાહ عزوجل تعالیٰની તરફથી છે. એમાં બંદાઓના માટે ન મશિય્યત છે ન તફવીઝ. અહલે ક઼િબ્લાનો હુકમ બર્બાદ કરે તો તેમને સજા આપવામાં આવશે. બાગી જમાઅતનો મુક઼ાબલો હાથો, જોડાઓ તથા હથિયારો વડે કરવામાં આવે અને ખારજીના ગુમરાહ હોવાની સાક્ષી આપવામાં આવે.

*(ઉપર મુજબ, પેજ : ૩૮૪)*

તદ્‌ઉપરાંત આપે એવા શાગિર્દો પેદા કર્યા જેમણે મિલ્લતે બયઝાની રક્ષા અને સલામતીના માટે પોતાની પૂરી જિંદગી વકફ કરી દીધી અને દરેક પ્રકારની ધોકાબાજીથી તેની રક્ષા કરી.

**વફાત** : પોતાના સમયના ઉચ્ચ કક્ષાના આલિમે દીને રમઝાન હિ.સ. ૧૧૪માં હમેશાં હમેશાં માટે દુનિયાને અલવિદા કહી આપીને આખેરતની રાહ પકડી અને ઉમ્મતના માટે એક પૂરી ન શકાય એવી ખોટ છોડી ગયા.


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/-** (ટપાલ ખર્ચ ૧૦૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧


www.barkatekhwaja.net

# અમલમાં ઈખ્લાસ
# ☆☆☆ જરૂરી છે ! ☆☆☆

**મૌલાના મુહમ્મદશાકિર નૂરી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

આજના દોરમાં ઈન્સાનોની ખુશામદ અને ખુશી દરેક કામનો હેતુ બનતી જઈ રહી છે. લોકો ખાલિકને ભૂલીને મખલૂકની ખુશીના ખયાલમાં માથાથી પગ સુધી ડૂબતા જઈ રહ્યા છે, શું નમાઝ, શું રોઝા, શું હજજો ઝકાત તથા સખાવત અને શું દા'વતો તબ્લીગ. ઈલ્લા માશાઅલ્લાહ !

આપણે બગડતા સમાજ અને ઉમ્મતની પડતી પર આંસુ વહાવીએ છીએ અને તેની ભરપાઈ માટે વિસાતભર કોશિશ અને ઉન્નતી માટે પ્રયત્નશિલ છીએ. પરંતુ આપણામાં એક ચીઝની કમી છે જે મકસદ પૂરો થવામાં મોટી રૂકાવટ છે, મારા ખયાલમાં એ ચીઝ જેની કમી છે તે ઈખ્લાસ છે. એટલા માટે કે આપણે સારા કાર્યો શા માટે કરીએ છીએ, એ અલ્લાહ ﷻ અને આપણાથી અધિક અન્ય કોઈ નથી જાણતું. ભલે આપણે પોતાની જબાનથી લોકો સમક્ષ પોતાને નિખાલસ કહીયેં પરંતુ આપણે પોતે પોતાના દિલમાં ઝાંકીને જોવું જોઈએ. એટલા માટે કે કુર્આને મુકદ્દસમાં છે بَلِ الۡاِنۡسَانُ عَلٰی نَفۡسِہٖ بَصِیۡرَۃٌ ۙ﴿۱۴﴾ બલ્કે આદમી પોતે જ પોતાના હાલ પર પૂરી નજર રાખનાર છે.

*(સૂ. કિયામા, ૭૫/૧૪)*

અનુભવ સાક્ષી છે કે તે છોડ ઉછળી જ નથી શકતો જેને પાણી ન મળે. એ જ રીતે તે ઈબાદત ફળ દ્રુપ થઈ શકતી જ નથી જેનો પાયો નિખાલસતા પર ન હોય. મૌલા અલી کرم اللہ وجہہ الکریم ફર્માવે છે : હે અલ્લાહ ! હું જહન્નમના ડર યા જન્નતની લાલચમાં તારી ઈબાદત નથી કરતો, બલ્કે તું ઈબાદત ને પાત્ર છે એટલે તારી ઈબાદત કરું છું. (રૂહે તસવ્વુફ) આકાએ કરીમ ﷺએ સહાબાએ કિરામની તર્બિયતમાં નિખાલસતા પર ખાસ ધ્યાન આપ્યું. અને ખુદ આકાએ કરીમ ﷺના ઈખ્લાસને કુર્આને કેવી સરસ રીતે વર્ણન કર્યું, ઈર્શાદ ફર્માવ્યું :

قُلۡ اِنَّ صَلَاتِیۡ وَ نُسُکِیۡ وَ مَحۡیَایَ وَ مَمَاتِیۡ لِلّٰہِ رَبِّ الۡعٰلَمِیۡنَ ﴿۱۶۲﴾

"તમે ફર્માવો ! બેશક મારી નમાઝ અને મારી કુર્બાનીઓ અને મારુ જીવવું અને મારુ મરવું સૌ અલ્લાહ માટે છે જે સર્વ જહાનનો રબ. *(સૂ. અન્આમ, આ–૧૬૨)*

આ આપણા આકા ﷺનો ઈખ્લાસનો જઝબો છે કે કેવળ નમાઝ અને કુર્બાની અલ્લાહ માટે નહીં બલ્કે જીવવું મરવું સૌ અલ્લાહ માટે છે. જ્યારે કે આપણા દરેક કામ દુનિયા માટે હોય છે. કાશ ! આપણે પોતાની નિય્યતો દુરુસ્ત કરી લઈયે. પીરે પીરાં હુઝૂર સય્યદુના ગૌષે આ'ઝમ رضی اللہ عنہએ સરસ ફર્માવ્યું : کُن مَعَ اللّٰہِ کَانَ لا خَلقَ وَکُنۡ مَعَ الۡخَلۡقِ کَانَ لَا نَفۡسَ

"અલ્લાહ સાથે મખ્લૂક વિના અને મખ્લૂક સાથે નફસ વિનાનો મુઆમલો કરો. *(રૂહે તસવ્વુફ)*

અર્થાત : ઈબાદતો મખ્લૂકને ખુશ કરવાની નિય્યત વિના હોય અને લોકો સાથે મુઆમલા નફસની ઈચ્છા વિરૂધ્ધ, ઈખ્લાસ પર આધારિત હોય.

અબૂ મુહમ્મદ બગદાદી رضی اللہ عنہ ફર્માવે છે : "ઈખ્લાસ એ છે કે તું પોતાના અમલને જોવાનું છોડી દે."

હઝરત ઝુન્નુન મિસ્રી رضی اللہ عنہ ઈખ્લાસની નિશાનીઓ વર્ણવતા ફર્માવે છે : "ઈખ્લાસની ત્રણ નિશાનીઓ છે : લોકોની પ્રશંસા અને નિંદા બંદાની નજરમાં એક સમાન હોય, અમલોમાં પોતાના અમલ જોવાનું ભૂલી જાય અને આખેરતમાં પોતાના બદલાની બેચેનીથી રાહ ન જોતો હોય."

યાદ રાખશો ! પોતાની અંદર વધુ પેજ ૮ પર..

www.Barkatekhwaja.net



# અગ્યારમી શરીફની હક઼ીક઼ત

**રજૂકર્તા : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા આમોદ)*

અગ્યારમી શરીફ પર વિગતે વાત કરતાં પહેલાં કેટલીક પાયાની વાતો ધ્યાનમાં રાખવી જરૂરી છે. ઈસ્લામનો ઉમૂમી મિજાઝ એ છે કે દરેકને દરેક શક્ય ફાયદો પહુંચે. માનવતા પર એહસાન કરનારા મોહસિનોને ભૂલાવવામાં ન આવે બલ્કે બેહતર રીતે તેમને યાદ રાખવામાં આવે જેથી આવનારી પેઢીઓને પણ પરોપકારી થવાની પ્રેરણા મળે. વ્યક્તિગતથી અધિક સામૂહિક લાભોને પ્રાથમિક્તા આપવામાં આવે.

ભલાઈ ભલાઈ છે. જ્યાં પણ હોય, જ્યારે પણ હોય. બુરાઈ બુરાઈ છે, જ્યાં પણ હોય, જ્યારે પણ હોય. તેને સમય અને સ્થળ સાથે કોઈ સંબંધ નથી.

દરેક માટે દરેક શક્ય ફાયદો પહોંચાડવાના આધાર પર જ ઈસ્લામનું આર્થિક, સામાજિક અને રાજનૈતિક માળખું તૈયાર કરવામાં આવ્યું છે. તેના માટે તા'લીમ, તર્બિયત, નેકીનો પ્રચાર, બુરાઈથી રોકવું અને દરેકની બુનિયાદી જરૂરતો પૂરી કરવી અનિવાર્ય થયું, તેમાં મુસ્લિમ, ગૈર મુસ્લિમનો કોઈ તફાવત નથી, સૌની ભલાઈ મકસદ છે.

જે હસ્તીઓએ પોતાના ઈલ્મ, અમલ, જાન અને માલથી અન્ય લોકોને લાભ પહોંચાડયો તેઓ માનવતાના ઉપકારી છે, તેમને ભૂલાવવું એહસાન ફરમોશી છે, તેમનું ઝિક્રે ખૈર રહેતી દુનિયા સુધી રહેવું જોઈએ. એટલે જ કુર્આને કરીમ, અહાદીષે તય્યબા અને ઈતિહાસ આવી હસ્તીઓના કારનામાઓથી ભરેલ છે. જેમનાથી બેશુમાર બોધ અને નસીહતો ગ્રહણ કરી શકાય છે અને કરવામાં આવવી જોઈએ.

વિશેષ રીતે ઈસ્લામ અને દુનિયાનો દરેક સારો કાયદો વ્યક્તિગત કલ્યાણની તુલનામાં સમૂહિક્તાને અધિક મહત્વ આપે છે.

ઈસ્લામી ઈબાદતોમાં પણ સામુહિકતાને પ્રાથમિકતા આપવામાં આવી છે. નમાઝ જમાઅત સાથે પઢવી વાજિબ થઈ હજ એક સાથે એક જ સ્થળે અદા કરવામાં આવે છે. કુર્આની દુઆઓમાં પણ સામુહિકતાનો સંદેશ જોવા મળે છે, જેમ કે :–

اِیَّاکَ نَعۡبُدُ وَ اِیَّاکَ نَسۡتَعِیۡنُ ؕ﴿۴﴾ اِہۡدِنَا الصِّرَاطَ الۡمُسۡتَقِیۡمَ ۙ﴿۵﴾

''અમે તારી જ ઈબાદત કરીએ છે અને અમે તારાથી જ મદદ ચાહીયે છીએ, અમને સીધા માર્ગ પર ચલાવ.'' *(સૂરએ ફાતિહા, આયત : ૪,૫)*

رَبِّ اجْعَلْنِي مُقِيمَ الصَّلَاةِ وَمِن ذُرِّيَّتِي رَبَّنَا وَتَقَبَّلْ دُعَاءِ رَبَّنَا اغْفِرْ لِي
وَلِوَالِدَيَّ وَلِلْمُؤْمِنِينَ يَوْمَ يَقُومُ الْحِسَابُ

''હે મારા રબ ! મને અને મારી ઔલાદને નમાઝ ક઼ાઈમ રાખનાર બનાવ. હે અમારા રબ ! અને મારી દુઆ ક઼બૂલ ફર્માવ. હે અમારા રબ ! મને મારા મા બાપને અને સર્વ મુસલમાનોને બખ્શી દે જ્યારે હિસાબ કાઈમ થશે.'' *(સૂરએ ઈબ્રાહીમ, આયત : ૪૦, ૪૧)*

رَبَّنَا آتِنَا فِي الدُّنْيَا حَسَنَةً وَفِي الْآخِرَةِ حَسَنَةً وَقِنَا عَذَابَ النَّارِ

''હે અમારા રબ ! અમને દુનિયામાં ભલાઈ અતા ફર્માવ અને અમને આખિરતમાં (પણ) ભલાઈ અતા ફર્માવ અને અમને દોઝખના અઝાબથી બચાવ.'' *(સૂરએ બક઼રહ, આયત : ૨૦૧)*

નમાઝે જનાઝા એક મૈયતની અદા કરવામાં આવે છે અને દુઆ આ માગવામાં આવે છે :–

''હે અલ્લાહ ! બખ્શી દે અમારા (માંથી) જીવતાને અને અમારા (માથી) મૃત્યુ પામનારને, અમારા (માંથી) હાજરને અને ગેર હાજરને, અમારા (માંથી) નાના અને મોટાને, અમારા (માંથી) પુરૂષોને અને અમારા (માંથી) સ્ત્રીઓને. હે અલ્લાહ !

www.barkatekhwaja.net

અમારામાંથી જેને તું જીવંત રાખે એને ઈસ્લામ પર જીવંત રાખ અને અમારામાંથી જેને વફાત આપે તેને ઈમાન પર વફાત આપ." *(મુસ્તદરક લિલ્ હાકિમ, ૧/૫૧૧, હદીષ : ૧૩૨૬)*

જનાઝો એકનો પરંતુ દુઆ પૂરી ઉમ્મત માટે.

## ★ નેકી નેકી છે, ગુનો ગુનો છે ★

બુત પરસ્તી કુફ્ર છે, મખ્લૂક઼ની ઈબાદત શિર્ક છે, હરામ છે. વ્યભિચાર, વ્યાજ, જુલ્મ, હડપવું, હક્ક઼ મારવો, જૂઠુ બોલવું હરામ છે. શરાબ, લાંચ, હરામ છે, જ્યારે પણ હોય, જ્યાં પણ હોય. સુવ્વર મુર્દાર અને હરામ છે, જ્યારે પણ હોય અને જ્યાં પણ હોય. જે પણ ખાય, વેચે, ખરીદે.

મસ્અલો કેવળ અગ્યારમી શરીફનો નથી, મેહફિલે મીલાદ, મેહફિલે ખ્વાજા, મેહફિલે ઉર્સ, ત્રીજા, ચોથા, દસમા, ચાલીસમા, વર્સી આ બધામાં એ જ નિયમો લાગુ છે.

જેમની યાદમાં મેહફિલ થઈ રહી છે તેમના અક઼ીદા, અમલ, ઈલ્મી, તદરીસી, તબ્લીગી, ફલાહી ખિદમતોનું વર્ણન કરવામાં આવે, તેમના અખ્લાક઼ અને આદતોનું વર્ણન કરવામાં આવે, આ આપણા તરફથી આપણા પરોપકારીની કૃતજ્ઞતા, આભારની અભિવ્યક્તિ, અક઼ીદતનો ઈઝહાર અને તેમના કારનામાઓથી બીજા લોકોને પ્રેરિત કરવા છે. અને એ પણ જાહેર કરીએ કે અમે એહસાન ફરામોશ નથી, પોતાના મોહસિનોને યાદ રાખીએ છે.

આ મેહફિલોમાં તિલાવતે કુર્આને કરીમ થાય છે, હમ્દ, નઅ્ત, મન્ક઼બત પેશ કરવામાં આવે છે, ઔલિયા અલ્લાહની સીરત અને તેમના ફઝાઈલ બયાન કરવામાં આવે છે. આ રીતે પૂરી ક઼ૌમ માટે તા'લીમો તર્બિયતનો ઝરિયો બની જાય છે, અમુક લોકો સંભળાવીને તો અમુક સાંભળીને મહેફિલમાં શરીક થઈ જાય છે, અમુક લોકો સફર કરી પોતાની હાજરીથી મેહફિલને રોનક આપે છે, અમુક ધનવાનો મેહફિલમાં આવનાર મહેમાનો માટે ખાણા, પીણાં દ્વારા ભાગીદાર બને છે, અમુક લોકો વ્યવસ્થા અને સંચાલનમાં સહભાગી થઈને સવાબના હક્ક઼દાર થાય છે, અમુક સદક઼ા, ખૈરાત કરી, અમુક તિલાવતે કુર્આનથી, અમુક ઝિક્ર, દુરૂદ અને સલામથી, અમુક લોકો દૂર નજીકથી આવતા મહેમાનોની સેવા કરીને પોતાનો ફાળો આપે છે.

સારાંશ કે નેકીઓ મેળવવાનું એક વિશાળ મેદાન પર્યાપ્ત હોય છે, જેમાં દરેક વ્યક્તિ પોતાની યથાશક્તિ પ્રમાણે નેકીઓ, ભલાઈઓ અને સાહિબે મઝાર તથા સાહિબે મેહફિલના ફુયૂઝો બરકાત અને તેમની ખાસ નજરની દોલત સમેટે છે, મખ્લૂકે ખુદાને અહીંયાં આરામ અને સુકૂન મળે છે. જેમના નામ પર મેહફિલ છે તેમનો આમ અને ખાસ લોકોના દિલોમાં એહતેરામ વધે છે. હાજતમંદોની અલ્લાહ તઆલા હાજતો પૂરી ફર્માવે છે. ગુમરાહોને હિદાયત અને ધુતકારેલા લોકોને રાહત મળે છે. આ નેક કામ માટે કોઈ જાનવર લાવે છે, કોઈ બનેલું ખાણું લાવે છે, કોઈ રોકડ રકમ આપે છે, જેથી આવનાર ઝાઈરીન માટે ખાવા પીવા અને રહેવા માટે ઉત્તમ વ્યવસ્થા બની રહે.

રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં લોકો મોસમ પ્રમાણે અનાજ, દૂધ, ખાણું વગેરે પેશ કરતા હતા, સરકાર ﷺ ક઼બૂલ ફર્માવતા અને લાવનાર માટે ખૈરો બરકતની દુઆ ફર્માવતા. આવી (લોકોની લાવેલી) ચીજો પોતે પણ તનાવુલ ફર્માવતા (ખાતા), મજલિસમાં ઉપસ્થિત લોકો અને આવનાર ઝાઈરીનમાં પણ વહેંચતા હતા.

## ★ ખાણું ખવડાવવું ★

કુર્આન હદીષમાં કોઈને ખાણુ ખવડાવવાની ઘણી ફઝીલત વર્ણન થઈ છે, મુસલમાનોની શાનમાં ફર્માવ્યું :

وَيُطْعِمُونَ الطَّعَامَ عَلَى حُبِّهِ مِسْكِينًا وَيَتِيمًا وَأَسِيرًا إِنَّمَا نُطْعِمُكُمْ لِوَجْهِ اللّٰهِ
لَا نُرِيدُ مِنكُمْ جَزَاءً وَلَا شُكُورًا

"અને તેઓ અલ્લાહની મહોબ્બતમાં મિસ્કીન, યતીમ અને કૈદીને ખાણુ ખવડાવે છે (અને તેઓ કહે છે) અમે તમને કેવળ અલ્લાહની રઝા ખાતર ખાણુ ખવડાવીએ છે, અમે ન તમારાથી કોઈ બદલો ચાહીએ છે, ન શુક્રિયા.' *(સૂરએ દહ્‌ર, આયત : ૮, ૯)*

અલ્લાહ તઆલાએ મુન્કિરોની આ ખરાબીઓ બયાન કરી :–

كَلَّا بَل لَّا تُكْرِمُونَ الْيَتِيمَ وَلَا تَحَاضُّونَ عَلَى طَعَامِ الْمِسْكِينِ

"હરગિઝ નહીં ! બલ્કે તમે યતીમની ઈજ્જત નથી કરતા અને તમે એકબીજાને મિસ્કીનને ખવડાવવા પ્રોત્સાહન નથી આપતા." *(સૂરએ ફજ્ર, આયત : ૧૭, ૧૮)*

فَلَا اقْتَحَمَ الْعَقَبَةَ وَمَا أَدْرَاكَ مَا الْعَقَبَةُ فَكُّ رَقَبَةٍ أَوْ إِطْعَامٌ فِي يَوْمٍ ذِي
مَسْغَبَةٍ يَتِيمًا ذَا مَقْرَبَةٍ أَوْ مِسْكِينًا ذَا مَتْرَبَةٍ

"ફરી કેમ સોચ્યા સમજ્યા વિના (દીને હક અને અમલે ખૈરની કઠિન) ઘાટીમાં ન કૂદી પડ્યો, અને તને શું ખબર તે ઘાટી શું છે ? કોઈ બંદાની ગર્દન છોડાવવી અથવા ભૂખના દિવસમાં ખાણું આપવું, રિશ્તેદાર યતીમને યા લાચાર મિસ્કીનને."

*(સૂરએ બલદ, આયત : ૧૧ થી ૧૬)*

એક વ્યક્તિએ રસૂલુલ્લાહ ﷺ થી પૂછ્યું : કયો (અમલ) ઈસ્લામ (માં) બેહતર છે ? ફર્માવ્યું : "તારૂ ખાણું ખવડાવવું અને જેમને જાણે છે તેમને અને જેમને નથી જાણતો તેમને સલામ કરવું." *(બુખારી શરીફ, ૧/૧૩, હ–૧૨)*

કોઈપણ અક્‌લમંદ ખાણું ખવડાવવાની હિકમત, ફાયદા અને અચ્છાઈને નકારી નથી શકતો. અગ્યારમી, ઉર્સ અને ચહલ્લુમ વગેરેના મોક઼ા પર આ જ બધું થાય છે તો પછી તેના જાઈઝ હોવામાં વાંધો શાનો ?

## ★ નિયાઝનું ખાણુ જાઈઝ છે ★

કુર્આને કરીમમાં ઈર્શાદ છે :–

حُرِّمَتْ عَلَيْكُمُ الْمَيْتَةُ وَ الدَّمُ وَ لَحْمُ الْخِنْزِيْرِ وَ مَآ اُهِلَّ لِغَيْرِ اللّٰهِ بِهٖ وَ
الْمُنْخَنِقَةُ وَ الْمَوْقُوْذَةُ وَ الْمُتَرَدِّيَةُ وَ النَّطِيْحَةُ وَ مَآ اَكَلَ السَّبُعُ اِلَّا مَا
ذَكَّيْتُمْ ۟ وَمَا ذُبِحَ عَلَى النُّصُبِ وَاَنْ تَسْتَقْسِمُوْا بِالْاَزْلَامِ ؕ ذٰلِكُمْ فِسْقٌ ؕ

"તમારા પર હરામ કરી દેવામાં આવ્યું, મુર્દાર, લોહી અને સુવ્વરનું માંસ અને તે જાનવર જેના ઝબહના સમયે ગૈરૂલ્લાહનું નામ પોકારવામાં આવ્યું હોય અને તે જાનવર જે ગળું ઘુંટાવાથી મરે અને જે ધાર વિનાની ચીજ (ની ચોટ)થી મારવામાં આવે અને જે ઊંચાઈથી પડીને મરે અને જે કોઈ જાનવરના શિંગડું મારવાથી મરે અને જેને કોઈ ફાડી ખાનાર જાનવરે ખાઈ લીધું હોય પરંતુ (ફાડી ખાનાર જાનવરોનું શિકાર કરેલું) એ જાનવર જેને તમે (જીવંત પામીને) ઝબહ કરી લીધું હોય અને જે કોઈ મુર્તિની ચોખટ પર ઝબહ કરવામાં આવ્યું હોય અને હરામ છે કે પાંસા નાખીને ભાગ્ય જાણો આ ગુનાનું કામ છે."
*(સૂરએ માઈદા, આયત : ૩)*

فَمَنِ اضْطُرَّ فِيْ مَخْمَصَةٍ غَيْرَ مُتَجَانِفٍ لِّاِثْمٍ ۙ فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ۝۳

"તો જે ભૂખ તરસની સખ્તીમાં મજબૂર હોય એ હાલમાં કે ગુનાહ તરફ ન આકર્ષાય (તે મજબૂરીવશ ખાઈ શકે છે) તો અલ્લાહ બખ્શવાવાળો મહેરબાન છે." *(સૂરએ માઈદા, આયત : ૩)*

આ આયતે કરીમામાં અલ્લાહ તઆલાએ એ જાનવરોનું વર્ણન ફર્માવ્યું છે જેમનું માંસ હરામ છે, મુર્દાર, લોહી, સુવ્વરનું માંસ, જે જાનવરને ઝબહ કરવામાં ગૈરૂલ્લાહનું નામ પોકારવામાં આવે.

કેટલાક સંકુચિત દષ્ટિવાળા અને કમ ઈલ્મ લોકોએ જબરદસ્તી અગ્યારમી શરીફ અને નિયાઝોની મીઠાઈ, ખાણાં, પીણાં વગેરેને ما اُهل به لغير الله (જેના પર ગૈરૂલ્લાહનું નામ પોકરવામાં આવે તે)માં સામેલ

www.barkatekhwaja.net

કરી તેમને હરામ ઠરાવી દીધા છે.

આ રીતે તેમણે કેવળ પોતાના પર જ જુલ્મ નથી કર્યો બલ્કે ઉમ્મતમાં ફિત્ના અને વિખવાદ ઊભા કર્યા, ઈસ્લામને બદનામ કર્યો, મુસલમાનોને મુશ્રિક ઠરાવ્યા અને ફિર્કા વારિયતને ખૂબ હવા આપી. માટે "મા ઉહિલ્લ બિહિ"ની જે તફસીર અને સમજૂતી નબવી યુગથી આજ સુધી કરવામાં આવી છે તેને લુગત, તફસીર અને હદીષ તથા અક્લના આધારે સમજવું અત્યંત જરૂરી છે.

જેણે પણ કુર્આને કરીમને અલ્લાહના ખોફ અને હયાની સાથે સમજીને પઢયું છે તે વિચારમાં પડી જાય છે કે હલાલ હરામ જાનવરોના વર્ણનમાં મીઠાઈ, હલવા, ખીર, દૂધ, શરબત, ફળ અને ખાણું વગેરે ક્યાંથી આવી ગયાં. અહીંયા માત્ર માંસની વાત થઈ રહી છે, પરંતુ ખુદાથી ન ડરવાવાળાઓ એ ખેંચતાણ કરી વાતને ક્યાંથી ક્યાં પહોંચાડી દીધી.

કુર્આને કરીમમાં જે જાનવરોનું માંસ ખાવાથી મના ફર્માવ્યું છે તેમનામાં એક જાનવર તે પણ છે જે હલાલ છે પરંતુ તેને ઝબહ કરતી વેળા કોઈ મુર્તિ, ઈન્સાન અથવા દેવતાનું નામ લેવામાં આવે. અગર ઝબહના સમયે કેવળ અલ્લાહનું નામ લેવામાં આવે અને ઝબહ કરનાર મુસલમાન હોય યા કિતાબી તો માંસ હલાલ છે ભલે ઝબહથી પહેલા અથવા બાદમાં તેના પર કોઈ અન્યનું નામ પોકારવામાં આવે. હરામ હોવાનો સંબંધ કેવળ ઝબહના સમયથી છે, અને આયતમાં "મા" શબ્દથી મુરાદ જાનવરો જ છે કારણ કે આગળ પાછળ જાનવરોનું જ વર્ણન છે, તેનાથી મીઠાઈ, દૂધ, ખાણું, કપડાં, રોકડ રકમ વગેરે હરગિઝ મુરાદ નથી કેમ કે આ બધી વસ્તુઓને ઝબહ સાથે કોઈ લેવા દેવા નથી.

અલ્હમ્દુલિલ્લાહ ! દરેક મુસલમાન હલાલ જાનવરોને અલ્લાહના નામ પર બિસ્મિલ્લાહે અલ્લાહુ અકબર કહીને ઝબહ કરે છે, તેના હલાલ હોવામાં શંકા કેવળ એ જ કરશે જે છેલ્લી કક્ષાનો જાહિલ, સંકુચિત દષ્ટિવાળો અને સખત કટ્ટર ઝઘડાખોર હોય. સામાન્ય બોલચાલમાં કુર્બાનીનું જાનવર, અકીકાનો બકરો વગેરે બોલવામાં આવે છે તો જે રીતે તે હલાલ છે એ જ રીતે અગ્યારમીનો બકરો વગેરે પણ હલાલ જ રહેશે. તેમના ઝબહમાં પણ અલ્લાહનું જ નામ લેવામાં આવે છે. તો તેને અલ્લાહ સિવાય અન્યના નામે ઝબહ કરેલ ઠરાવી હરામ ઠરાવવું શરીઅતમાં દખલગીરી છે. (આ વિષય પર સવિસ્તાર જાણકારી માટે અંજુમને રઝાએ મુસ્ફાથી પ્રકાશિત અણમોલ કિતાબ "જાઅલ હક્ક઼"નો અભ્યાસ લાભદાયક રહેશે.)

www.barkatekhwaja.net

હલાલ અને હરામ કરવું અલ્લાહ તઆલા અને રસૂલુલ્લાહ ﷺનો મન્સબ છે, અન્ય કોઈને એ હક્ક઼ નથી પહોંચતો કે પોતાની મરજીથી જેને ચાહે હલાલ અને જેને ચાહે હરામ કરતો ફરે. એ અલ્લાહના ક઼ાનૂનથી બગાવત છે.

કુર્આનનો સ્પષ્ટ આદેશ છે : "હે ઈમાનવાળાઓ ! અલ્લાહે જે પાકીઝા ચીજો તમારા માટે હલાલ કરી છે તેમને પોતાના પર હરામ ન ઠરાવો અને હદથી ન વધો બેશક ! અલ્લાહ હદથી વધવાવાળાઓને પસંદ નથી ફર્માવતો." *(સૂરએ માઈદા, ૮૭)*

## ★ અગ્યારમી શું છે ? ★

કુલ્લિયાતે જદૂલિયા ફી અહવાલિલ ઔલિયા મઅરૂફ બ તોહફતુલ અબરાર પેજ ૨૯માં તકમેલા ઝિક્રુલ અસ્ફિયાના હવાલાથી અગ્યારમી શરીફ નામ પડવાનું કારણ એ લખ્યું છે કે આપ હર મહિનાના અગ્યારમા ચાંદે ઉર્સે રિસાલત મઆબ ﷺ કર્યા કરતા હતા, એટલા માટે અગ્યારમી આપના નામથી મશ્હૂર થઈ.

હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ અગ્યારમીના દિવસે, આવનાર ૧૨મી તારીખની નિસ્બતથી ખૂબ

શાનો શોકતથી નબીએ કરીમ ﷺની નિયાઝ પકાવી ફકીરો મિસ્કીનોને ખવડાવતા, જીવનભર આ પ્રમાણે કરતા રહ્યા અને પોતાના ઘરવાળાઓને પણ આમ કરવાની વસિયત ફર્માવી એ કારણથી આપ અગ્યારમીવાળા પીરના નામથી પ્રસિધ્ધ થયા અને અગ્યારમી આપના નામથી પ્રસિધ્ધ થઈ. *(રિસાલા ગ્યારહવીં શરીફ, પ્રકાશન : કુસૂર)*

શૈખે મુહક્કિક શાહ અબ્દુલ હક્ક મુહદ્દિષે દહેલ્વી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان પોતાની કિતાબ "મા ષબત મિનસ્સુન્નહ"માં લખે છે : મારા પીરો મુર્શિદ શૈખ અબ્દુલ વહ્હાબ મુત્તકી મુહાજિરે મક્કી ૯ રબીઉષ્ષાનીના દિવસે સૈયદુના ગૌષે આ'ઝમ عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانનો ઉર્સ કરતા હતા, આપણા દેશમાં આજકાલ અગ્યારમી તારીખ (આપના ઉર્સ માટે) પ્રચલિત છે અને આ જ (અગ્યારમી તારીખ) આપની હિંદી (હિંદુસ્તાનમાં વસ્તી) અવલાદ અને મશાઈખમાં પ્રસિધ્ધ છે. *(મા ષબત મિનસ્સુન્નહ અરબી ઉર્દૂ પેજ ૧૬૭ પ્રકાશન દિલ્હી)*

સિરાજુલ હિંદ શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે દહલ્વી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان અગ્યારમી શરીફ વિશે ફર્માવે છે : અગ્યારમી તારીખે બાદશાહ વગેરે શહેરના મોટા લોકો એકત્ર થતા, અસરની નમાઝ બાદ મગરિબ સુધી કુર્આને મજીદની તિલાવત કરતા અને હઝરત ગૌષે આ'ઝમ عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانની પ્રશંસા અને તારીફમાં મન્કબત પઢતા, મગરિબ બાદ સજ્જાદા નશીન તેમના દરમિયાન તશરીફ લાવતા અને તેમની આજુબાજુ મુરીદો અને અકીદતમંદો બેસીને ઝિક્રે જહર કરતા, એ જ હાલતમાં અમુક લોકો પર વજદની કેફિયત છવાઈ જતી. ત્યાર પછી ખાણું, મીઠાઈ વગેરે જે નિયાઝ તૈયાર કરવામાં આવી હોતી તે વહેંચવામાં આવતી અને ઈશાની નમાઝ પઢી લોકો રૂખસત થતા. *(મલ્ફૂઝાતે અઝીઝી ફારસી પેજ, ૨૨ પ્રકાશન મેરઠ)*

સરળ ભાષામાં કહીએ તો અગ્યારમી શરીફ ઈસાલે સવાબનો એક તરીકો છે, જેનું જાઈઝ હોવું કુર્આન, હદીષ અને અકાબિર ઉલમા તથા ઔલિયાના અમલો અને કથનોથી સાબિત છે. તેનો ઈન્કાર તે જ કરી શકે છે જે હક્ક કબૂલ કરવાની દોલતથી વંચિત હોય.

અગ્યારમી શરીફ કુદવતુલ્ વાસિલીન, ઝુબ્દતુલ આરિફીન, સૈયદી વ સનદી, ગૌષે આ'ઝમ અબ્દુલ કાદિર જીલાની બગદાદી رحمۃ اللہ علیہના નામ પર સજતી મહેફિલ છે, જેમાં આપનું તથા અલ્લાહ વ રસૂલનું ઝિક્ર અને ઔલિયા અલ્લાહની વિલાયતનું વર્ણન કરવામાં આવે છે, જેથી અલ્લાહ તઆલા આપની મહોબ્બત લોકોના દિલમાં પેદા ફર્માવે, આપના ઈલ્મી અને અમલી કાર્યોથી ઉમ્મત આગાહ થાય. આ રીતે એક તરફ અલ્લાહ તઆલા અને રસૂલુલ્લાહ ﷺની મહોબ્બત દિલોમાં પેદા થાય છે. ઔલિયા અલ્લાહથી લગાવ પેદા થાય છે, અલ્લાહવાળાઓની સોહબત મળે છે. રૂહાનિયત, ફૈઝ, અને માનસિક શાંતિ પ્રાપ્ત થાય છે, અલ્લાહ તઆલાની મહોબ્બત અને તેની ઈબાદતનો શોખ અને અલ્લાહવાળાઓની પૈરવી અને અનુસરણનો જઝબો પેદા થાય છે. નેકીનો પ્રચાર અને બુરાઈને મિટાવવામાં મદદ મળે છે.

કહેવામાં તો આ એક વ્યક્તિ વિશેષની મહેફિલ હોય છે, પરંતુ હકીકતમાં અલ્લાહ વ રસૂલની મહેફિલ હોય છે, જ્યાં અલ્લાહ વ રસૂલનું ઝિક્ર થાય છે, નિયાઝ રૂપે ખાવા પીવાની વસ્તુઓ આવે છે, જે હાઝિરીન, ઝાઈરીન, ભૂખ્યા મુસાફરો, લાચારોના કામ આવે છે. આપવાવાળાઓને સવાબ અને ખાનારાઓને તૃપ્તિ મળે છે, આ રીતે ઝબાનો અને દિલોથી નીકળેલી દુઆઓ, તિલાવતો અને ઝિક્રનો સવાબ ઝાઈરીન, તેમના મા બાપ, તેમના ઉસ્તાદ, મશાઈખ, સર્વ મુસલમાનો, જીવંત મો'મિનોના અને

www.barkatekhwaja.net

વિશેષ રૂપે મર્હૂમીનને પહોંચાડવામાં આવે છે. એ દુઆઓને સાંભળવાવાળો અલ્લાહ તઆલા છે, તેની બારગાહથી યક઼ીન છે કે એ પુરખુલૂસ દુઆઓ ક઼બૂલ થશે, મુશ્કેલીઓ દૂર થશે, ખાલી જોળીઓ ભરાશે, પરેશાન દિલોને સુકૂન અને વહેતી આંખોને ઠંડક મળશે. ઝખ્મી દિલોને મરહમ અને ધુત્કારેલાઓને ઠેકાણું મળશે. મહેફિલમાં હાજર લોકોને દિલી ઈત્મિનાન અને આલમે ઈસ્લામને એ દુઆઓ સાંભળનાર અલ્લાહ તઆલા દિલો દિમાગની શાંતિ અતા ફર્માવશે.

## ★ કેવળ રસમ અને રિવાજની નહીં અમલની જરૂરત છે ★

આપણી આજની વ્યથા ઈલ્મ અને તેહક઼ીકની કમી નથી, અમલથી દૂર ભાગવું છે. આપણે હક વાતોને જાણીએ છે, તેમની હિકમતોથી સારી રીતે વાકેફ છીએ, તેમના લાભ અને પ્રેક્ટિકલ જીવનમાં તેમની અનિવાર્યતાને પણ સ્વીકારીએ છીએ પરંતુ અફસોસ ! કે ઈલ્મો આગાહીની જેટલી અધિકતા થઈ છે એટલી જ અમલથી દૂરી થઈ છે.

એટલા માટે જ આપણો સમાજ હજારો જતન કરવા છતાં દિન બ દિન ઝડપથી પડતી તરફ જઈ રહ્યો છે. આપણે જે રસ્મોની શિકાયત કરી રહ્યા છીએ તેમના પર કદી ઠંડા દિલે વિચાર કરીએ કે આ રસ્મો જો એટલી જ ગલત હતી તો આપણા બુઝુર્ગોએ તેના પર ધ્યાન કેમ ન કર્યું અને તેમને કેમ રિવાજ આપ્યો ? શું તેઓ પોતાની આવનાર પેઢીઓના ખૈર ખ્વાહ ન હતા ? શું કોઈ પોતાની નસ્લોની બરબાદીને પસંદ કરી શકે છે ? હરગિઝ નહીં ! હક઼ીક઼તમાં થતું એમ હોય છે કે વિવિધ નેક મકસદો માટે વિવિધ સમયે અલગ અલગ કોશિશો કરવામાં આવે છે. એક મુદ્દત સુધી તે નેક મકસદો પ્રાપ્ત થતા રહે છે અને સોસાયટી ઝિંદા અને ખુશહાલ રહે છે પરંતુ સમય જતાં તે નેક મકસદોથી ધ્યાન હટતું જાય છે અને બુનિયાદી વાતો રસ્મો રિવાજમાં ઢળતી જાય છે. પરિણામ એ કે સારા નામો અનર્થ થઈને રહી જાય છે. ઔલિયા અલ્લાહથી સંબંધિત દિવસો અને ઘડીઓ, તેમનામાં થતી મહેફિલો સાથે પણ આ જ બધું થયું.

**અગ્યારમી શરીફના હેતુઓ :** "ઔલિયા અલ્લાહની" પરિભાષા કુર્આની પરિભાષા (આ નામ કુર્આને આપેલું) છે, તેમનું ઝિક્રે ખૈર કરવું (તેમને સારી રીતે યાદ કરવા) અલ્લાહ તઆલાની સુન્નત અને રસૂલે પાક ﷺનો મુબારક તરીક઼ો છે. ઉમ્મતે શરૂથી જ આ નામ અને આ નામના પાકીઝા નફ્સવાળા લોકોની હમેશાં તા'ઝીમ કરી છે. ઔલિયા અલ્લાહ દીને ઈસ્લામની પેહચાન છે. તેમનાથી સંબંધિત દરેક ચીજ અલ્લાહની બારગાહમાં પ્યારી છે, અલ્લાહના વલી દીનના ખાદિમ અને મખ્લૂક઼ના ખૈર ખ્વાહ હોય છે, તેમની સંગતથી મુર્દા દિલોને અમૃત જીવન મળે છે, તેમને ત્યાં ઝખ્મી દિલોને મરહમ, પરેશાન હાલ લોકોને સુકૂન અને દુનિયાની નજરોથી ધુત્કારેલા લોકોને અમાન મળે છે, તેઓ ખાલિક અને મખ્લૂક બંનેની નજરોમાં મહબૂબ હોય છે, અલ્લાહ તઆલા અને તેના હબીબ ﷺએ તેમના અસંખ્ય ફઝાઈલ અને ખૂબીઓ બયાન ફર્માવી છે. કુર્આને કરીમમાં તેમનો ઈતિહાસ, વાકિયા, ફઝીલતો બયાન કરવાની સાથે એ પણ ફર્માવ્યું, وَذَكِّرْهُمْ بِأَيّٰمِ اللّٰهِ "અને તેમને (લોકોને) અલ્લાહના દિવસોની યાદ અપાવો." *(સૂરએ ઈબ્રાહીમ, આયત : ૫)*

અલ્લાહના દિવસો તો બધા જ છે, બધા જ દિવસો તેના બનાવેલા છે, તો પછી અલ્લાહના દિવસોની યાદ અપાવવાનો એ સિવાય બીજો શું મતલબ છે કે લોકોને અલ્લાહવાળાઓનું ઝિક્ર સંભળાવો અને ખાસ કરીને તે દિવસોનું જે

www.barkatekhwaja.net

અલ્લાહવાળાઓથી સંબંધિત છે જેથી તેમનું ઝિક્ર હમેશાં થતું રહે જેમણે જીવનભર અલ્લાહનું ઝિક્ર બુલંદ કરી રાખ્યું. અલ્લાહ તઆલાનો વાયદો છે :–

فَاذْكُرُونِي أَذْكُرْكُمْ وَاشْكُرُوا لِي وَلَا تَكْفُرُونِ "તો તમે મને યાદ કરો, હું તમને યાદ કરીશ અને મારો શુક્ર અદા કરો અને મારી નાશુક્રી ન કરો." *(સૂરએ બક઼રહ, આ. ૧૫૨)*

અગ્યારમી શરીફનો અમલ એક વલીએ કામિલ હઝરત ગ઼ૌષે આ'ઝમ શૈખ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہના વિસાલના દિવસ ૧૧ રબીઉલ આખરની નિસ્બતથી અલ્લાહની બારગાહમાં કાંઈક એવો મક઼બૂલ થયો કે હર મહીનાની અગ્યારમી તારીખે લોકો આપની યાદમાં મહેફિલો સજાવે છે, અગ્યારમી શરીફ, ચાલીસમા અને વર્સી વગેરે ઉર્સનો મક઼સદ એ જ હોય છે કે અલ્લાહવાળાઓનું ઝિક્રે ખૈર થાય, અલ્લાહ તઆલાનું ઝિક્ર, સરકાર ﷺ પર દુરૂદો સલામ, અને સરકાર ﷺની સીરતે તૈયબા અને કુર્આનો સુન્નતના જે પવિત્ર શ્રોતથી એ બુઝુર્ગોએ પોતાને અને પછી એક જહાનને તૃપ્ત કર્યું છે, મુસલમાનોને તે તરફ ધ્યાન અપાવવું જોઈએ અને તેમને અલ્લાહની ઈબાદત માટે પ્રેરિત કરવા જોઈએ.

મીલાદની મહેફિલો, ઉર્સની મહેફિલો, ત્રીજા, ચાલીસમા, સહાબાએ કિરામ તથા એહલે બૈતે કિરામથી સંબંધિત દિવસો, મદ્રસાઓ, દારુલ ઉલૂમો, કોલેજો અને યુનિવર્સિટીઓના વાર્ષિક, પચીસ વર્ષીય, પચાસ વર્ષીય, સો વર્ષીય ઉત્સવો, તબ્લીગી અને તર્બિયતી ઈજતેમાઓ, કોન્ફ્રન્સો, સેમિનાર આ બધી ગતિવિધિઓ આ જ મકસદ માટે તો હોય છે કે બુઝુર્ગોના મર્તબા, ઈલ્મી મક઼ામ, કોશિશો, તા'લીમ, તઝકિયા (આત્મશુદ્ધિ), ખિદમતે ખલ્ક, અખ્લાકો કિરદાર અને કારનામાઓ લોકો સુધી પહોંચાડવામાં આવે, જેનાથી એક તરફ એ એહસાન કર્તાઓનું ઝિક્રે ખૈર થતું રહે અને બીજી બાજુ આવનાર પેઢીઓ પોતાના પૂર્વજોના નક઼્શે કદમ પર ચાલતી રહે, બુલંદીઓ, અઝમતો અને અઝીમતોનો સફર જારી રહે અને જમીન પોતાના પરવરદિગારના નૂરથી જગમગતી રહે. અગ્યારમી શરીફ હોય અથવા અન્ય કોઈ બુઝુર્ગનો ઉર્સ યા બીજી મહેફિલો, તેમાં સામાન્યથી અધિક કુર્આન ખ્વાની થાય છે, નઅ્ત મન્કબત પઢવા અને સાંભળવામાં આવે છે, અલ્લાહ તઆલા અને તેના હબીબે પાકનું ઝિક્ર થાય છે, શરીઅતના હુકમોની તા'લીમો તબ્લીગનો મોક઼ો મળે છે.

હવે કેટલાક નેક લોકોએ આ નેકીઓમાં વધારો કર્યો છે જે પ્રશંસાપાત્ર છે. જેમ કે કેટલીક જગાએ હજ્જ અને ઉમરા માટે ડ્રો કરવામાં આવે છે. આવી મહેફિલો દ્વારા નાદાર લોકો પણ હજ્જ ઉમરાની સઆદતો પામે છે. ક્યાંક ગરીબ દીકરીઓની શાદીઓ કરાવવામાં આવે છે, જેનાથી એક મોટા ફર્ઝની અદાયગી અને મા બાપના માથેથી એક મોટી ચિંતા દૂર થાય છે. કેટલીક મહેફિલોમાં નાદાર તલબાની તા'લીમી જરૂરતો પૂરી કરવામાં આવે છે. ક્યાંક તો બેઘરોને ઘર આપવામાં આવે છે. આ જ નેકીઓનું પરિણામ છે કે ધનવાનોમાં દરિયાદિલી અને સખાવતનો જઝબો પેદા થયો છે.

મખ્લૂકે ખુદાની ભલાઈ અને કલ્યાણ માટે પુષ્કળ મદ્રસાઓ, સ્કૂલો, કોલેજો, યુનિવર્સિટીઓ, હોસ્પિટલો અને અન્ય વેલ્ફેર સંસ્થાઓ કાર્યરત છે અને તેમના દ્વારા આવા નેક મક઼સદો માટે પ્રયાસો કરવામાં આવે છે તો જે રીતે આ બધા કાર્યો નેકી અને જાઈઝ છે તો ઔલિયા અલ્લાહના નામથી તેમની મેહફિલોમાં થતા નેક અમલો પણ નેકી અને જાઈઝ છે.

અગ્યારમી શરીફ અને ઔલિયા અલ્લાહની નિયાઝોમાં ખવડાવવું બેશક ! નેક અમલ છે પરંતુ

તેની સાથે એ બુઝુર્ગોના નામ પર તેમની તા'લીમાત અને અકીદાઓને ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયા થકી લોકો સુધી પહોંચાડવા, હક્કદારો માટે કપડાં, રોકડ રકમ, બીમારો માટે દવા ઈલાજ અને બેરોજગારો માટે રોજગારના અવસરો, ગરીબ દીકરીઓ માટે શાદીની વ્યવસ્થા, નાદાર તલબા માટે સ્કોલરશીપ, માઝૂર લોકો માટે જરૂરિયાતની વસ્તુઓ, કુદરતી અને આકસ્મિક આપડાઓમાં પીડિતોને સહાય, સાર્વજનિક અને કલ્યાણકારી હેતુઓથી તા'લીમી અને પ્રશિક્ષણ સંસ્થાનો, ગૃહ ઉદ્યોગોની સ્થાપના વિશેષ રીતે મકતબો, મદ્રસાઓ અને દીની સંસ્થાઓને મજબૂત કરવા વગેરે નેક કાર્યો માટે પણ પ્રયાસો કરવામાં આવે અને આ સર્વ નેકીઓનો સવાબ એ ઔલિયા અલ્લાહની મુબારક રૂહોને પહોંચાડવામાં આવે તો આ રીતે તે બુઝુર્ગોના મિશન અને તેમની મહોબ્બતનો હક્ક ખરા અર્થમાં અદા કર્યો કહેવાશે.

કેટલીક જગ્યાએ એક પછી એક નિયાઝોની લાઈન લાગે છે, જો એકાદ નિયાઝ કરી અન્ય નિયાઝોની રકમને ઉપરોક્ત કાર્યોમાં ખર્ચ કરવા તરફ ધ્યાન આપવામાં આવે તો ઘણી દીની અને દુનિયવી જરૂરતોને સરળ રીતે પૂરી પાડવામાં બમણી સહાય અને સફળતા મળી શકે છે. ઔલિયાએ કિરામથી મહોબ્બત કરનાર અને તેમના નામ પર પોતાની હલાલ કમાઈ ખર્ચ કરનાર અહલે ખૈર સખીદાતાઓ આ દિશામાં યોગ્ય પગલાં લે તો ખરેખર અલ્લાહની રઝા, રસૂલે કરીમ ﷺની નિગાહે કરમ અને ઔલિયાએ કિરામના ફૈઝાનથી તેમની દુનિયા વ આખેરત બનશે અને કૌમે મુસ્લિમની મોટી ખિદમત થશે. ઈન્શા અલ્લાહ !

નેકી નેકી છે, જ્યારે પણ કરવામાં આવે, જ્યાં પણ કરવામાં આવે. અગ્યારમી શરીફ ક્યારથી ચાલુ થઈ ? જાઈઝ છે કે નહીં ? એવા સવાલ અનર્થ છે, નેકી અને સવાબના અલગ અલગ તરીકા અને નામ છે, દરેક જમાનામાં હતા અને દરેક જમાનામાં રહેશે. લોકોની બેઈલ્મી અને બેઅમલીના કારણે પેદા થયેલી ખરાબીઓને દૂર કરવામાં આવે, ન કે એ નેકીઓને જ નાજાઈઝ અને હરામ ઠરાવી દેવામાં આવે. દરેક અમલમાં ઈખ્લાસ, અલ્લાહ વ રસૂલની રઝા અને મખ્લૂકે ખુદાની ભલાઈની નિય્યત હોવી જોઈએ. નેકીના માર્ગો અસંખ્ય છે, જરૂરત છે ખુલૂસ, નેક જઝબા અને અમલની.

અલ્લાહ કરીમ પોતાના નેક બંદાઓના સદકામાં સૌને દીનની સાચી સમજ અને અમલની તૌફીક આપે.


**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા

બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા

જેમાં અકીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક વિશે, કસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો) **બંને ભાગના રૂા. ૪૫૦** (ટપાલ ખર્ચ રૂા.૧૦૦)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧

# આઝાદીની જંગમાં અહલે સુન્નતના ઉલમાનો રોલ

**લેખક : અબ્દુલકાદિર અમજદી**

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

એ વાત સૂરજની જેમ રોશન તથા ઉઘાડી છે કે હિંદુસ્તાનને ૧૬૦૦ સદી ઈસ્વીમાં જ ''સોનાની ચિડીયા'' કહેવામાં આવતુ હતું, એટલા માટે કે એ જ દૌરમાં મુસ્લિમ હાકિમોની બાદશાહત હતી. હિંદુસ્તાન જેવી રીતે પોતાની ફળદ્રુપતા, કારીગરી તથા કલાવિદ્યાના કારણે હમેશાં એક ખાસ ખ્યાતિ પામેલ દેશ રહ્યો તેવી જ રીતે ફઝ્લો કમાલવાળા લોકોનું સ્થાન પણ રહ્યો છે. મોગલકાળ દરમ્યાન પણ હિંદુસ્તાન એવો સમૃધ્ધ થયો કે આખી દુનિયા માટે ઈર્ષાને પાત્ર બનેલો હતો. દુનિયાના મોઘા કિંમતી સામાન હિંદુસ્તાનમાં તૈયાર થતા હતા. ખેતીઓમાં પણ વિવિધ પ્રકારના અનાજ તથા શાકભાજી વગેરે થતાં હતાં. જ્યારે હિંદુસ્તાનની આ હૈસિયતને બીજા દેશોએ જોઈ તો તેમની લાળ પણ હિંદુસ્તાન પર ટપકવા લાગી કે અમને પણ હિંદુસ્તાનથી કાંઈ મળ વું જોઈએ.

અને એ જ દૌરમાં હિંદુસ્તાન પૂરી દુનિયાના વેપારીઓના ધ્યાનનું કેન્દ્ર બની ગયું હતું. ૧૫મી સદીથી વિદેશી વેપારીઓએ અહીં વેપારની શરૂઆત કરી.

ઈ.સ. ૧૬૦૦માં અંગ્રેજ પણ વેપાર અર્થે હિંદુસ્તાન પહોંચ્યા અને દરિયા કિનારાના વિસ્તારોમાં વેપાર શરૂ કરી આપ્યો. પણ ટેક્ષની વ્યાજબી અદાયગીના કારણે તેમને ખાસ નફો પ્રાપ્ત ન થયો. એવામાં એ દિવસોમાં શાહજહાંની સાહબઝાદી કોઈક એવી બીમારીમાં સપડાઈ જેનો ઈલાજ અંગ્રેજી ડોક્ટર સિવાય કોઈ બીજો ન કરી શકયો. જેથી એ જ ખુશીમાં બાદશાહે બંગાળમાં અંગ્રેજોને કંપની શરૂ કરવાની રજા આપી, અને ટેક્ષ પણ માફ કરી આપ્યો. આ અંગેજોનો હિંદુસ્તાનમાં પ્રગતિનો પ્રારંભિક દૌર હતો. કંપનીમાં તેમણે નોકરોને જંગી (લશ્કરી) તાલીમ પણ આપી. અને ક્રમે ક્રમે મોટી જંગી ફોજ તૈયાર કરી લીધી અને દેશ પર પોતાનું રાજ સ્થાપી દીધું અને દેશના લોકો પર જુલ્મ તથા સખ્તી કરવા લાગ્યા જેનાથી છૂટકારો અનહદ જરૂરી થઈ ગયો હતો.

ઈ.સ. ૧૮૫૭ની જંગનો પાયો એ વર્ણવવામાં આવે છે કે જ્યારે અંગ્રેજ જંગના માટે હિંદુસ્તાની નવયુવાનોને લઈને જતા તો **Brownbess** ની રાયફલના કારતૂસને દાંત વડે હટાવવાનો હુકમ આપતા, જ્યારે કે એમાં ગ્રીસના રૂપે સુવ્વર તથા ગાયની ચરબીને વાપરતા હતા. સુવ્વર કે જે ઈસ્લામમાં હરામ છે અને ગાય હિંદુઓમાં માનીતી ચીજ છે. જેથી અંગ્રેજોથી છૂટકારા માટે હવે તેમનાથી જંગ કરવું બંને કોમો માટે અનિવાર્ય થઈ ગયું. સૌ પ્રથમ તેની વિરૂધ્ધ અવાજ ઉઠાવવા પર સરકારી નોકર મંગલ પાંડેને ફાંસીએ લટકાવી દીધો. એ સમય સુધી અંગ્રેજો હિંદુસ્તાન પર કબજો જમાવી ચૂક્યા હતા. હિંદુસ્તાનની આઝાદી માટે દરેક કૌમ પોતાની યથાશક્તિ જિદ્દો જેહદમાં લાગી રહી. પણ હિંદુસ્તાની પબ્લિક એ અસમંજસમાં હતી કે પહેલ કોણ કરે. એ વખતે આપણા ઉલમાએ અહલે સુન્નતે જંગે આઝાદીમાં ન કેવળ પોતાનો લીડરશીપનો રોલ અદા કર્યો બલ્કે પોતાની જાનોનાં નઝરાણાં પણ પેશ કર્યાં. દેશની આઝાદીમાં જે માયાનાઝ હસ્તીઓએ પોતાનો

www.barkatekhwaja.net

આગળ પડતો રોલ અદા કર્યો છે. એમનામાંથી અમુક ઉલમાની કુર્બાનીઓને રજૂ કરીએ છીએ.

### અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદી رحمۃ اللہ علیہ

મુજાહિદે આઝાદી, કાઈદે ઈન્કિલાબ, આઝાદીના લડવૈયા લોહ પુરૂષ, ઈમામુલ મઅકૂલાત હઝરત અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદી رحمۃ اللہ علیہને અલ્લાહ તઆલાએ જે બુદ્ધિચાતુર્યની ભરપુર દૌલતથી માલામાલ કર્યા હતા તેને સોનેરી પાણી વડે લખવાને પાત્ર છે.

જે વખતે અંગ્રેજ હિંદુસ્તાની પ્રજાના લોહીની સાથે હોળી ખેલી રહ્યા એ વખતે સૌ પ્રથમ દિલ્હીની જામા મસ્જિદથી અંગ્રેજો વિરુદ્ધ જેણે ફત્વો આપ્યો તે હસ્તી અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદીની છે, સાથોસાથ આઝાદીના લીડરોના કારવાંના સરદાર રહ્યા જેમણે ૧૮૫૭માં હિંદુસ્તાનને અંગ્રેજોના જુલ્મી પંજાથી આઝાદ કરાવવામાં આગળ પડતો અને સરદારીનો રોલ અદા કર્યો. પરંતુ હાલત એ હતી કે પોતાનાઓમાં કેટલાય દગાબાજ હતા. અલ્લામા સાહબે જે ફત્વો આપ્યો હતો તેની ખબર અંગ્રેજો સુધી પહોંચાડી દેવામાં આવી. આપ હિંદી નવયુવાનોને જંગની તા'લીમ શીખવતા રહ્યા. આપની ખૂબ જ જોરપૂર્વક શોધ ચલાવવામાં આવી રહી હતી. એ હાલતમાં આપ પોતાના ખાનદાનને લઈને દિલ્હીથી નીકળી ગયા અને અલીગઢના નવાબને ત્યાં પનાહ લીધી. ત્યાં અઢાર દિવસ રહ્યા પછી પોતાના ખાનદાન સાથે બદાયૂં તશરીફ લઈ ગયા. અલ્લામા સાહબ લગભગ બે વરસો સુધી આમતેમ ભટકતી જિંદગી ગુજારતા રહ્યા પછી અમુક દિવસો બાદ ગિરફતાર કરી લેવામાં આવ્યા. કેસ ચલાવવામાં આવ્યો. સંજાગોવસાત જજ અલ્લામા સાહબનો શાગિર્દ હતો. તેણે ચાહ્યું કે અલ્લામા સાહબ જૂઠુ બોલી દે (કે મેં ફત્વો નથી આપ્યો) અને તેમને છોડી મૂકવામાં આવે. પરંતુ આપે જૂઠુ બોલવાથી ઈન્કાર કરી દીધો તો જજે આપના માટે આંદામાનમાં કાળાપાણીની સજા તજવીઝ કરી અને ઈ.સ. ૧૮૬૧માં ત્યાં જ અલ્લામા સાહબનો ઈન્તેકાલ થઈ ગયો અને ત્યાં જ દફન કરવામાં આવ્યા.

### મૌલાના રઝા અલીખાં બરેલ્વી رحمۃ اللہ علیہ

મૌલાના રઝા અલીખાં બરેલ્વી رحمۃ اللہ علیہ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના સગા દાદા હતા. આપ બેહતરીન વાઈઝ તથા ખતીબ હતા. આપની તકરીર દિલો પર અસર કરતી હતી. ઈસ્લામના પાબંદ તથા કનાઅત પસંદ (થોડામાં રાજી રહેનાર) હતા. નમ્રતા તથા સહનશીલતા આપની આદત હતી. અખંડ ભારતમાં રિવાજ પામેલ તથા મશહૂર ખુત્બાતે ઈલ્મી આપની જ લખેલી છે જે આપના શાગિર્દ મૌલાના હસન ઈલ્મીના નામથી પ્રકાશિત થઈને હિંદુસ્તાનમાં મકબૂલ થઈ. એક અન્ય શાગિર્દ તથા મુરીદ મૌલાના ફખ્રુદ્દીન પણ ઉલ્લેખનીય છે જે અંગ્રેજોની વિરુદ્ધ લડતાં બરેલીમાં શહીદ થયાં અને ત્યાં જ દફન થયા.

આપ મૌલાના રઝા અલી ખાને જંગે આઝાદીમાં મૌખિક રીતે, અમલી રીતે દરેક રીતે હિસ્સો લીધો. આપ આઝાદી પસંદ હતા. અંગ્રેજી સત્તાને તદ્દન નાપસંદ કરતા હતા. ઉલમાએ કિરામે જ્યારે જેહાદનો ફત્વો આપ્યો તો આપે તેનું ભરપુર સમર્થન કર્યું અને પબ્લિકને અંગ્રેજોની વિરુદ્ધ તૈયાર કરી. મુજાહિદોની સંપૂર્ણ મદદ કરી. મુજાહિદોને ઘોડા પહોંચાડવામાં આપે આગળ પડતો રોલ ભજવ્યો. અંગ્રેજ આપની મોટા મોટા લોકશાહી પસંદ ઉલમાની યાદીમાં ગણત્રી કરતા હતા. અંગ્રેજ ઈતિહાસકાર ડૉ. મિલીસન લખે છે : બ્રિટનના હાકિમો જ્યારે પૂરા હિંદુસ્તાન પર

www.barkatekhwaja.net

કબજો કરવાની દરેક શક્ય કોશિશ કરી રહ્યા હતા, તો તે વખતે ફઝ્લે હક્કખૈરાબાદી, અહમદુલ્લાહ શાહ મદ્રાસી, ઈમામ બખ્શ અસ્હબાઈ અને રઝા અલી બરેલ્વી જેવા મોલ્વી કબજાની વિરુદ્ધ પોતાની ભરપુર કોશિશ કરી રહ્યા હતા.

જ્યારે જંગે આઝાદીનું બ્યુગલ વાગ્યું તો દરેક જગાએ અંગ્રેજો સાથે જંગ છેડાઈ ગઈ. પણ બરેલી એવું સ્થળ હતું જ્યાં અંગ્રેજોની હાર થઈ. આઝાદીને કેવળ બે જ વરસ થયા હતાં કે ફરી અંગ્રેજોએ કબજો જમાવી લીધો. કહેવામાં આવે છે કે સેંકડો લોકોને ફાંસી આપવામાં આવી અને તેમની લાશોને ઝાડો પર લટકાવવામાં આવી. ઈમામુલ ઉલમા રઝા અલીખાંની ગિરફતારી બલ્કે આપનું માથુ કાપી લાવવા પર તે સમયના રૂા. ૫૦૦નું ઈનામ પણ રાખવામાં આવ્યું. આ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનો બંદો પોતાના રબની હિફાઝતમાં રહ્યો અને કોઈ એમના સુધી પહોંચી ન શક્યું.

## મુફ્તી ઈનાયત અહમદ કાકોરવી رحمۃ اللہ علیہ

મુફ્તી ઈનાઅત અહમદ કાકોરવી رحمۃ اللہ علیہની પ્રાથમિક તા’લીમ દેવા તથા કાકોરીમાં થઈ. હિ.સ. ૧૨૪૦માં શમપૂર પહોંચીને ઈલ્મો વિદ્યાઓની પ્રાપ્તિ કરી. પછી દિલ્હી, આગ્રા, અલીગઢમાં હદીષ તથા અન્ય ઈલ્મો પઢયા. અલીગઢમાં જ સરકારી અંગ્રેજીના મુફતી લેખક નિયુક્ત થયા. અમુક સમય બાદ અલીગઢથી આપની બદલી બરેલી થઈ ગઈ. બરેલીમાં આપ સદરે અમીનના સ્થાન પર બિરાજમાન થયા.

ઈ.સ. ૧૮૫૭ની આઝાદીની ચળવળ શરૂ થતાં જ બરેલીમાં અંગ્રેજો વિરુદ્ધ ઘણુ જ જોશ પેદા થઈ ગયું. નવાબ ખાન બહાદુર ખાન રોહેલાના સહાયક હતા. એ દરમિયાન આપને અગરહતના સદરુસ્સુદૂર બનાવવામાં આવ્યા. એક ફત્વો બરેલીથી બહાર પડયો. મુફતી સાહબે તેના પર સહી કરી. એના કારણે અંગ્રેજોએ આપને ગિરફતાર કરીને કેસ ચલાવ્યો અને આંદામાન ટાપુ મોકલી દેવામાં આવ્યા. વતનથી બેવતનીની તકલીફ અને પરેશાનીઓ છતાં આપે કુર્આને પાક હિફ્ઝ કર્યું. તવારીખે હબીબુલ્લાહ શરીઅતે નબવીના વિષય પર અને ઈલ્મુસ્સિગા કિતાબોની મૌજૂદગી વિના, મદદ વિના લખી.

જ્યારે બંને કિતાબોને અસલ માખઝ તથા મરાજેઅ સાથે મિલાવી તો તમામ લખાણોને સહીહ દુરુસ્ત પામ્યાં. એક અંગ્રેજે તક્વિયતુલ બદલાનના તર્જુમાની ખ્વાહિશ જાહેર કરી જેને આપે બે વરસમાં સંપૂર્ણ કરી આપ્યો. આ જ આલમી કારનામુ આપની મુક્તિનો સબબ બન્યું. અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદીએ આંદામાન ટાપુમાં ‘અષ્ષૂરતુલ હિંદિયા’ અને ‘કસાઈદે ફિત્નતુલ હિંદ’ મુફતી સાહબના હવાલે કરી કે તે આ લખાણોને મૌલાના અબ્દુલહક્ક ખૈરાબાદીને પહોંચાડે. મુફતી સાહબના માધ્યમથી જ એ મહત્વનાં લખાણો જે પેન્સિલ તથા કોલસાથી લખવામાં આવેલ હતાં તે હિંદુસ્તાન પહોંચ્યાં.

હિ.સ. ૧૨૭૯માં આપે હરમૈન શરીફૈનની ઝિયારતનો ઈરાદો કર્યો. સફર માટે રવાના થઈ ગયા. એવામાં આપનું જહાઝ એક ભારે ચટ્ટાન સાથે ટકરાયને ટુકડે ટુકડા થઈ ગયું અને મુફતી સાહબ નમાઝની હાલતમાં એહરામ બાંધેલ સ્થિતિમાં કાફલા સાથે ડૂબી ગયા.

## મૌલાના સૈયદ કિફાયતઅલી કાફી મુરાદાબાદી رحمۃ اللہ علیہ

મૌલાના સૈયદ કિફાયતઅલી કાફી મુરાદાબાદી رحمۃ اللہ علیہ નગીના, જિ. બીજનોરના સાદાત ઘરાનાના હતા. આપ ઘણા જ મહાન શાયર હતા. ઈલ્મે હદીષ સાથે આપને ખૂબ જ લગાવ હતો. સુન્નતની પયરવી

અને ઈશ્કે રસૂલ આપની જિંદગીનો અસલ સરમાયો હતો. આપના ઈશ્કના જોશથી પ્રભાવિત થઈને ઈમામે અહલે સુન્નત અશશહાહ ઈમામ અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہએ આપને 'સુલ્તાને નઅત ગોયાં ઠરાવ્યા હતા.

*મહકા હૈ મેરી બૂએ દહનસે આલમ*
*કાફી સુલ્તાને નઅત ગોયાં હૈ રઝા*
*હાં ! નગ્મએ શીરીં નહીં તલ્ખીસે બહમ*
*ઈન્શાઅલ્લાહ ! મૈં વઝીરે આ'ઝમ*

૧૮૫૭ની ક્રાંતિ વખતે આપે મુરાદાબાદમાં અંગ્રેજો વિરુદ્ધ જેહાદનો ફત્વો બહાર પાડયો અને તેની કોપીઓ બીજા સ્થળોએ મોકલી ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ આપના લોકશાહીના જોશ અને આઝાદીની ચળવળમાં સક્રિય શિર્કતથી ખૂબ જ પ્રભાવિત હતા. ફર્માવ્યા કરતા હતા, "જ્યારે હિંદની આઝાદીની ચળવળ શરૂ થઈ તો જાણે મૌલાના કાફી رحمۃ اللہ علیہનું હાશમી ખૂન પહેલેથી જ શહાદતના જઝબાથી સરશાર હતું."

જનરલ બખ્તમાં પોતાના જાંબાઝોની ફોજ લઈને જ્યારે મુરાદાબાદ પહોંચ્યા તો આપ જ દરેક પ્રથમ દળના રહનુમા તથા પેશવા હતા. પરિણામે મુરાદાબાદ તથા આસપાસ બરેલીમાં મુસલમાનોએ અંગ્રેજો વિરુદ્ધ જબરદસ્ત બગાવત કરી અને નવાબ મજદુદ્દીનખાં ઉર્ફ મજુખાંની સરદારી હેઠળ મુરાદાબાદ અંગ્રેજોની પકડથી આઝાદ થઈ ગયું. મુરાદાબાદ પર કબજા પછી આપને ત્યાંના સદરે શરીઅત બનાવવામાં આવ્યા. આપને ત્યાં કેસોનો ફેંસલો શરઈ હુકમ પ્રમાણે થતો હતો.

૨૫ એપ્રિલ ૧૯૫૮માં અંગ્રેજોએ ફરીથી મુરાદાબાદ પર કબજો કરી લીધો અને મુજાહિદોની ધરપકડો શરૂ થઈ ગઈ. મૌલાના છુપાય ગયા પણ એક ખબર આપનાર બાતમીદાર ફખ્રુદ્દીન કલાંની ગદ્દારીથી અંગ્રેજોએ આપને ગિરફતાર કરી લીધા અને વિવિધ કલમો લગાડીને આપની વિરુદ્ધ કેસ ચલાવવામાં આવ્યો. છેવટે ૬ મે ૧૮૫૮ના રોજ ફાંસીની સજા સંભળાવવામાં આવી. ફાંસીના ફંદા પર જતી વખતે આપની જીભ તાજી તાજી લખેલ નઅત શરીફના આ શેઅરો જારી હતા :–

*કોઈ ગુલ બાકી રહેગા ન ચમન રહ જાએગા*
*પર રસૂલુલ્લાહ કા દીને હસન રહ જાએગા*
*હમ સફીરો ! બાગમેં હૈ કોઈ દમ કા ચહચહા*
*બુલબુલેં ઉળ જાએંગી સૂના ચમન રહ જાએગા*
*સબ ફના હો જાએંગે "કાફી" લેકિન હશ્ર તક*
*નઅતે હઝરત કા ઝબાનોં પર સુખન રહ જાએગા*

વર્ણવવામાં આવે છે કે શહાદતના ત્રણ વરસ બાદ મૌલાના કાફી رحمۃ اللہ علیہની કબ્રની નજીકથી સડક કાઢવામાં આવી રહી હતી. એક મજૂરનો પાવડો આપની પિંડલી પર લાગ્યો અને કબ્ર ખુલી તો શરીર મુબારક એવું જ હતું જેવું શહાદતના સમયે હતું. ઉમરવાળા લોકોએ ચહેરો જોઈને આપને ઓળખી લીધા. મજૂરો, એંજીનિયર સમુસાજુ શરીર જોઈને ડરી ગયા અને ફરીથી તખ્ત લગાડીને કબર ઠીક કરી આપી અને સડકની દિશા બદલી નાખી.

આ રીતે ઉલમાએ પોતાની જાનોની કુર્બાની આપી. અલ્લાહ તેમની કુર્બાનીઓને કબૂલ ફર્માવે અને આપણને સૌને એમના કિરદારને અપનાવવાની તૌફીક આપે. (પૂર્વગ્રહની હવાએ એમની કુર્બાનીઓ પર પડદો પાડી દીધો છે પણ ઈતિહાસ આજે પણ એમની શહાદતોની સાક્ષી પૂરી રહ્યો છે.)

*–તજલ્લિયાતે અમજદ, અમજદી મિશન–ઘૌસી*

www.barkatekhwaja.net



# શરાબની ભયાનકતા

## કુર્આન હદીષ અને મેડિકલની દ્રષ્ટિએ

રજૂકર્તા : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા આમોદ)*

શરાબ ઈન્સાનની બદતરીન દુશ્મન છે, એ જ કારણથી કુર્આને હકીમે તેને હરામ ઠરાવી દીધી અને લોકોને તેનાથી બચવાનો હુકમ ફર્માવ્યો. જેમ કે કુર્આને હકીમમાં છે :–

يَسْـَٔلُوْنَكَ عَنِ الْخَمْرِ وَ الْمَيْسِرِؕ قُلْ فِيْهِمَاۤ اِثْمٌ كَبِيْرٌ وَّ مَنَافِعُ لِلنَّاسِ٘ وَ اِثْمُهُمَاۤ اَكْبَرُ مِنْ نَّفْعِهِمَاؕ

"લોકો તમારાથી શરાબ અને જુગાર વિશે પૂછે છે. તમે કહી દો કે એ બંને ચીજોમાં મોટો ગુનો છે, ભલે તેમાં લોકો માટે થોડોક ફાયદો પણ છે, પરંતુ તેમનો ગુનો તેમના ફાયદાથી ઘણો અધિક છે.

*(સૂરએ બકરહ, ૨/૨૧૯)*

વિશ્વમાં સ્વાસ્થ્યના મશ્હુર પ્રખ્યાત નિષ્ણાંત પ્રોફેસર હર્શ (Hirsch)એ આ વિષય પર લખેલ પોતાના પુસ્તકમાં કહ્યું છે :

શરાબ પર પ્રતિબંધ જે સભ્ય દુનિયાનો સૌથી મોટો દેશ અમેરિકા પંદર વર્ષ સુધી લાગુ ન કરી શક્યો તે ઈસ્લામે પાછલા ચૌદસો વરસથી લાગુ કરી રાખ્યો છે અને આ રીતે તેણે સભ્યતા, સંસ્કૃતિ અને માનવતાને ઘણા પહેલાથી બચાવી રાખી છે.

કુર્આને હકીમમાં શરાબ પર પાબંદી ત્રણ સ્થાને વર્ણવવામાં આવી છે, તેમનામાંથી એક સૂરએ બકરહ છે જેમાંથી ઉપરોક્ત આયત નકલ કરવામાં આવી છે. બીજું સ્થળ જે શરાબની પાબંદીથી સંબંધિત છે તે સૂરએ નિસાઅની ૪૩મી આયત છે અને ત્રીજી જગ્યાએ આ પાબંદી સૂરએ માએદા આયત ૯૦,૯૧માં વર્ણવવામાં આવી છે. કેટલાક મુફસ્સિરોના મુજબ શરાબ પર પાબંદી કુર્આને હકીમમાં ધીરે ધીરે લાગુ થઈ, જયારે કે અમુક ઉલમાના અનુસાર આ ત્રણેવ સ્થળો મૂળ રૂપે એકબીજાથી અલગ નથી. ભલે જાહેરમાં તેમના વર્ણન અલગ અલગ જણાય છે પરંતુ વાસ્તવમાં તેમનામાં કોઈ ફરક નથી. આ ત્રણેવ સૂરતોમાં જુદી જુદી રીતે શરાબ પર પાબંદી જ લગાવવામાં આવી છે, અલ્બત્ત શરાબથી થતા નુકસાનોને અલગ અલગ અંદાઝમાં બયાન કરવામાં આવ્યા છે. સૂરએ માએદામાં દસ દલીલોથી શરાબને હરામ કરવામાં આવી જેથી લોકોના દિલોમાં તેનાથી નફરત જામી જાય. જેમકે ફર્માવ્યું :

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِنَّمَا الْخَمْرُ وَ الْمَيْسِرُ وَ الْاَنْصَابُ وَ الْاَزْلَامُ رِجْسٌ مِّنْ عَمَلِ الشَّيْطٰنِ فَاجْتَنِبُوْهُ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ۝۹۰ اِنَّمَا يُرِيْدُ الشَّيْطٰنُ اَنْ يُّوْقِعَ بَيْنَكُمُ الْعَدَاوَةَ وَ الْبَغْضَآءَ فِي الْخَمْرِ وَ الْمَيْسِرِ وَ يَصُدَّكُمْ عَنْ ذِكْرِ اللّٰهِ وَ عَنِ الصَّلٰوةِ ۚ فَهَلْ اَنْتُمْ مُّنْتَهُوْنَ۝۹۱

"હે ઈમાનવાળાઓ ! શરાબ, જુગાર, મુર્તિઓના ચઢાવાઓનું સ્થળ અને ફાલ કાઢવાના તીર, નાપાક અને શૈતાની કાર્યોમાંથી છે, તેમનાથી બચો જેથી તમે સફળતા પામો. શૈતાન કેવળ એ ઈચ્છે છે કે તે શરાબ અને જુગારના કારણે તમારા વચ્ચે અદાવત અને દુશ્મની પેદા કરી દે અને તમને અલ્લાહના ઝિક્ર અને નમાઝથી રોકી દે. તો શું તમે બચવાવાળા છો ? *(સૂરએ માઈદહ, ૫/૯૦,૯૧)*

www.barkatekhwaja.net

આ આયતમાં નિમ્ન દસ દલીલોથી શરાબના હરામ હોવાને બયાન કરવામાં આવ્યું છે :

(૧) શરાબનું વર્ણન જુગાર, ચઢાવાના સ્થળ અને ફાલના તીરો સાથે કરવામાં આવ્યું, આ ત્રણેવ ચીજા હરામ છે માટે શરાબ પણ હરામ છે.

(૨) શરાબ પીવાને રિજ્સ (નાપાકી) કહેવામાં આવ્યું અને દરેક નાપાક ચીજ હરામ છે.

(૩) શરાબ પીવાને શૈતાની કાર્ય ફર્માવ્યું અને દરેક શૈતાની કાર્ય હરામ છે.

(૪) શરાબ પીવાથી બચવાનો હુકમ ફર્માવ્યો, માટે બચવું ફર્ઝ અને વાજિબ તથા તેને કરવું હરામ થયું.

(૫) આખિરત અને દુનિયાની સફળતાને શરાબથી બચવા પર નિર્ધારિત કરવામાં આવી, જેથી શરાબ પીવું હરામ થયું.

(૬) શરાબને શૈતાન તરફથી દુશ્મનીનું કારણ ઠરાવ્યું અને હરામ કામનો સબબ પણ હરામ હોય છે.

(૭) શરાબના કારણે શૈતાન અદાવત પેદા કરે છે અને અદાવત હરામ છે.

(૮) શરાબ અલ્લાહના ઝિક્રથી રોકવાનું કારણ બને છે અને અલ્લાહના ઝિક્રથી રોકવું હરામ છે.

(૯) શરાબ નમાઝથી રોકે છે અને નમાઝથી રોકવું હરામ છે.

(૧૦) અલ્લાહ તઆલાએ ખૂબ જ છટાદાર રીતે મના ફર્માવતાં સવાલ રૂપે ફર્માવ્યું, તો શું તમે શરાબ પીવાથી રોકાશો ?

હઝરત બુરૈદા ફર્માવે છે કે અમે એક મજલિસમાં બેસી શરાબ પી રહ્યા હતા. ત્યારે શરાબ હરામ થઈ ન હતી. અચાનક હું ઉઠયો અને સરકારે દો આલમની ખિદમતે અકદસમાં હાજર થયો અને હુઝૂરને સલામ અર્ઝ કરી ત્યારે શરાબ હરામ હોવા વિશે આ આયત નાઝિલ થઈ. તેના અંતમાં હતું કે "શું તમે રોકાશો ?" હું પોતાના સાથીઓ પાસે ગયો અને તેમને આ બે આયતો સંભળાવી. અમુકના હાથોમાં શરાબના પ્યાલા હતા, જેનાથી તેમણે શરાબ પી લીધી હતી અને અમુકની શરાબ હજુ પ્યાલામાં હતી. તેમણે પ્યાલામાંથી શરાબ જમીન પર નાખી દીધી અને કહેવા લાગ્યા. "હે અમારા રબ ! અમે રોકાય ગયા." *(તબ્રી ૭/૪૭, સુનને કુબ્રા ૮/૨૮૫, મુસ્તદરક લિલ હાકિમ ૧/૧૪૧)*

આ ચર્ચાનું તાપ્પર્ય એ છે કે કુર્આને હકીમમાં આ ત્રણેવ સૂરતોમાં વિવિધ રીતે શરાબ પીવાથી રોકવામાં આવ્યું અને તેના હરામ હોવાને બયાન કરવામાં આવ્યું છે, કારણ કે ઈસ્લામમાં દરેક નાપાક અને હરામ ચીજથી મુસલમાનોને રોકવામાં આવ્યા છે.

**અહાદીષે નબવિયામાં શરાબની નિંદા અને ચેતવણી** : સરકારે દો આલમ એ પણ શરાબ વિષે ઘણી વઈદો સંભળાવી છે, જેમનામાંથી અમુક નીચે પ્રમાણે છે :

(૧) સય્યદુના અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે, સરકારે દો આલમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યું, ઝિના કરતાં સમયે અને ચોરીના વખતે ચોરમા ઈમાન કામિલ નથી હોતું. *(બુખારી ૨/૮૩૬, નિસાઈ હદીષ : ૫૬૭૫, મુસ્લિમ હદીષ : ૧૦૧)*

(૨) સૈયદુના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ ફર્માવે છે, આકાએ દો જહાં ﷺએ ઈર્શાદ ફર્માવ્યું : જેણે દુનિયામાં શરાબ પીધી તે આખિરતમાં (જન્નતની શરાબે તહૂરથી) મેહરૂમ રહેશે.

*(બુખારી, ૨/૮૩૬)*

(૩) સૈયદુના અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર બિન આસ ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે : જેણે શરાબ પીધી, ચાલીસ દિવસ સુધી તેની તોબા કબૂલ થતી નથી, પછી તે તોબા કરી લે તો અલ્લાહ તઆલા તેની તોબા કબૂલ કરી લે છે. પછી બીજી વાર

www.barkatekhwaja.net

શરાબ પી લે તો અલ્લાહ તઆલા ચાલીસ દિવસ સુધી તેની તોબા કબૂલ ફર્માવતો નથી. પછી તે તોબા કરી લે તો અલ્લાહ તઆલા તેની તોબા કબૂલ કરી લે છે. ફરી જો એ શરાબ પીએ તો અલ્લાહ પર હક છે કે તેને દોઝખીઓનું પરૂ પીવડાવે. *(નિસાઈ હદીષ, ૫૬૮૬, ઈબ્ને માજા, હદીષ–૩૩૭૭)*

(૪) સૈયદુના અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર બિન આસથી જ અન્ય એક રિવાયત છે, સરકારે દો આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું : એહસાન જતાવનાર જન્નતમાં દાખલ નહીં થાય, ન મા બાપનો નાફર્માન અને ન શરાબ પીનાર. *(નિસાઈ હદીષ, ૫૬૮૮)*

(૫) સૈયદુના અબૂ માલિક અશ્અરી ફર્માવે છે, સૈયદે દો આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું : ટૂંક સમયમાં મારી ઉમ્મતમાં એવા લોકો પેદા થશે જે ઝિના, રેશમ, શરાબ અને વાજીંત્રોને હલાલ કહેશે અને ટૂંક સમયમાં અમુક લોકો પહાડોના દામનમાં રહેશે, જ્યારે તેઓ રાત્રે પોતાના પશુઓના ઘોર લઈને પાછા ફરશે અને તેમની પાસે કોઈ ફકીર પોતાની હાજત લઈને આવશે તો તેઓ તેને કહેશે, કાલે આવજે. અલ્લાહ તઆલા પહાડ ગિરાવીને તેમને હલાક કરી દેશે અને બીજા (ઝિના, રેશમ, શરાબ અને વાજીંત્રોને હલાલ કહેનારા) લોકોને મસ્ખ કરી (તેમના ચેહરા બગાડી) કયામતના દિવસે વાંદરા અને સુવ્વર બનાવી દેશે. *(બુખારી, ૨/૮૩૭)*

(૬) સૈયદુના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ ફર્માવે છે, સરકારે દો આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું : અલ્લાહ તઆલાએ શરાબ પર લાનત ફર્માવી છે અને શરાબ પીનાર પર, શરાબ પીવડાવનાર પર, શરાબ વેચનાર પર, શરાબ ખરીદનાર પર, શરાબને અંગુરથી નીચોડનાર પર, તેને લાદનાર પર અને તેના ઉપર પણ જેની પાસે લાદીને લઈ જવામાં આવે.

*(સુનને અબૂ દાઊદ, ૨/૧૬૧)*

(૭) સૈયદુના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ ફર્માવે છે, નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, દરેક તે ચીજ જે બુધ્ધિને ઢાંકી લે, તે શરાબ છે અને દરેક નશો લાવનાર ચીજ હરામ છે અને જેણે કોઈ નશો લાવનાર ચીજ પીધી તેની ચાલીસ દિવસની નમાઝો નાકિસ થઈ જશે અને જો તોબા કરી લીધી તો અલ્લાહ તઆલા તેની તોબા કબૂલ ફર્માવી લેશે. અને જો તેણે ચોથી વાર શરાબ પીધી તો અલ્લાહ તઆલા પર હક છે કે તેને તીનતુલ ખયાલથી પીવડાવે. પૂછવામાં આવ્યું કે તીનતુલ ખયાલ શું છે ? ફર્માવ્યું : દોઝખીયોનું પરૂ. *(સુનને અબૂ દાઊદ, ૨/૧૬૨)*

(૮) હઝરત ઉર્વા બિન રૂવૈમ બયાન કરે છે કે ઈબ્ને દૈલમી સવાર થઈ સૈયદુના અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર બિન આસની તલાશમાં નીકળ્યા. જ્યારે તેમની પાસે પહોંચ્યા તો કહ્યું, હે અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ! શું આપે રસૂલુલ્લાહ ﷺથી શરાબ વિશે કંઈ સાંભળ્યું છે ? તેમણે ફર્માવ્યું, હા ! મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતા સાંભળ્યા છે કે મારી ઉમ્મતમાંથી જે શખ્સ શરાબ પીશે, અલ્લાહ તઆલા તેની ચાલીસ દિવસની નમાઝો કબૂલ નહીં ફર્માવે. *(નિસાઈ હદીષ–૫૬૮૦, ઈબ્ને મજહ, હદીષ–૩૩૭૭)*

(૯) સૈયદુના મુઆવિયા ફર્માવે છે કે શરાબથી બચો, એ તમામ ગુનાહોની જડ છે, તમારાથી પહેલાની ઉમ્મતોમાં એક શખ્સ જે ઘણો ઈબાદત ગુઝાર હતો, તેના પર એક બદકાર ઔરત મોહિત થઈ ગઈ. તેણીએ પોતાની બાંદીને મોકલી તે શખ્સને કોઈ બહાને બોલાવ્યો. જ્યારે તે ઈબાદત ગુઝાર તેની પાસે પહોંચ્યો તો તેણીએ દરવાજો બંધ કરી દીધો. તેણે જોયું કે ત્યાં એક હસીન જમીલ ઔરત છે, એક બાળક છે અને એક શરાબનું વાસણ છે. બદકાર ઔરતે તેને કહ્યું, ખુદાની કસમ ! મેં તને ગવાહી માટે નથી બોલાવ્યો બલ્કે એટલા માટે બોલાવ્યો છે કે તું

www.barkatekhwaja.net

મારી નફસાની ખ્વાહિશ પૂરી કરે અથવા આ શરાબ પીવે અથવા આ બાળકને કતલ કરી દે. તે ઈબાદત ગુઝારે (શરાબ પીવાને બીજા બે ગુના કરતાં નાનો ગુનો સમજીને) કહ્યું, મને આ શરાબથી એક પ્યાલો પીવડાવી દે. ઔરતે તેને એક પ્યાલો શરાબ પીવડાવી. તેણે કહ્યું, હજૂ પીવડાવ. (શરાબની મદહોશીમાં) તેણે તે ઔરત સાથે બદકારી પણ કરી અને તે બાળકને પણ કતલ કરી દીધો. માટે તમે શરાબથી બચો, કેમ કે ખુદાની કસમ ! શરાબનોશીની સાથે ઈમાન બાકી નથી રહેતું. *(નિસાઈ હદીષ-૫૬૮૨)*

આ હદીષો સિવાય અન્ય પણ ઘણી હદીષો છે જેમાં શરબનોશી પર વઈદ બયાન કરવામાં આવી છે પરંતુ લંબાણના ડરથી તેમને વર્ણવવામાં નથી આવતી.

**શરાબના નુકસાનો** : સૂરએ બકરહ આયત ૨૧૯માં વિશેષ રીતે શરાબની ખરાબીઓ ભૌતિક અને આધ્યાત્મિક રીતે પણ વર્ણવવામાં આવી છે, કારણ કે કુર્આને હકીમે નફાની તુલનામાં નુકસાનનો શબ્દ ઉપયોગ ન ફર્માવ્યો બલ્કે ઈષ્મ (ગુનાહ)નો શબ્દ ઉપયોગ કર્યો જેનાથી એ બતાવવાનો હેતુ હતો કે ભલે દુન્યવી રીતે તમને એના અમુક ફાયદા નજર આવે પરંતુ યાદ રાખો કે અલ્લાહ તઆલાને ત્યાં શરાબ પીવાનો ગુનો એટલો અધિક છે કે દુન્યવી ફાયદા તેની તુલનામાં કોઈ મહત્વ નથી રાખતા. પરંતુ શરાબનોશીનું વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી વિશ્લેષણ કરવામાં આવે તો તેના નુકસાનો ઘણા બધા છે, જેમનામાંથી અમુકનો અહીંયા ઉલ્લેખ કરવામાં આવે છે.

ઈન્સાની સ્વાસ્થ્ય પર શરાબની ઝેરીલી અસરોનું સંપૂર્ણ રીતે વિશ્લેષણ કરવામાં આવે, તે પહેલાં તેના રાસાયણિક તત્વો વિશે થોડીક જાણકારી પ્રાપ્ત કરવી જોઈએ.

રસાયણશાસ્ત્ર (Chemistry)ના મુજબ આપણે એ જાણીએ છીએ કે આલ્કોહોલ, પદાર્થો વિશેષ રીતે ચરબીને ઓગાળવા માટે એક શક્તિશાળી દ્રાવક છે, Nutritional ભાષામાં એ હલ કરવાવાળી વસ્તુ નથી બલ્કે તોડ ફોડની પ્રક્રિયા (Decomposition Process) છે. બીજા શબ્દોમાં કહીએ તો તે બેકટેરિયા અથવા સુક્ષ્મજંતુઓ દ્વારા પ્રાથમિક ખોરાક એટલે કે સુગરના પાચનની પ્રક્રિયામાં ઉત્પન્ન થતી રાસાયણિક આડપેદાશ (Byproduct) છે. આ કારણોસર, શરાબને માનવ શરીર માટે એક હાનિકારક રસાયણ માનવામાં આવી છે. અને ઈન્સાનનું લીવર તેને તુરંત તોડી નાખે છે, એટલે કે તેના ઝેરીલાપનને ખત્મ કરવામાં લાગી જાય છે. આ પ્રક્રિયાને Deoxified કહેવામાં આવે છે, માટે શરાબ અથવા આલ્કોહોલ ચોક્કસપણે પોષક મૂલ્ય ધરાવતું નથી જેનો દાવો તેના રસિયા અધિકતમ કરે છે. જ્યારે તે શરીરમાં પહોંચે છે તો અન્ય દરેક પ્રકારના ખાદ્ય પદાર્થોના વિપરિત કંટ્રોલથી બહાર એન્ઝાઈમસ દ્વારા તેનું પાચન થાય છે. કેવળ આ એક જ જાહેરી ફાયદો આ આયતે કરીમામાં બતાવવામાં આવ્યો છે. શરાબ અથવા આલ્કોહોલ શી આડ અસરો કરે છે તેને અમો વિગતવાર વર્ણવીએ છીએ.

**પાચન ક્રિયા પર શરાબની આડ અસરો** : શરાબની સૌ પ્રથમ આડઅસર મોઢાથી શરૂ થાય છે, સામાન્ય રીતે મોઢામાં એક વિશેષ પ્રકારનું દ્રાવક (Flora) હોય છે જે થૂક ના રૂપમાં છે. હાનિકારક કીટાણુઓ માટે તેમાં જીતિવ રહેવું મુશ્કેલ થઈ જાય છે, પરંતુ શરાબના કારણે તેની તીવ્રતા અને બળ ધીરે ધીરે ઓછું થઈ જાય છે એટલા માટે તેનું પરિણામ પેઢાંમાં ચાંદા અને સોજાના રૂપમાં જાહેર થાય છે, જેથી શરાબની લતવાળાઓના દાંત બહુ ઝડપે ખરાબ થઈ જાય છે.

મોઢા પછી ગળા અને અન્ન નળી



www.barkatekhwaja.net

(Esophagus)નો વારો આવે છે, આ બંને એક બીજાથી સંકળાયેલા હોય છે. તે અત્યંત મુશ્કેલ કામ કરે છે અને તેમના પર ખૂબ જ સંવેદનશીલ પરત મ્યુકોસ મેમ્બ્રેન (Mucous membrane) હોય છે. શરાબના કારણે તેના પર ખરાબ અસર થાય છે અને બળતરાનું કારણ બને છે, જેનાથી એ બંને અવયવોમાં કમજોરી પેદા થવા માંડે છે અને અધિકતમ આ અવયવો કેન્સરનો ભોગ બને છે. કેન્સર જેવા હાનિકારક રોગ વિરૂધ્ધ લડત લડી રહેલી સંસ્થાઓ ૧૯૮૦ પછીથી શરાબના વિરોધમાં દૂરગામી પગલાં લઈ રહી છે.

એ વાત તો દરેક વ્યક્તિ જાણે છે કે શરાબના કારણે પેટની ખતરનાક બીમારીઓ જેમ કે ગેસ્ટ્રાઈટિસ (Gastritis) વગેરે થાય છે. આવું એટલા માટે થાય છે કે રકતમાં રહિત એક ખાસ પ્રકારની ચરબી (Lipid) શરાબના સેવનથી ઓગળી જાય છે, લાઈપીડ એક સુરક્ષા કવચ પ્રદાન કરે છે જેના પર હાઈડ્રો કલોરિક એસિડની હાનિકારક અસર નથી થતી. આ જ પરતના કારણે જઠર પોતે પોતાને પચાવી શકતું નથી. જો કે અત્યાર સુધી સંપૂર્ણ રીતે એ પુરવાર નથી થયું કે જે રીતે શરાબ ગળા અને અન્નનળી માટે કેન્સરનું કારણ બને છે એવું જ જઠર માટે પણ છે, પરંતુ એ વિચારની પણ પૃષ્ટિ થઈ રહી છે કે જઠરના કેન્સરમાં પણ શરાબ જ કારણ બને છે.

શરાબની સર્વાધિક હાનિકારક અસર ડ્યુડેનમ (Dudenum) (હોજરી પાસેનો નાનુ આંતરડાનો ભાગ) પર થાય છે. તેમાં ઘણી જ નાઝુક રાસાયણિક પ્રતિક્રિયાઓ ઉત્પન્ન થતી હોય છે. શરાબ તેની પાચન રસ સ્ત્રાવ કરવાની ક્ષમતાને અસર કરે છે અને તેની રાસાયણિક સંવેદનશીલતાને પ્રભાવિત કરે છે. પાચન માટેના આ મહત્વપૂર્ણ માર્ગના વિનાશ પછી શરાબ જઠરથી ઉત્પન્ન થતા પાચન સ્ત્રાવ (Bile) ઉપર પણ અસર કરે છે. શરાબની લતવાળાઓના ડ્યુડેનમ અને પિત્તની પરત હંમેશા રોગગ્રસ્ત અથવા ઘણીવાર નિષ્ક્રિય હોય છે. આ સ્થિતિ દરેક શરાબીને ગેસ અને અપચા દ્વારા હમેશાં તકલીફમાં રાખે છે. કોમ્પ્યુટરની જેમ કામ કરતી પાચનતંત્રની સુંદર વ્યવસ્થા પણ નાશ પામે છે. જો કે એક તંદુરસ્ત માનવ શરીર દરેક તે વસ્તુને પચાવી લે છે જેની તેને જરૂરત હોય છે. આ ક્રિયા પાચનતંત્રને વિશેષ નિર્દેશો દ્વારા સંચાલિત થાય છે પરંતુ અધિકતમ અને સતત શરાબનું સેવન કરવાવાળાઓમાં આ સિસ્ટમ સંપૂર્ણતઃ નષ્ટ થઈ જાય છે અને પાચન ક્રિયા આડેધડ ચાલતી રહે છે. તેનું પરિણામ સ્થુળતા (Fatness)ના રૂપમાં જાહેર થાય છે. એટલા માટે કે જરૂરતથી અધિક પાચનક્રિયા, કોશિકાઓની વચ્ચેની જગ્યા (Interstices)માં ચરબીનો સંગ્રહ કરે છે. ચરબીનો આ મોટો જથ્થો હૃદયના સ્નાયુ તંત્ર પરની મ્યોકાર્ડિક પેશીઓ (Myo cardic Tissue) પર છવાઈ જાય છે અને આ રીતે ખતરનાક હૃદય રોગોનું કારણ બને છે.

શરાબની સૌથી બુરી અસર લીવર પર થાય છે. ઈન્સાની જિગર તે સંવેદનશીલ લેબોરેટ્રી છે જે શરાબના પ્રત્યેક નાનામાં નાના અંશને ઝેરની જેમ મેહસૂસ કરે છે. જિગર પર શરાબની અસર બે રીતે થાય છે :–

(૧) શરાબના સેવનથી લીવરની કોશિકાઓ આલ્કોહોલને નષ્ટ કરવાના કાર્યમાં પૂરી રીતે વ્યસ્ત થઈ જાય છે. આ રીતે તે પોતાના બીજા કાર્યોને બિલકુલ નજરઅંદાઝ કરી દે છે.

(૨) શરાબની આડઅસરના કારણે લીવરની અત્યંત સંવેદનશીલ રાસાયણિક પ્રતિક્રિયાઓ અસ્ત વ્યસ્ત થઈ જાય છે. જેના કારણે લીવરને એક જ કાર્ય વારંવાર કરવું પડે છે, અને આ રીતે સતત બિન જરૂરી મહેનતના કારણે લીવરમાં કમજોરી આવી જાય છે.

આ આડઅસરો લીવર માટે ભયાનક પરિણામો ઉપજાવે છે, તેમનામાંથી એક લીવરનું સંકોચન (Cyrrhosis) છે જે એ વાતનું સબૂત હોય છે કે જિગર સંપૂર્ણ બરબાદ થઈ ગયું છે. શરાબનું સેવન એક એક કરીને લીવરના દરેક કાર્યને નષ્ટ કરી શકે છે.

એમનામાંથી એક કાર્ય તો એ છે કે જિગર એવા પદાર્થો ઉત્પન્ન કરે છે જેમનાથી લોહી બને છે. શરાબના કારણે જિગર તેમને ઉત્પન્ન નથી કરી શકતું અથવા ઘણું ઓછું થાય છે. એ જ કારણસર શરાબની આદતવાળા લોકો અંદરથી કમજોર (Anaemic) હોય છે અર્થાત તેમનામાં લોહીની કમી હોય છે. ભલે લોહીની નસોના ખુલવા અથવા વધવાના કારણે તેમના ચેહરા સ્વસ્થ અને તંદુરસ્ત દેખાય છે, પરંતુ તેમના હાડકાંઓના ગુર્દા (અસ્તિવ મજની) (Bone Marrow) નષ્ટ થઈ ચૂક્યા હોય છે, એટલે કે હકીકતમાં લોહી બનવાની પ્રક્રિયા સમાપ્ત અથવા ઘણી જ ઓછી થઈ ચૂકી હોય છે.

તદ્ઉપરાંત શરાબનું સેવન કરનારાઓમાં રોગપ્રતિકારક વિવિધ પ્રકારના ગ્લોબ્લિન, ખાસ કરીને ઈમ્યુનો ગ્લોબ્લિન ઉત્પન્ન કરવાની લીવરની શક્તિ ખતરનાક રીતે ઓછી થાય છે. પરિણામે, એ લોકોમાં રોગપ્રતિકારક શક્તિ ઓછી થતી જાય છે.

શરાબના કારણે પણ ક્યારેક લીવર અચાનક કામ કરવાનું બંધ કરી દે છે. આ સ્થિતિમાં શરાબી બેહોશીની હાલતમાં જ મૃત્યુ પામે છે. તેને જિગરનું દિવાલીયાપણુ (Liver Bankruptey) કહેવામાં આવે છે. લીવરના સંબંધે એક પણ દૃષ્ટાંત એવું નથી મળતું જેમાં તેના પર શરાબની હાનિકારક અસરનું સબૂત ન મળતું હોય.

**રક્ત પ્રવાહ** (Blood Circulation) **પર શરાબની અસર** : રક્ત પ્રવાહ પર શરાબની અસર બે રીતે થાય છે. (૧) જિગર પર અસર દ્વારા ડાયરેક્ટ. (૨) હૃદયની પેશીઓ, જેમને મ્યોકાર્ડિક પેશીઓ (Myo cardic tissue) કહેવામાં આવે છે તેમના પર ઈન્ડાયરેક્ટ અસર દ્વારા. લીવર જે લોહીમાં ચરબીને ઓગાળવામાં મહત્વનો રોલ અદા કરે છે તેમાં કમજોરી અને ખરાબી પેદા થાય છે, જેના પરિણામે રક્તવાહિનીઓ કઠણ થઈ જાય છે જેને Arteriosclerosis કહેવામાં આવે છે, તેનાથી બ્લડ પ્રેશર (Hypertension)નો રોગ થાય છે. બીજી બાજુ આલ્કોહોલના ઝડપથી બળી જવાની પ્રક્રિયાના કારણે રક્ત પરિભ્રમણની વિશેષ પદ્ધતિમાં ગડબડ ઉભી થાય છે, તેનાથી હૃદયમાં થાકની સમસ્યા થાય છે. તે સિવાય શરાબના કારણે હૃદયમાં ચર્બીના કણ જમા થઈ જાય છે અને તંત્રિકા પ્રણાલી (Nervous System) પર હાનિકારક અસરો દ્વારા હૃદયની પ્રક્રિયામાં બાધા ઊભી થાય છે. એ સાબિત થઈ ચૂક્યું છે કે શરાબની આદતવાળા લોકો અંતમાં ક્યાં તો Cyrrhosis ના કારણે અથવા હાર્ટ ફેલ થવાના કારણે મૃત્યુ પામે છે.

જે વ્યક્તિ હૃદય રોગમાં સપડાયેલ હોય તેના માટે શરાબનું એક ટીપું લેવું પણ એવું છે જાણે તેને પોતાના જીવનની કોઈ પરવા નથી અને ન તેને પોતાના શરીરના કોઈ અવયવના નુકસાનની કોઈ ચિંતા છે. શરાબના રસિયા અમુક લોકોનું એ પણ કહેવું છે કે થોડી અને યોગ્ય માત્રામાં શરાબ પીવાથી હાર્ટ એટેકમાં લાભ થાય છે. જાહેરમાં તો આ શરાબના ફાયદાઓમાંથી એક જણાય છે પરંતુ વૈજ્ઞાનિક દષ્ટિએ તેનું કોઈ મહત્વ નથી.

શરાબથી કિડનીને પણ નુકસાન થાય છે, કિડની Valence પણ ચારણીનું કામ કરે છે પરંતુ શરાબ તેમાં પણ અસર કરે છે. જે શરાબોમાં આલ્કોહોલની માત્રા ઓછી હોય છે તે કિડની માટે અધિક હાનિકારક હોય છે, એટલા માટે જ અધિક પ્રમાણમાં બિયર

પીવાવાળાઓની કિડની અધિકતમ ખરાબ હોય છે.

Limphatic સિસ્ટમનું માનવ શરીરમાં ઘણું મહત્વ છે. શરાબથી આ સિસ્ટમની લોહીવાળી નળીઓને ખૂબ જ નુકસાન પહોંચે છે. તેમાં (lipid) ની ભૂમિકા અગત્યની હોય છે. શરાબની હાનિકારક અસર આ સુરક્ષા પ્રદાન કરતી સિસ્ટમને નષ્ટ કરી દે છે.

**Nervous System પર શરાબની અસર :** શરાબ કોશિકાઓની બારીક પરતમાં પ્રવેશી જાય છે જે Lipid ની સુરક્ષામાં હોય છે, આ રીતે Electrical Communication System માં રૂકાવટ આવે છે. શરાબ Nervous System ને દિન પ્રતિ દિન નુકસાન પહોંચાડે છે, શરૂ શરૂમાં શરાબની અસર સામાન્ય પણ હોય તો પણ તેની ખરાબ અસરો શરૂથી થવા લાગે છે જેથી અમુક લોકોનો એ દાવો કે અમને તો શરાબથી નશો નથી થતો અથવા અમારા પર શરાબની અસર નથી થતી એ કેવળ પોતાને ધોકો આપવા સમાન છે.

શરાબના કારણે Delirium, (ચિત્તભ્રમણા, સનેપાટ) Tremen (કંપન), Plyneuritis અને વિટામીન **B1**ના અભાવે દિમાગી અસંતુલન જેવી બિમારીઓ થાય છે. શરાબમાં ચરબીને ઓગાળવાની ક્ષમતા હોય છે તે Reproductive Cells માં પ્રવેશીને તેમને ઘણું નુકસાન પહોંચાડે છે, તેના આમ ઉદાહરણોમાં નવી પેઢીમાં બુધ્ધિમત્તાની કમી અને Dystrophy (કુપોષણ) સામાન્ય છે. ઘણા અભ્યાસ અને સર્વેમાં એ હકીકત સ્પષ્ટ થઈ છે કે ઓછી બુધ્ધિમત્તાવાળા બાળકોના માતાપિતા અધિકતમ શરાબનું સેવન કરતા હતા. એ પણ જોવા મળ્યું છે કે શરાબ Egg cell (અંડકોશિકા)ને પણ નુકસાન પહોંચાડે છે. પરિણામે શરાબનું સેવન કરતી સ્ત્રીઓના બાળકો દિમાગી અથવા દિલી સદમા (shock) તથા ઝટકાનો ભોગ બની જાય છે. શરાબનું સેવન કરતા પિતા તરફથી આવી ઘટનાઓનું પ્રમાણ ત્રીસ ટકાથી અધિક હોય છે.

**શરાબની સોસાયટી પર અસર :** એ હકીકત વારંવાર સાબિત થઈ ચૂકી છે કે શરાબ કઈ રીતે સમાજિક સંબંધો પર અસર કરે છે, શરાબથી સમાજ પર જે અસરો થાય છે તેમાંથી અમુક નીચે પ્રમાણે છે :

(૧) જલ્દી નારાઝગી અથવા તુરંત ક્રોધિત થવાના કારણે શરાબીઓ ઝગડાઓમાં ઘેરાયેલા રહે છે.

(૨) શરાબના કારણે અસંખ્ય તલાકોના બનાવો સમાજના બુનિયાદી ઢાંચાને હચમચાવી દે છે અને પરિણામે કેળવણીના અભાવે અપરાધી સોચ ધરાવતા બાળકોની વધતી સંખ્યાના કારણે સમાજ ખતરનાક હદે પ્રભાવિત થાય છે.

(૩) શરાબના કારણે વિવિધ ક્ષેત્રોમાં કામ કરતા કારીગરો, મજદૂરો અને વર્કરોમાં બેદિલી અને સુસ્તીનું પ્રમાણ વધતું જાય છે, આ રીતે તેમની કુશળતા અને મહારત પર અસર પડે છે, છેવટે આ નુકસાન સમાજ સુધી પહોંચે છે.

(૪) શરાબના કારણે ઈન્સાનોમાં એક બીજા પ્રતિ હમદર્દી અને સહાનુભૂતિનો અભાવ ઉદભવે છે. તેનું પરિણામ એ આવે છે કે સામાજિક એકતા અને કોમી સમસ્યાઓના નિવારણ માટે નો જઝબો સદંતર ખત્મ થઈ જાય છે.

અત્રે શરાબથી થતી સમસ્યાઓમાંથી અમુક જ વર્ણવામાં આવી છે, અને આ તે સમસ્યાઓ છે જેમનાથી પશ્ચિમી સંસ્કૃતિમાં રહેતા લોકો એટલી હદે ચિંતિત છે કે તેમણે હુકૂમતોને આ દિશામાં પગલાં લેવાની માગ કરી છે કે જો આ જ રીતે શરાબનો ઉપયોગ વધતો રહ્યો તો એ દેશોના લોકોમાંથી કોમી જઝબો બિલ્કુલ લુપ્ત થઈ જશે.

શરાબની સમસ્યા સભ્ય સમાજોની બુનિયાદોને ઉધઈની જેમ ધીરે ધીરે બર્બાદ કરી રહી છે, જ્યારે કે અલ્લાહ તઆલાએ ઈસ્લામી સમાજને સદીઓથી એ બુરાઈથી બચાવી રાખ્યો છે.

## Ask The Imam

**લેસ્ટર** : યુ. કે. ખાતે તા. ૧–૯–૨૦૨૩ના રોજ મગરિબ બાદ લેસ્ટર ઈસ્લામિક સેન્ટર, સધર લેન્ડ સ્ટ્રીટ મસ્જિદમાં **Ask The Imam** નામથી એક ખૂબ જ મહત્વનો દીની સવાલ જવાબનો અનોખો પ્રોગ્રામ અંગ્રેજી ભાષામાં રાખવામાં આવ્યો. જેની સરબરાહી ડો. હાફિઝ અત્હર હુસૈન અલ અઝહરી સાહબ તેમજ મુફતી મુહમ્મદશાકિર મિસ્બાહીએ કરી. મહત્વની વાત એ છે કે આ પ્રોગ્રામમાં જવાબ આપનાર ઉલમા બધા જ નવયુવાન યુ.કે. બોર્ન હતા. ઘણા મહત્વના સવાલો જેમ કે IVF, પોતાના માટે જીવનસાથી કઈ રીતે શોધવો, ક્રિસ્ટો કરન્સી, ટ્રાવેલ ઈન્સ્યૂરન્સ અને ઈસ્લામિક મોરગેજ ઉપરાંત ઘણા સવાલો મોટી સંખ્યામાં મસ્જિદમાં હાજર યુવાનો, વડીલો, બાળકોએ પણ કર્યા હતા. જવાબો આપનાર નવયુવાન ઉલમામાં મૌલાના શોએબ અલ્તાફ (સેન્ટ્રલ મસ્જિદ), મૌલાના શાહિદ (ફયઝે રઝા મસ્જિદ), મૌલાના અબ્બાસ (મસ્જિદે બિલાલ), મૌલાના અફરાઝ, મૌલાના મુહમ્મદ હુસૈન (ફયઝે રઝા–મસ્જિદ), મૌલાના જવ્વાદ, મૌલાના ઓબૈદ તથા હાફિઝ ઝુલ્કરનૈન વગેરેએ ઉપસ્થિત રહીને હાજરજનોએ પૂછેલા સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા. મોટી સંખ્યામાં લોકોએ અને ખાસ કરીને નવયુવાનોએ હાજરી આપી. લગભગ બે કલાક ચાલેલા આ પ્રોગ્રામમાં ખૂબ જ ઈલ્મી માહોલ જોવા મળ્યો હતો. (આયોજકો તથા સર્વ ઉલમાને મુબારકબાદ !)

*–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

- **દયાદરા** : ખાતે હાજી સુલેમાનભાઈ ઈબ્રાહીમ મૂસા ભાંડીયાનો તા. ૨૮–૮–૨૦૨૩ને મુ. ચાંદ ૧૦ સફર ૧૪૪૫ને સોમવારના રોજ ઈન્તેકાલ થઈ ગયો છે.
- **ઈખર** : ખાતે હાફિઝ ઈમરાન અલી લુણશેઠનો તા. ૧–૮–૨૦૨૩, મુ. ચાંદ ૧૩ મુહર્રમુલ હરામ હિ.સ.૧૪૪૫ને મંગળવારના રોજ ઈન્તેકાલ થયો છે.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**મેમણ યુવક, ઉમર વર્ષ ૨૩, B.A.M.S. ડોક્ટર માટે દીનદાર, સુન્ની બરેલ્વી ઘરની દીનદાર પર્દાનશીન છોકરી જોઈએ છે.**

**યોગ્ય પાત્ર સંપર્ક કરો** : Mo. 7043111255, 9424764411

• • •